
# આતમ રૂપાળા ખેલ નિરાળા



પ.પૂ.ગ.આ. શ્રીમદ્ વિજયજયઘોષસૂરીશ્વરજી મ.સા.

।। શ્રી પ્રેમ-ભુવનભાનુસૂરીશ્વરજીગુરૂભ્યો નમઃ ।।

JITENDRA-GALA-

# આતમ રૂપાળા ખેલ નિરાળા

❖ લેખક ❖

વર્ધમાનતપોનિધિ સ્વ. પ.પૂ.આ. શ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ. ના પટ્ટાલંકાર સિદ્ધાંતદિવાકર કલિકાલભાવજ્ઞ ગચ્છાધિપતિ

પ.પૂ.આ. શ્રી વિજયજયઘોષસૂરીશ્વરજી મહારાજા

✻ સંપાદક ✻

પ.પૂ. મુનિશ્રી સત્યકાંતવિજયજી મહારાજ

✻ પ્રકાશક ✻

શ્રી દિવ્યદર્શન ટ્રસ્ટ

૩૯, કલિકુંડ સોસાયટી, મફલીપુર ચાર રસ્તા,

ધોળકા-૩૮૭૮૧૦

વીર સંવત નકલ ૧૦૦૦ વિક્રમ સંવત

૨૫૨૭ મૂલ્ય : રૂા. ૩૦.૦૦ ૨૦૫૭


જ્ઞાનપ્રભાવનાના રાગી
બન્યા લાભના લાગી

એક સદ્‌ગૃહસ્થ


**પ્રાપ્તિ સ્થાન**

૧) દિવ્યદર્શન ટ્રસ્ટ
૩૯, કલિકુંડ સોસાયટી, મફલીપુર ચાર રસ્તા,
ધોળકા-૩૮૭ ૮૧૦.

---

૨) લાલભાઇ ત્રિકમભાઇ
૪૫૬, શાંતિનાથની પોળ, હાજાપટેલની પોળમાં,
અમદાવાદ-૩૮૦ ००૧.

---

૩) અરવિંદભાઇ જે. શાહ
૮૯, શેખ મેમણ સ્ટ્રીટ, બીજે માળે,
મુંબઇ-૪૦૦ ००૨.

મુદ્રક : રાજુલ આર્ટસ, ઘાટકોપર-મુંબઇ
ફોન : ૫૧૪ ૯૮૬૩, ૫૧૧ ००૫૬

# જ્ઞાનયોગીની કલમે
# જ્ઞાનયોગના પ્રયોગો

મહોપાધ્યાય યશોવિજય મહારાજ એટલે જૈનશાસનનું ઝળહળતું ઝવેરાત. આધ્યાત્મિક પુરુષોમાં તેમનું સ્થાન યુગોના યુગો સુધી મોખરે રહેશે. તેઓ ત્યાગી હતા, વૈરાગી હતા, સાધુ હતા, અભ્યાસી હતા, જ્ઞાની હતા, ક્રિયાપ્રાણ હતા, તાર્કિક હતા, આગમિક હતા, દાર્શનિક હતા, સ્વપરસમયરહસ્યવેદી, ધ્યાની હતા, ભક્ત હતા એમ ઉચ્ચપદના જ્ઞાનયોગી હતા.

યોગવિંશિકા, જ્ઞાનસાર, અધ્યાત્મ ઉપનિષત્, અધ્યાત્મસાર આ બધા ગ્રન્થો એ એમના અન્તસ્તલના અખૂટ યોગવૈભવના સાક્ષીભૂત છે.

જ્ઞાનસાર એ પૂ. ઉપાધ્યાયજી મ. ની જ્ઞાન-સંયમની પરાકાષ્ઠાના પરિપાકથી નિષ્પન્ન કૃતિ ગણાય છે. અધ્યાત્મસાર એ જ્ઞાનસાર કરતાં પણ અપેક્ષાએ વધુ પાકટ પરિપાકથી નિષ્પન્ન કૃતિ છે. અધ્યાત્મનો સાંગોપાંગ અને વ્યાપક બોધકારક, બુદ્ધિ અને હૃદય ઉભયતુષ્ટિકારક આ ગ્રન્થ છે. એમાં સાત પ્રબન્ધોમાં કુલ ૨૧ અધિકારો અને ૯૪૮ શ્લોકો છે.

અસદ્ગ્રહત્યાગી માટે ઉત્તરોત્તર આત્મસાધનામાં પ્રગતિ કરવા માટે ત્રીજા પ્રબન્ધના ૧૫મા અધિકારમાં પૂ.ઉપા. મહારાજે 'યોગ' તત્ત્વનું વિશદ વિવરણ કર્યું છે. ક્રિયાયોગનું વિવરણ બીજા અધિકારમાં પૂર્વે કરેલું હોવાથી આ અધિકારમાં જ્ઞાનયોગની માર્મિક મીમાંસા કરી છે. 'આત્મજ્ઞાન' વગર મોક્ષ નથી એ તો સૌ કોઇ અધ્યાત્મવાદીઓ સ્વીકારે છે. પરંતુ વાસ્તવિક 'આત્મજ્ઞાન' કોને કહેવાય-એનું વર્ણન વાંચતા લાગે કે આજે શુષ્ક (પોતાને પાંચમા ફિરકા તરીકે ઓળખાવનારા)

અધ્યાત્મવાદીઓ આ અધિકાર સારી રીતે સમજી લે તો જરૂર અનેક ભ્રમણાઓમાંથી બહાર આવી શકે. વિશેષે કરીને આત્મજ્ઞાની એવા જ્ઞાનયોગી પુરુષના જે ૩૫ લક્ષણો દર્શાવ્યા છે તે જ્ઞાનયોગી બનવા ઝંખનારા મુમુક્ષુ-શ્રાવક-સાધુ-સાધ્વીઓને અત્યંત પ્રેરક બની રહે તેવા છે.

શ્રી સંઘના સદ્ભાગ્યે પૂજ્યપાદ ગચ્છાધિપતિ ગુરુદેવશ્રીની સારગ્રાહી ચકોર દ્રષ્ટિનું આ હકીકત ઉપર વ્યાજબી રીતે જ ધ્યાન ગયું. ઘણા વર્ષોથી પૂજ્યપાદશ્રી આ પ્રકારનું ગંભીર ચિન્તન કરી રહ્યા છે. આગમો-શાસ્ત્રો-યોગ-અધ્યાત્મના ગ્રન્થોમાં જે આવા સાધનાપ્રેરક વિરલ જ્ઞાન રસઝરણાઓ છે તેને શોધી શોધીને શ્રી સંઘને એના અદ્ભુત શાંતરસમાં નવડાવી રહ્યા છે જે આજના કાળમાં બીજાઓને માટે લગભગ સ્વપ્નતુલ્ય છે.

જ્ઞાનયોગીના ૩૫ લક્ષણો આત્મસાધનાના પિપાસુ માટે સાધનામાં પ્રગતિ કરવા અત્યન્ત ઉપયોગી બની રહે એવા છે. આ ગ્રન્થમાં આ ૩૫ લક્ષણો ઉપર જે ગંભીર અને ગહન ચિન્તન પ્રસ્તુત કર્યું છે તે ગાડરીયા પ્રવાહ જેવું નથી જ. પાને પાને આ ગ્રન્થમાં તેઓના શુદ્ધ માર્ગાનુસારી ચિન્તનના ચમકારા વાંચકો જોઇ શકે તેમ છે. દા.ત.

'ન પ્રહૃષ્યેત્ પ્રિયં પ્રાપ્ય' આ લક્ષણના વિવેચનમાં ઔદયિકભાવ, ક્ષાયોપશમિક ભાવના પ્રિયની પ્રાપ્તિમાં કઇ જાતની તત્વદષ્ટિ કેળવવી જોઇએ એની જે મીમાંસા કરી છે તે હૃદયસ્પર્શી છે. એ રીતે 'બ્રહ્મવિદ્'ની વ્યાખ્યામાં 'વિદ્' શબ્દથી શું સમજવાનું ? કેવા પ્રકારનું જ્ઞાન લેવાનું એ માટે પણ સુંદર છણાવટ કરેલી છે. તથા બ્રહ્મવિદ્ અને બ્રહ્મણિ સ્થિત: આ બે લક્ષણોનો જે તરતમભાવ શોધી દેખાડ્યો છે એ પણ જિજ્ઞાસુઓને તૃપ્ત કરનાર છે. આવા આવા સુંદર પદાર્થબોધક વિવેચનોથી આ આખો ગ્રન્થ સમૃદ્ધ બન્યો છે.

આજ સુધી તો જૈનો પૂજ્યશ્રીને બહુબહુ તો કર્મસિદ્ધાન્ત કે છેદસૂત્રો-આગમોના જ જ્ઞાતા તરીકે જાણતા હતા, પરંતુ પૂજ્યશ્રીનું યોગ અને અધ્યાત્મના ગ્રન્થોનું ચિન્તન-મનન-દોહન તો વર્ષોથી ચાલતું હતું. પરસ્પર અનેક મહાત્માઓની સાથે એની અંદર અંદર ચર્ચાઓ પણ થતી હતી, પરંતુ બીજા લોકોને એની ખબર પડતી ન હતી. હવે પૂજ્યશ્રીના આવા અમૂલ્ય ચિન્તનો બહાર આવી રહ્યા છે તે જિજ્ઞાસુઓને માટે અતિ આનંદનો વિષય છે જ. પણ સાથે આવા ચિન્તનોને બહાર પ્રજા સુધી પહોંચાડવાનું કાર્ય કરનારા સમ્પાદક-પ્રકાશકોને પણ ધન્યવાદ ઘટે, છે નહીં તો એમના આ પ્રયાસ વગર પ્રજા આવા ઉત્તમ માર્ગદર્શક પ્રેરક ચિન્તનોથી વંચિત જ રહી જાત.

પ્રાન્તે, અધિકૃત જિજ્ઞાસુ સજ્જનો આ ગ્રન્થ દ્વારા જ્ઞાનયોગી બની અયોગી બને એવી પવિત્ર કામના.

...પંન્યાસ જયસુંદરવિજય
(નૂતન આચાર્યશ્રી)

।। શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ ।।
।। શ્રી પ્રેમ-ભુવનભાનુ-જયઘોષસૂરિ સૂર્યકાંતવિજયગુરૂભ્યો નમઃ ।।

# પ્રગટી કરૂણાહિમાલયથી જ્ઞાનગંગાની અનુપમ ધારા

ગર્ભશ્રીમંતોના જ બાળકો ભણવા આવે એવી અત્યંત પ્રતિષ્ઠિત માધ્યમિક સ્કુલની વાર્ષિક પરીક્ષામાં નિબંધ પુછાયો-એક ગરીબનું ઘર...

એક બાળકે નિબંધમાં લખ્યું-ગરીબનો બંગલો ખખડી ગયેલો હતો, તેની ગાડી જૂની હતી, ફ્રિજ બગડી ગયું હતું, કપડા જૂની ફેશનના હતા ઇત્યાદિ...

શ્રીમંતને દરિદ્રના ઘરની વાસ્તવિક કલ્પના નથી હોતી. તેવી જ રીતે ભિખારીને શ્રીમંતના ઘરની કલ્પના આવી શકતી નથી...એ દોરને આગળ લંબાવીએ તો એમ કહી શકાય કે અજ્ઞાની, ધર્મરહિત, વિષયાસક્ત જીવોને જ્ઞાનયોગી, ધર્મનિષ્ઠ, વૈરાગી આત્માની માનસિક અવસ્થાનો કોઇ ખ્યાલ જ નથી હોતો...અધ્યાત્મસારના શ્લોકોના આધારે દાદાગુરુદેવ પ.પૂ. સિદ્ધાંતદિવાકર ગીતાર્થશિરોમણિ ગચ્છાધિપતિ આચાર્યદેવ શ્રીમદ્ વિજયજયઘોષસૂરીશ્વરજી મહારાજે જ્ઞાનયોગીની આત્મપરિણતિનું અદ્ભૂત દિગ્દર્શન કરાવ્યું છે.

અંધારામાં માણસ ગમે ત્યાં બેસી શકે, પરંતુ અજવાળું થતા ખ્યાલ આવે કે જ્યાં બેઠો છે ત્યાં ગંદકી છે તો એક મિનિટ પણ બેસી ન શકે તેમ અજ્ઞાનવ્યાપ્ત આત્મા ગમે તેવા વિચાર, ઉચ્ચાર કે આચાર

ફોરવી શકે પરંતુ જ્ઞાનયોગી આત્મા અસદ્ વિચાર-ઉચ્ચાર-આચાર કદી સેવી ન શકે.

જ્ઞાનયોગીની મન:સ્થિતિ અને આત્મપરિણતિ બન્ને ખૂબ જ ઉચ્ચ કક્ષાના હોય છે. ભરચક આંબાવડિયામાં બેઠેલા માનવને ઉનાળાનો તાપ લાગતો જ નથી તેમ પ્રભુવચનોના ચિંતનમાં મગ્ન આતમને સંક્લેશોની ઝાળ સ્પર્શી શક્તી નથી અને કદાચ તેની ઝાળ નજીક આવે, સ્પર્શે તો પણ વિશેષ કોઇ અસર થતી નથી...માનસરોવરના રાજહંસને જેમ મોતીના ચારા સિવાય જગતના ઉંચામાં ઉંચા પદાર્થો સ્પર્શી શકતા નથી તેમ જ્ઞાનયોગીને આત્મરમણાતા અને જિનવચનમગ્નતા સિવાય કોઇ તત્વ લોભાવી શકતું નથી...ન વિષયો; ન કષાયો, ન સંકલેશો-ન સંઘર્ષ, ન આસક્તિ-ન અપેક્ષા...આખા જગતને રમાડનાર, સંસારમાં ભમાવનાર તત્વોમાંનું કોઇ પણ તત્વ જ્ઞાનયોગી પાસે બુઠ્ઠું બની જાય છે.

સાધના માટેના ભક્તિયોગ, ક્રિયાયોગાદિ યોગોમાં જ્ઞાનયોગને સર્વશ્રેષ્ઠ બતાવ્યો છે. મીંડા આગળના એકડાની જેમ જ્ઞાનયોગ જે યોગને સ્પર્શે તેની તાકાત અનેકગણી વધારી દેતો હોય છે...

અનુભવપૂત આત્મા સિવાય આ જ્ઞાનયોગનું વિશદ્ વર્ણન કોઇ ન કરી શકે. આપણા સહુના સદ્‌ભાગ્યે સ્વયં જ્ઞાનયોગી પૂજ્યશ્રીએ આ વિષયને છેડીને એવું અદ્‌ભૂત તત્વનિરુપણ આપ્યું છે કે જેને વર્ણવવા આખો શબ્દકોશ ટુંકો પડે. અહીં પાને પાને પ્રેરણાસભર ચિંતન કંડિકાઓ મળશે તો જિનવચનના રહસ્યાર્થો પણ પ્રાપ્ત થશે, મુક્તિ મંઝિલની નિકટ લઇ જતી સાધના કેડી પ્રાપ્ત થશે તો આંતર-બાહ્ય ઝંઝાવાતોથી બચવા માટે દીવાદાંડી સમી ચેતવણીઓ પણ મળશે. જાતને

નિરખવાનું દર્પણ પણ મળશે તો કો'ક છાના ખૂણે છુપાયેલા સાધનાના દિવ્યરત્નોને ઓળખવા બિલોરી કાચ પણ મળશે...

આમ ગાગરમાં સાગર ભરીને આવેલું આ અનોખું પુસ્તક ઝઝા હાથ રળિયામણા એ ન્યાયે અનેક પુણ્યાત્માઓના સહકારથી આપણા સુધી પહોંચ્યું છે. પ.પૂ. તર્કસમ્રાટ્ પંન્યાસપ્રવરશ્રી જયસુંદર-વિજયજી ગણિવરશ્રીએ અત્યંત વ્યસ્તતા વચ્ચે પણ માર્મિક પ્રસ્તાવના લખી આપી સોનામાં સુગંધ ભેળવી છે.

પ્રેસકોપી કરવામાં પણ અનેક મહાત્માઓનો સાથ મળ્યો છે. અને પુસ્તક પ્રકાશનના આદિથી અંત સુધી મળેલ મુનિશ્રી સંયમબોધિવિજયજી મ.નો સહયોગ કેમ ભૂલી શકાય ?

સ્વચ્છ-સુઘડ અને ઝડપી પ્રિન્ટીંગ દ્વારા રાજુલ આર્ટસની બંધુ-બેલડીએ ભક્તિના સુંદર રંગો પૂર્યા છે.

અંતે 'વો કહતે કાનોં સુની, મૈં કહેતા આંખ ન દેખી' ન્યાયે સ્વયંના અનુભવના અમૃતથી રસાયેલ પ્રસ્તુત પુસ્તક આપણા જીવનમાં જ્ઞાનનો ઉજાશ ફેલાવે, અનંત કાળના દુર્ગુણો-દોષોના અંધારા ઉલે-ચાવે અને દીપસે દીપ જલેના ન્યાયે સહુને જ્ઞાનયોગી બનાવી અનંતજ્ઞાનના શિખરો સધાવે એવી અભિલાષા સહ...

✍...સત્યકાંતવિજય...

પ.પૂ. ન્યાયાચાર્ય
મહોપાધ્યાયશ્રી **યશોવિજયજી** ગણિવર્ય
વિરચિત **અધ્યાત્મસાર**

# ૧૫ योगाधिकार

न प्रहृष्येत् प्रियं प्राप्य, नोद्विजेत्प्राप्य चाप्रियम् ।
स्थिरबुद्धिरसंमूढो, ब्रह्मविद् ब्रह्मणि स्थितः ॥४५॥

अर्वाग्दशायां दोषाय, वैषम्ये साम्यदर्शनम् ।
निरपेक्षमुनीनां तु, रागद्वेषक्षयाय तत् ॥४६॥

रागद्वेषक्षयादेति, ज्ञानी विषयशून्यतां ।
छिद्यते भिद्यते वाऽयं, हन्यते वा न जातुचित् ॥४७॥

अनुस्मरति नातीतं, नैव काङ्क्षत्यनागतम् ।
शीतोष्णसुखदुःखेषु, समो मानापमानयोः ॥४८॥

जितेन्द्रियो जितक्रोधो, मानमायानुपद्रुतः ।
लोभसंस्पर्शरहितो, वेदखेदविवर्जितः ॥४९॥

संनिरुध्यात्मनात्मानं, स्थितः स्वकृतकर्मभिद् ।
हठप्रयत्नोपरतः, सहजाचारसेवनात् ॥५०॥

लोकसंज्ञाविनिर्मुक्तो, मिथ्याचारप्रपञ्चहृत् ।
उल्लसत्कण्डकस्थानः, परेण परमाश्रितः ॥५१॥

श्रद्धावानाज्ञया युक्तः शस्त्रातीतो ह्यशस्त्रवान् ।
गतो दृष्टेषु निर्वेद-मनिह्नुत पराक्रमः ॥५२॥

निक्षिप्तदण्डो ध्यानाग्नि-दग्धपापेन्धनव्रजः ।
प्रतिस्त्रोतोऽनुगत्वेन, लोकोत्तरचरित्रभृत् ॥५३॥

लब्धान् कामान्बहिष्कुर्व-न्नकुर्वन्बहुरुपताम् ।
स्फारीकुर्वन् परं चक्षु-रपरं च निमीलयन् ॥५४॥

पश्यन्नंतर्गतान् भावान्, पूर्णभावमुपागतः ।
भुञ्जानोऽध्यात्मसाम्राज्य-मवशिष्टं न पश्यति ॥५५॥

# જ્ઞાન ઘાટ -જ્ઞાનગંગામાં પ્રવેશ

જગતના બધા પદાર્થો બે વિભાગમાં વહેંચાય-જીવ, અજીવ. જીવો સિવાયની બધી જ વસ્તુઓ અજીવ-જડ છે અને એ પ્રધાનતયા જીવના ઉપયોગમાં આવે છે. જો જીવો ન હોય કે જીવોના ઉપયોગમાં ન આવતી હોય તો એ વસ્તુઓનું વિશેષ મહત્વ નથી.

જીવો બે પ્રકારના છે-સંસારી અને મુક્ત. એમાં મુક્ત આત્માઓ સર્વ ગુણો અને સર્વ શક્તિથી પરિપૂર્ણ હોવા છતાં પુદ્‌ગલના વ્યવહારથી સંપૂર્ણપણે મુક્ત અને કાયમી સ્થિર હોવાથી એ પણ બહુધા વ્યવહારનો વિષય નથી બનતા, એમને કોઇ ચીજ વિશેષ ઉપયોગી નથી બનતી.

સંસારી આત્મા ૩ પ્રકારના છે. ૧) **જીવન્મુક્ત** એટલે કૈવલ્યાવસ્થા પામેલા. શુદ્ધ આત્મસ્વરુપનું ઘણા-ખરા અંશે વેદન કરનાર, સિદ્ધયોગીપણાને પામેલા જીવો...

૨) **આધ્યાત્મિક અવસ્થાવાળા** એટલે કે પાપને સમજનારા, તેના કારણોને જાણનાર અને શુદ્ધ આત્માના સ્વરુપને આંશિક અનુભવનાર, તેના માટે પ્રયત્ન કરનાર, યોગમાર્ગપ્રવિષ્ટ જીવો...

૩) જેની બધી પ્રવૃત્તિઓનું લક્ષ્ય ભૌતિક-પૌદ્‌ગલિક છે, જે વિષય-કષાયોથી સતત વ્યાપ્ત અને વ્યાકુલ છે તેવા **ભવાભિનંદી** જીવો...

આમાં ત્રીજા પ્રકારના જીવો અધ્યાત્મ માટે એટલે કે યોગ માટે હજુ યોગ્યતા પામ્યા નથી. તેને બહિરાત્મા-ભવાભિનંદી-અચરમાવર્તકાળ-સ્થિતપ્રાય: કહેવાય છે. આ આત્માઓ જે કાંઇ ધર્મ-પુણ્ય કરે તે યોગરૂપ ન હોય, સાનુબંધ ન બને, વિશિષ્ટ-પ્રબળ ન થાય.

**જે જીવો શ્રી સર્વજ્ઞ જિનેશ્વરદેવોના વચન ઉપર પ્રેમવાળા છે અને તેમના વચનને લક્ષમાં લઇને જે કાંઇ ધર્મકરણી કરે છે તેને કર્મયોગ કહેવાય છે.** તે પાપક્ષયનું-પુણ્યબંધનું અને જ્ઞાનયોગનું કારણ બને છે. વિશિષ્ટ જ્ઞાનયોગ વિનાનાને આ યોગથી સ્વર્ગ મળે છે. પરંપરાએ જ્ઞાનયોગની પ્રાપ્તિ દ્વારા મોક્ષ મળે છે.

જૈનેતર દર્શનમાં પણ અજ્ઞાનપ્રધાનતા હોવા છતાં જેને વિષય-કષાયમાં હેયપણાની બુદ્ધિ જન્મી છે તેવા જીવો ઇન્દ્રિયનિગ્રહ-કષાયજય-તપ-ત્યાગ-દયા-દાન-કરુણા-સત્ય-અસ્તેય-બ્રહ્મચર્ય-પરિગ્રહસંકોચ કે પરિગ્રહત્યાગ વગેરે જે આચરે છે તે પણ અપુનર્બંધકાવસ્થાનો કર્મયોગ છે. **પ્રધાન કર્મયોગ પરમાત્મા શ્રી જિનેશ્વરદેવના શાસનમાં છે, અપ્રધાનકર્મયોગ જૈનેતરદર્શનમાં પણ હોય.**

આ કર્મયોગમાં પણ આંશિક આત્મશુદ્ધિ છે અને આત્મશુદ્ધિનો ઉદ્દેશ પણ રહેલ છે. આ ઉદ્દેશના કારણે જ તે યોગ બને છે. આ ઉદ્દેશ વગરના જીવોની સદ્ મન-વચન-કાયાની ક્રિયાઓ તે પુણ્યાશ્રવરૂપ છે. અને કાળપરિપક્વતાવાળા યોગ્ય આત્માઓને એ કર્મયોગનું કારણ પણ બને છે.

બીજા પ્રકારના જીવો પ્રારંભમાં કર્મયોગી હોય છે. પછી જ્ઞાનયોગી બને છે અને આગળ વધતા પ્રથમ પ્રકાર-સિદ્ધયોગી-કેવળીમાં પ્રવેશ પામે છે.

આ કર્મયોગ એટલે આશ્રવનિરોધ-પાપનિવૃત્તિની ક્રિયાઓ અને સંવરની ધર્મપ્રવૃત્તિની ક્રિયાઓ. આ બન્નેમાં બધા જ ધર્માનુષ્ઠાન અને પાપત્યાગના પ્રકારો સમાઇ જાય.

આ મન-વચન- કાયાની નિવૃત્તિ અને પ્રવૃત્તિમાં જ્યાં સુધી શુદ્ધ આત્માની રતિની, આનંદની, મોક્ષરુપ ધ્યેયની પ્રધાનતા નથી હોતી ત્યાં

સુધી એ કર્મયોગ હોય છે. જ્યારે આત્માની રતિની, આનંદની, મોક્ષરુપ ધ્યેયની મુખ્યતા થાય છે ત્યારે તત્વદ્રષ્ટિપણું આવે છે અને એ પ્રધાન જ્ઞાનયોગ બને છે. એની સાથે રહેલ ક્રિયા એ તેની અંતર્ગત રહેલો ગૌણ કર્મયોગ બને છે. અપ્રમતપ્રાય: મુનિને જ્ઞાનયોગ હોય છે. અહીં જે તત્વદૃષ્ટિના લક્ષણો-ગુણો બતાવ્યા છે તે જ્ઞાનયોગીના છે. આ **જ્ઞાનયોગ વૈરાગ્યની તીવ્રતાથી, શુદ્ધ આત્માની રતિથી અને મોહનીયક્ષયોપશમજન્ય આત્મગુણોના આંશિક અનુભવથી આવે છે.**

જે ક્રિયા જ્ઞાનની, જ્ઞાનદૃષ્ટિની ઉપેક્ષા કરે તે ક્રિયા તાત્વિક ક્રિયાયોગ નથી. તેથી **જ્ઞાનીને અનુસરવાની ઇચ્છા વગર, જ્ઞાન મેળવ્યા વગર, જ્ઞાનીની નિશ્રા વગર થતી ક્રિયા એ ક્રિયાયોગ નથી બની શકતો. તેવી જ રીતે જ્ઞાનવાળા પણ ઉચિત ક્રિયા, શક્ય ક્રિયા, વિવેક=ગુરુલાઘવની વિચારણાપૂર્વકની ક્રિયા વગરના ક્રિયાયોગરહિતને જ્ઞાનયોગ પણ નથી હોતો.** તેથી તત્વદ્રષ્ટિ અનુચિત-મોહ-અજ્ઞાન-રાગ-દ્વેષના આવેશવાળી ક્રિયા છોડાવીને ઔચિત્ય-વિવેક-વૈરાગ્યયુક્ત ક્રિયામાં પ્રવર્તાવે છે તેમ ક્રિયા પણ જ્ઞાનીની નિશ્રા અને જ્ઞાનની સાપેક્ષતા દ્વારા જ્ઞાન-યોગને અનુસરે છે.

**મોક્ષનું કારણ જ્ઞાનયોગ છે. જ્ઞાનયોગની ઉત્પત્તિ-સ્થિરતા-વૃદ્ધિનું કારણ ક્રિયાયોગ છે. ક્રિયાયોગનું કારણ પ્રભુના વચનની ભક્તિ છે. વચન અનુસાર શક્ય પ્રવર્તન, વચન-અભ્યાસ, વચન-પરિભાવન, આત્મદૃષ્ટિ-આત્મરતિ અને જ્ઞાનયોગની પ્રાપ્તિ આ ક્રમથી ક્રિયાયોગ જ્ઞાનયોગ સુધી પહોંચાડે છે.**

આ પુસ્તકમાં વર્ણવેલા લક્ષણોને અનુભવવા પ્રયત્ન કરનારને ક્રિયાયોગ સ્થિર થશે, જ્ઞાનયોગ વિકાસ પામશે, વૈરાગ્ય અસ્થિમજ્જા થશે. સંસારની મોહ-માયાનું અજ્ઞાન ઘટશે, ઉતરશે અને અંતરમાં વિવેકનો પ્રકાશ પથરાશે માટે આ લક્ષણોને આત્મસાત્ કરવા પ્રયત્ન કરવો...

# न प्रहृष्येत् प्रियं प्राप्य

**મનગમતું પ્રાપ્ત થતાં રાજી ન થવું...**

જે આનંદમાં અને દ્વેષમાં, રુચિ અને અરુચિમાં ફર્યા કરે છે, અટવાય છે તે આત્મા યોગીપણું વિશેષ પામ્યા નથી હોતા. જે આત્મા ઇષ્ટ વસ્તુ, વ્યક્તિ કે અવસ્થા પામીને આનંદ પામે છે તેવા આત્મામાં સમતા-સમાધિ-તત્ત્વદૃષ્ટિ-જ્ઞાનદૃષ્ટિનો વિશેષ વિકાસ થયો હોતો નથી. આવા આત્માઓ જો ધર્મ કરતા હોય તો તેને ક્રિયાયોગી કહેવાય. તેઓ પુણ્યના અધિકારી છે પણ ઉચ્ચ કોટિના ગુણના અધિકારી હજુ થયા નથી.

આ અવસ્થા પ્રાપ્ત કરતા માટે પ્રારંભમાં તુચ્છ-અલ્પ અને નાની નાની બાબતોમાં અનુકુળતા, ગમા-અણગમા વગેરે પર લક્ષ્ય ન આપવું. એ જ રીતે નાની નાની પ્રતિકુળતામાં ઉદાસ-દીન ન બનવું. બન્ને અવસ્થાઓમાં મનનું ધૈર્ય-સત્વ-સમત્વ-સ્વસ્થપણું આત્માના વીર્ય અને સમજણશક્તિથી જાળવવું.

આ રીતે સતત પ્રયત્ન કરનાર શરૂઆતમાં સામાન્ય-મામુલી ઔદયિક ભાવોમાં સમત્વ મેળવે છે. પછી આ રીતે સતત કરવાથી સત્ત્વ વિકસિત થતા વિશેષ-વિશેષતમ ઔદયિક ભાવોમાં પણ હર્ષ-શોક રહિતપણું-સમત્વ જાળવી શકે છે. **જેને જેની કિંમત નહીં ત્યાં એને હર્ષ-શોક થાય નહીં, કદાચ થાય તો તીવ્ર બને નહીં.** પૌદ્‌ગલિક ભાવનું મહત્વ જેમ જેમ ઘટતું જાય તેમ-તેમ તેનાથી થતો આનંદ અને ઉદ્વેગ પણ પહેલાં મંદ પડે અને ધીમે-ધીમે બંધ થાય. જ્યાં સુધી બંધ ન થાય ત્યાં સુધી રોકી શકાય-છોડી શકાય.

**રાગ-દ્વેષની તીવ્રતા જીવની સમજણશક્તિ-વિવેકશક્તિનો નાશ કરે છે, આવરી લે છે.**

જીવની સમજણ શક્તિ દ્વારા થતા સમતાના અભ્યાસથી રાગ-દ્વેષ તીવ્ર ન થતા મંદ-મંદતમ થાય છે. શાસ્ત્રદર્શિત તત્વદૃષ્ટિ-તત્વ વિચારણા દ્વારા નિરંતર પૌદ્‌ગલિક ભાવોને અપ્રધાનપણું આપતા રહેવાથી આ અવસ્થા કેળવાય છે અને જીવ વિશિષ્ટ ઔદયિકભાવોમાં પણ લેપાતો નથી. એજ રીતે અશુભ ઔદયિકભાવોમાં પણ જીવ તેવો વિહ્વળ થતો નથી, અકળાતો નથી. આ તત્વદૃષ્ટિ જેમ જેમ વિકસિત થાય તેમ તેમ ઔદયિક ભાવનું મહત્વ મન ઉપરથી નષ્ટ થાય છે.

એ પછી ક્ષયોપશમભાવના ગુણો જે અપૂર્ણ અને નાશવંત છે તેનાથી પણ જીવ પોતાની મહત્તા સમજતો-જોતો નથી. તેથી જ્ઞાનાવરણના ક્ષયોપશમની તીવ્રતામાં જીવ જ્ઞાનનો સદુપયોગ કરે પણ બીજા ઉપર અરુચિ ન કરે. પોતે ગર્વ પણ ન કરે કારણ કે પોતાના મૂળ સ્વરુપમાં જ્ઞાન ઘણું અધુરું છે. એ જ રીતે તત્વદૃષ્ટિવાળાને કોઇ કર્મના ઉદયથી ગાઢ અજ્ઞાન હોય તો પ્રયત્ન જરુર કરે પણ દીન ન બને. તેથી જ માસતુષ મુનિને દીનતા ન આવી તે તત્વદૃષ્ટિનો પ્રભાવ છે.

**અભિમાન આવે કે દીનતા આવે તે બન્ને ક્ષયોપશમભાવની પ્રધાનતાનું સૂચક છે. તેનાથી જીવની પ્રધાનતા આંકે છે તેથી સ્વરુપની-વીતરાગતાની-ક્ષાયિકભાવની ગૌણતા થાય છે આ તત્વદૃષ્ટિનો અભાવ છે. આત્માની પૂર્ણ શક્તિ આગળ ઔદયિક કે ક્ષયોપશમભાવની શક્તિઓ અનંતમાં ભાગે જ પ્રગટ થાય છે માટે તેની કોઇ મહત્તા જ નથી.**

બીજું-જીવને ગમો-અણગમો જેમ જેમ વધારે તેમ તેમ વૈરાગ્ય અને તત્વદૃષ્ટિપણું ઓછું છે. અને જેમ વૈરાગ્ય વધે-તત્વદૃષ્ટિ વિકસે તેમ ગમા-અણગમાનો ભાવ સહજપણે ઘટતો જાય છે.

**વૈરાગ્યની તીવ્રતા-મંદતા જીવનમાં વિકસેલી પૌદ્‌ગલિક રુચિ-અરુચિની તીવ્રતા-મંદતાના આધારે મપાય છે.** વૈરાગ્યાદિ આત્મગુણો અભ્યાસથી વિકસિત થાય. તે અભ્યાસ ક્રિયા-ચિંતન અને ભાવના રૂપ છે. માટે પૌદ્‌ગલિક રુચિનો ત્યાગ કરવો, એમાં આનંદનો નિગ્રહ કરવો.

જેમ ઇન્દ્રિયનો નિગ્રહ, કષાયનો નિગ્રહ કરવાનો તેમ મનમાં ઉભા થતા મોહજન્ય પ્રિયપણાના સંવેદનો-લાગણીઓનો નિગ્રહ કરવો-અટકાવવા-ઘટાડવા. તે જ રીતે અપ્રિયપણાની લાગણીઓને પણ ઘટાડવી. આ લાગણીઓને ઘટાડવાનો પ્રયત્ન તે યોગ છે.

જે લાગણીઓ ઘટાડવી હોય તેનાથી વિપરીત લાગણીઓનો પ્રયત્ન કરવો, તે વિપરીત લાગણીઓ ઊભી કરવી જેથી મૂળ લાગણી ઘટતી જાય. તપની લાગણી ઊભી કરીએ તો આહારની લાગણી ઘટે, સહનશીલતાની લાગણી ઊભી કરીએ તો સુખશીલતાની લાગણી ઘટે, જે લાગણી ઘટે તેના નિમિત્તે તેમાં ગમા-અણગમાની માત્રા ઘટે અને તેના કારણે આનંદ અને દુઃખના ભાવ-પરિણામ ઘટે, નાશ પામે. લાગણીઓ ઘટાડવાથી તત્વદૃષ્ટિ પ્રગટ થાય છે કારણ તત્વદૃષ્ટિવાળાની લાગણી નાશ પામેલી હોય અથવા એકદમ ઘટેલી હોય.

પ્રિય-અપ્રિયની લાગણીના આધાર ઉપર ચિત્તનું ચંચલપણું અવલંબે છે તેથી જેમ-જેમ તે લાગણી ઘટે તેમ ચિત્તનું ચાંચલ્ય ઘટે અને સ્વાભાવિક સ્થિરતા-સ્વસ્થતા આવે છે. વીતરાગપણામાં સ્વાભાવિક (સ્વભાવથી ઉત્પન્ન થયેલ, બીજા કોઇ પણ પદાર્થની સહાય વિના ઉત્પન્ન થયેલી) સ્વસ્થતા છે. વૈરાગ્યમાં પણ એ સ્વસ્થતા સ્વાભાવિક છે પણ મંદકોટિની છે. **પ્રિયપણાની દૃષ્ટિથી ઉત્પન્ન થતી સ્વસ્થતા એ નશાબાજ જેવી સ્વસ્થતા છે. પોતાને સ્વસ્થતા લાગે, બીજાને ગાંડપણ લાગે.**

અને અપ્રિયપણામાં અસ્વસ્થતાનું માપ જ નથી, ગાંડો માણસ જ્યારે તોફાને ચડે ત્યારે તોફાનની મર્યાદા ન હોય. સ્વસ્થ માણસ જેમ તોફાને ન ચડે તેમ વીતરાગપણાને પામેલા અને વૈરાગી બનેલા રાગ-દ્વેષના તોફાને ચડતા નથી. **વીતરાગપણાની પૂર્વભૂમિકા છે જ્ઞાનદૃષ્ટિનો વૈરાગ્ય-તત્વદૃષ્ટિજન્ય વૈરાગ્ય, જેને જ્ઞાનગર્ભિત વૈરાગ્ય કહેવાય છે.**

આના જ અનુસંધાનમાં આગળ બતાવે છે-**नोद्विजेत् प्राप्य चाप्रियम्** =અણગમતું આવતાં કંટાળવું નહીં, દુઃખી ન થવું.

પદાર્થમાં પ્રિય-અપ્રિયપણું એ બુદ્ધિની વિકૃતિ છે. પાણીમાં રંગ કે બીજા સ્વાદનું મિશ્રણ એ પાણીનું મૂળ સ્વરુપ નથી તેમ જ્ઞાનનું મૂળસ્વરુપ પ્રિયપણું કે અપ્રિયપણું નથી, પ્રિયાપ્રિયપણું એ મોહનું મિશ્રણ છે. આ મોહના મિશ્રણને જીવ હર્ષ અને ઉદ્વેગ દ્વારા વ્યક્ત કરે છે.

હર્ષ અને ઉદ્વેગને રોકવાથી, એના ભૌતિક અને આધ્યાત્મિક નુકશાનો વિચારવાથી, એના દ્વારા થતા કર્મબંધ અને તેના વિપાકો જાણવા-સમજવા-ચિંતવવાથી, પ્રિય અને અપ્રિયપણાની બુદ્ધિને જીવ ઘટાડતો જાય તો તે આલોક અને પરલોકના અપાયોથી મુક્ત બને છે, તત્વદૃષ્ટિનો અધિકારી બને છે, તેનો યોગ પણ વિકસતો જાય છે.

યોગી હર્ષ-શોકવાળા ન હોય તેથી યોગને ઇચ્છનારા ધર્મી-સમકિતી આનંદ-ખેદને વારંવાર આધીન ન બને. મોટે ભાગે તેનાથી પર-સમ હોય.

આમ તત્વદૃષ્ટિ પ્રાપ્ત કરવા માટે બાહ્યથી હર્ષ-ઉદ્વેગને છોડવા, તેના લક્ષણો ત્યજવા અને અંતરથી પ્રિયાપ્રિયપણાની વિચારણા છોડવી, આના દ્વારા તત્વદૃષ્ટિ-જ્ઞાનદૃષ્ટિ વિકસે છે.

જ્ઞાનદૃષ્ટિ આવી છે કે નહીં તેને માપવાનું બેરોમીટર પણ આ અનાસક્તભાવ જ છે. માટે તેને પ્રાપ્ત કરવા ઉદ્યમવંત બનવું જોઇએ.

# સ્થિરબુદ્ધિ

બુદ્ધિ એટલે મતિજ્ઞાનનો પર્યાય. આત્મામાં રહેલા શુભાશુભ સંસ્કારો ભળવાથી જ્ઞાનમાં શુભાશુભતા આવે છે. રાગ-દ્વેષ-મોહ-અજ્ઞાનાદિ આત્મામાં ચંચળતા પેદા કરે છે અને તેથી જ તેના વિષયો બદલાતા રહે છે. રાગી-દ્વેષી જીવોમાં રાગ-દ્વેષની માત્રામાં વધ-ઘટ પેદા થાય એટલે હેય-ઉપાદેયપણાની બુદ્ધિમાં ફેરફાર થાય...ક્યારેક હેય ઉપાદેય બને, ક્યારેક ઉપાદેય હેય બને. ક્યારેક ગમતું અણગમતું બને, ક્યારેક અણગમતું ગમતું બને. એજ રીતે અજ્ઞાની અથવા જ્ઞાનીને અસમર્પિત વ્યક્તિમાં સમજણશક્તિ ન હોવાથી બુદ્ધિ ડામાડોળ, અવ્યવસ્થિત અને વિકૃત હોય. આવા આત્માઓ સારું-નરસું, હેય-ઉપાદેય આદિને જાણી શકતા નથી. જાણે તો પણ કાયમ માટે સ્વીકારી શકતા નથી. મામુલી પ્રસંગવશ આચારને છોડી દે અથવા અનાચારને પકડી લે.

બુદ્ધિની સ્થિરતા નિર્ણયશક્તિ અને રુચિની દૃઢતા પર અવલંબે છે. વસ્તુતત્વનો નિર્ણય સાચો હોય કે ખોટો પરંતુ નિર્ણયશક્તિ દૃઢ તો બુદ્ધિ સ્થિર, નિર્ણય સંશયિત હોય તો બુદ્ધિ અસ્થિર...કેટલીય વ્યક્તિઓ ઘણી કે દરેક બાબતમાં અનિર્ણાયક કે અસ્થિર બુદ્ધિવાળા હોય છે, તેઓ નિર્ણય લઇ શકતા નથી, લે તો ટકી શકતા નથી. આ જ્ઞાનાવરણીય અને મોહનીય કર્મના ઉદયથી પેદા થતી પરિસ્થિતિ છે.

જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમથી નિર્ણયશક્તિ દૃઢ હોય પરંતુ દર્શનમોહનીય કર્મના ઉદયથી પાપમાં ઉપાદેય તરીકેની, લાભકારી તરીકેની રુચિ હોય છે અને ધર્મમાં અપ્રધાન તરીકેની અથવા ભૌતિક સુખના જ

કારણભૂત તરીકેની દૃઢ સમજણ હોય છે. આવી બુદ્ધિ તત્વદૃષ્ટિરૂપ નથી પણ મોહદૃષ્ટિરૂપે છે. આવા જીવોને ક્યારેક સાચી સમજણ મળે તો પણ તેમાં રુચિ અને દૃઢતા હોતી નથી. નિર્ણય ખોટો અને રુચિની દૃઢતા હોય ત્યાં આભિગ્રહિક અને આભિનિવેશિક મિથ્યાત્વ કહેવાય છે. આમાં સ્થિરદુર્બુદ્ધિ હોય છે.

જ્ઞાનાવરણીય કર્મના ઉદયથી તત્વનિર્ણય ખોટો હોય પરંતુ મોહનીય કર્મની મંદતા હોવાથી પક્કડ ન આવે, ત્યાં અનાભિગ્રહિક અને સાંશયિક મિથ્યાત્વની અવસ્થા હોય છે. અહીં અસ્થિર દુર્બુદ્ધિ હોય છે.

જ્ઞાનાવરણીય કર્મનો ક્ષયોપશમ અને મોહનીય કર્મનો પણ ક્ષયોપશમ હોય એટલે કે વિવેક અને વૈરાગ્યની જાગૃતિ થતાં જીવ સદ્માં સ્થિરબુદ્ધિ બને છે. પ્રારંભમાં વિવેકદશાની મંદતામાં, જ્ઞાનની અપરિપક્વતામાં, અથવા તો વ્યવહારથી ક્રિયામાર્ગમાં જોડાવા છતાં આંતરચક્ષુરૂપ વિવેક કે વિશિષ્ટ સમજણથી જાગૃત થતી આત્મગુણોને પ્રાપ્ત કરવાની ઝંખના પ્રગટ ન થઇ હોય ત્યારે જીવ સામાન્ય અસ્થિરબુદ્ધિ હોવા છતાં **જેમ દંડને બંધાયેલો ધ્વજ ચારે બાજુ ફરકવા છતાં મૂળને છોડતો નથી તેમ દ્રવ્યથી સદાચારને પકડનાર પણ જિનાજ્ઞા તેમજ વિવેકી, તત્વજ્ઞાની ગુરુને બંધાયેલ હોવાથી ધીમે ધીમે સ્થિરબુદ્ધિ, જ્ઞાનદૃષ્ટિ અને વિવેકવંત બને છે.**

અહીં જ્ઞાનનો-બુદ્ધિનો વિષય સ્પષ્ટપણે ન બતાવ્યો હોવા છતાં પ્રસ્તુતમાં આત્મજ્ઞાન-તત્વદૃષ્ટિ સ્વરૂપ વિષય લેવાનો છે. આ વિષયમાં જેનું પ્રણિધાન સ્થિર-દૃઢ છે તે આત્મસ્વરુપને મેળવવા-અનુભવવા દૃઢ પ્રણિધાનવાળો હોય તેની આત્મદૃષ્ટિ-તત્વદૃષ્ટિ સ્થિર હોય છે. અહીં બુદ્ધિથી મતિજ્ઞાનના ભેદો અવગ્રહ, ઇહા, અપાય પછીનો ભેદ ધારણારૂપ બુદ્ધિ લેવાની છે. અવગ્રહ, ઇહા, અપાયમાં મુખ્યત્વે ભ્રાન્ત (મિથ્યા-

ખોટું) અભ્રાન્ત (સાચું) ભેદો પડે, જ્યારે ધારણાના સ્થિર-અસ્થિર એમ બે ભેદ પાડી શકાય.

હું શુદ્ધ આત્મા છું, જ્ઞાનાદિગુણરૂપ છું. પૌદ્‌ગલિક ભાવો પર છે, ઔપાધિક છે, મોહ-રાગ-અજ્ઞાનાદિપોષક અને દુ:ખસર્જક છે. સંસારના સઘળા ભાવો દુ:ખમય છે, તેના ફળસ્વરૂપે દુ:ખ આપનારા છે અને દુ:ખની પરંપરા સર્જનારા છે, જ્યારે ધર્મ એ સુખ-ગુણમય છે, સુખ-ગુણના ફળને આપનારો છે અને સુખ-ગુણોની પરંપરા સર્જનારો છે. ધર્મની ક્રિયા, આચારો, ભાવનાઓ, દેવ-ગુરૂ-સાધર્મિકાદિ આલંબનો, શુદ્ધ નિશ્ચય અને તેના પ્રધાન કારણભૂત વ્યવહાર વગેરેમાં બુદ્ધિ સ્થિર-દૃઢ નિર્ણયવાળી તથા શ્રદ્ધાસંપન્ન હોય. રાગ-દ્વેષની મંદતા થતા જીવમાં પ્રજ્ઞાપનીયતા (જ્ઞાની પુરુષો સમજાવે તે સમજવા-સ્વીકારવાની તૈયારી) આવે છે તથા જ્ઞાની પ્રત્યે સમર્પણ આવે છે...જ્ઞાની પુરુષોનો સંપર્ક થતા, તેમની વાણી ઝીલતા વૈરાગ્યભાવ પ્રગટ થાય છે અને વૈરાગ્ય અને વિવેકના યોગે તત્વદૃષ્ટિ. અભ્રાન્તદૃષ્ટિ પ્રગટ થાય છે. સતત શાસ્ત્રપરિશીલન તથા ગુરુભગવંતોના સંપર્કથી તે તત્વદૃષ્ટિ સ્થિર બને છે.


આ સ્થિર તત્વદૃષ્ટિના પ્રભાવે જીવને-

૧) પોતાની સ્વાભાવિક શુદ્ધ આત્મદશા યાદ આવે છે.

૨) તેની સામે પોતાની વર્તમાન બાહ્ય અવસ્થા વિકૃત અને કર્મપરાધીન દેખાય છે, આંતરિક પણ કર્મોદયજન્ય વિષમ પરિણામો અનુભવાય છે. આ બન્નેનું કારણ અને વારણ પોતે જાણે છે. આશ્રવ-સંવર, બંધ-નિર્જરા આદિ તત્વોના જ્ઞાનથી ભાવિતાત્મા બાહ્ય પ્રવૃત્તિમાં શક્ય હોય ત્યાં સુધારો કરતો રહે, અશક્યમાં ઉપેક્ષા-ઉદાસીનતા સેવે. આંતરિક પરિણામોમાં પણ જ્ઞાન અને ભાવના દ્વારા મંદતા કરે, સદ્‌વૃત્તિ

અને સદ્‌ભાવના દ્વારા મનને સંસ્કારિત કરે. આમ તત્વદૃષ્ટિ જ્ઞાન-ક્રિયા દ્વારા આત્માને શુદ્ધ સ્વરુપથી અનુકૂળ-ભાવિત કરે અને સંસારની વિષય-કષાયજન્ય તથા કર્મજન્ય પરિણતિઓને ઘટાડે-સુધારે છે. આ રીતે સંસ્કરણ અને ભાવન હંમેશા થયા કરે તે સ્થિરબુદ્ધિ સ્વરુપ છે.

આમ શુદ્ધ આત્મસ્વરુપ તથા એના કારણરુપ વૈરાગ્ય, જ્ઞાન, ક્રિયા, ભાવનાની અનિવાર્યતા જે બુદ્ધિમાં સતત રહે તે સ્થિરબુદ્ધિપણું છે. આવી સ્થિરબુદ્ધિને પ્રાપ્ત કરી જીવ વહેલામાં વહેલી તકે શિવસુખનો ભોકતા બને છે.



# असंमूढो

## વસ્તુતત્વમાં મોહ નહીં પામનાર...

મૂઢ-સંમૂઢ-અસંમૂઢ આમ શબ્દ છે. જે વસ્તુને કે પરિસ્થિતિને પારખી ન શકે તે અજ્ઞાની કહેવાય, પણ જે ઉંધુ પારખે તે મૂઢ કહેવાય. સોનાને પિત્તળ કહે, પિત્તળને સોનું કહે. રત્નને કાચ કહે, કાચને રત્ન કહે. એ રીતે દુ:ખના કારણને સુખના કારણ સમજે, સુખના કારણને દુ:ખના કારણ માને. આ મૂઢતા જ્યારે બીજા સમજાવે તો પણ ન સમજે તેવી ગાઢ જીવમાં આવે ત્યારે સંમૂઢ કહેવાય. સમજુ આત્મા ભૂલ કરે તો પણ બીજાથી સમજવા-સ્વીકારવા તૈયાર હોય પણ કદાગ્રહી-પક્કડવાળા બીજા સમજાવે તો પણ ન માને.

તત્વદૃષ્ટિ વગરના, શુદ્ધ આત્માને નહીં સમજનારા પૌદ્ગલિક દૃષ્ટિવાળા-પુદ્ગલમાં જ આનંદ પામનારા, રસ રાખનારા જીવોની અપુ-નર્બંધકની નીચેની અવસ્થાઓ આત્મતત્વ સમજવા-વિચારવા માટે સંમૂઢ અવસ્થા છે, સમજાવવાને અયોગ્ય છે. એવા જીવોને પુણ્ય-પાપ બતા-વાય, બાહ્ય આશ્રવ-સંવર બતાવાય. અભવ્ય જીવો જેમ મોક્ષને-શુદ્ધ આત્માને નથી સ્વીકારી શકતા-તેને પ્રાપ્ત કરવાની ઇચ્છા ધરાવતા નથી તેવી જ અચરમાવર્તવાળાની સ્થિતિ છે. માત્ર ફરક એટલો પડે છે કે અભવ્ય જીવોની આ સંમૂઢતા કદાપિ નાશ નથી પામતી જ્યારે ભવ્ય જીવોને ચરમાવર્તમાં આવ્યા બાદ અપુનર્બંધક અવસ્થામાં નાશ પામે છે.

અહીં મોક્ષઅવસ્થા માટે, શુદ્ધ આત્મસ્વરુપ માટે, મોહનીયના ક્ષયોપશમજન્ય આત્મગુણો માટે સંમૂઢપણું લેવાનું છે.

સંમૂઢપણું નાશ પામે એટલે પ્રજ્ઞાપનીયતા આવે, પછી જ્ઞાની તરફનો આદર આવે, પછી જ્ઞાનીની નિશ્રા આવે, પછી ક્રિયાયોગ આવે, પછી જ્ઞાનાભ્યાસ-ઉહા-વિમર્શ આવે અને પછી તત્વદૃષ્ટિ આવે. **વ્યવહારથી સ્થૂલથી પ્રજ્ઞાપનીય અસંમૂઢ કહેવાય પરંતુ વિશેષમાં જ્ઞાનીની નિશ્રાવાળો અસંમૂઢ કહેવાય.** એથી પણ આગળ જ્ઞાની અને વિકસિત તત્વદૃષ્ટિવાળા અસંમૂઢ કહેવાય.

સંમૂઢપણું મિથ્યાભાવિતપણું છે. જો આત્મામાં રહેલ શ્રુતજ્ઞાનને મતિજ્ઞાનના બળ દ્વારા ચિંતનપૂર્વક આત્મસાત્ કરી ભાવિત કરવામાં આવે ત્યારે અને આત્મા અનિત્યાદિ ૧૨ + મૈત્ર્યાદિ ૪ અને બીજી ભાવનાઓથી ભાવિત થાય ત્યારે મૂઢતા નાશ પામે છે અને તેવા જીવની દૃષ્ટિ-વિચારણા મોહ-અજ્ઞાન-અવિવેકના આવેગથી પ્રાય: રહિત હોય છે. એટલે તત્વદૃષ્ટિવાળા જીવો કાયમ ગમે તે અવસ્થા કે ગમે તે પરિસ્થિતિ-સંયોગોમાં કષાય-વિષય-અજ્ઞાન વગેરેથી રહિત અસંમૂઢ હોય છે.

સતત વૈરાગ્યની વિચારણા, રાગ-દ્વેષના નિગ્રહની જાગૃતિ, શાસ્ત્ર દ્વારા અનેક પ્રકારની વિચારણાથી આત્મજાગૃતિ, આશ્રવોથી અને નિરર્થક ક્રિયાથી શક્ય એટલી નિવૃત્તિ, દરેક વસ્તુસ્વરૂપ અને પરિસ્થિતિથી તત્વદૃષ્ટિથી વિચારણા જો કરવામાં આવે તો સંમૂઢપણું નાશ પામે છે અને સર્વવિચારણામાં અસંમોહપણું ઉત્પન્ન થાય છે.

જેમ તત્વદૃષ્ટિપણું સર્વ પ્રવૃત્તિ અને વિચારસરણીમાં અનિવાર્ય છે, જરૂરી છે તેમ મિથ્યાત્વ-અજ્ઞાનજન્ય વિપરીત વિચારસરણી, અતત્વદૃષ્ટિપણું પણ સર્વત્ર વ્યાપ્ત છે.

બધી જ વાતમાં સંમોહપણું સંસારી-મિથ્યાદૃષ્ટિ-ભવાભિનંદી જીવોને હોય છે. તે સંમોહપણું ઘટતા ઘટતા તત્વદૃષ્ટિના વિકાસથી જીવને સર્વત્ર અસંમૂઢપણું પ્રગટ થાય છે.

માટે કાયમ નિશ્ચય-વ્યવહારથી હેય-ઉપાદેય તત્વનો અભ્યાસ-વિચારણા કરતા રહેવું. આ પરિભાવનથી તત્વદૃષ્ટિ ખીલે છે અને મૂઢતા નાશ પામે છે.

આ મૂઢતા એટલે એકાંતવાદ. એકાંતવાદ તત્વદૃષ્ટિનો નાશ કરે છે જ્યારે અનેકાંતવાદ હોય તો જ તત્વદૃષ્ટિ આવે, વિકસે.

માટે દૃષ્ટિવાદોપદેશીકી સંજ્ઞા તત્વદૃષ્ટિને બતાવી છે. સંમૂઢતા વિપરીતજ્ઞાનરુપ કે જ્ઞાનાભાવરુપ તો છે જ, સાથે કદાગ્રહીપણું પણ છે. જ્યારે અસંમોહ એ ક્ષયોપશમરુપ કે યોગ્યતારુપ છે, તે મોહનીય ક્ષયો-પશમયુક્ત જ્ઞાનાવરણ ક્ષયોપશમસ્વરુપ છે. પછી તે લબ્ધિરુપ હોય અથવા ઉપયોગરુપ...

**ટુંકમાં પરભાવમાં, પૌદ્ગલિક તત્વમાં, વિષય-કષાયમાં આત્મા જે વ્યામોહિત અને પરંપરિણતિથી આવિષ્ટ બની મસ્ત કે વ્યાકુલ બને છે તે બધી મૂઢ અવસ્થા છે.** નિરંતર આત્મસ્વરૂપને લબ્ધિરુપે અને ક્વચિત્ અનુભવરુપે અનુભવનારને આ મસ્તી કે વ્યાકુલતા મોહિત કરતી નથી, એટલે કે સામાન્યથી હોતી જ નથી કદાચ હોય તો વિશેષ તીવ્ર બનતી નથી.

અસંમૂઢતાના કારણે જીવની આ કાયમી સ્થિતિ હોય છે, માટે તત્વદૃષ્ટિ જ્ઞાનદૃષ્ટિને ભાવિત કરવા, વિકસિત કરવા સતત પ્રયત્નશીલ બનવું.



# ब्रह्मविद्

## સિદ્ધસ્વરૂપ-શુદ્ધસ્વરૂપને જાણનાર

બ્રહ્મ એટલે સિદ્ધસ્વરૂપ આત્મા. સંસારી જીવ સિદ્ધ થાય તેને બ્રહ્મીભૂત-બ્રહ્મા થયા તેમ કહેવાય. આ બ્રહ્માનું સ્વરુપ અને પોતાનું શુદ્ધ સ્વરુપ બન્ને એક સરખા છે તેથી તેને અનેક પ્રકારના જ્ઞાનથી જે જાણે તે બ્રહ્મવિદ્ કહેવાય. આ જાણકાર તરીકે છદ્મસ્થ એટલે કે સંસારીને લેવાના છે, કારણ કે કેવળજ્ઞાની સ્વયં બ્રહ્મરુપ પ્રાય: છે.

સંસારી જીવો બ્રહ્મને ત્રણ રીતે જાણે છે-શબ્દથી, તર્કથી અને અનુભવથી. જેમ ઝવેરાત કદી નહીં જોનાર માણસો ઝવેરાતને શબ્દથી જાણે છે. ઝવેરાતને નહીં ઓળખનાર પરંતુ ઝવેરાત જેની પાસે છે તે માણસો ઉપલક તારતમ્યથી જેમ ઝવેરાતને ઓળખે તેમ તર્કથી ઉપલક રીતે આત્મા ઓળખાય છે, જ્યારે ઝવેરી અને એમાં પણ દ્રષ્ટિના-જ્ઞાનના વિકાસ પામેલા પોતાના કે બીજાના ઝવેરાતને પાણીથી, તેજથી, લક્ષણથી જાણે છે તે જ્ઞાન સ્વ-અનુભવનું છે તેવી જ રીતે **આત્માને-સિદ્ધનેશબ્દથી જાણનાર, તર્કથી જાણનારને વિશેષ અનુભવ થતો નથી, તેથી તે મુખ્ય જ્ઞાતા નથી. આત્માને અનુભવથી જાણે તે જ તેનો મુખ્ય જ્ઞાતા. આત્માનો અનુભવ ગુણો દ્વારા થાય છે તે ગુણો ક્રિયા, જ્ઞાન અને ભાવનાથી ઉત્પન્ન થાય છે.** પ્રથમ બેમાં જ્યારે ભાવના ભળે ત્યારે જે અનુભવજ્ઞાન આવે તેને અત્રે 'વિદ્' શબ્દથી ગ્રહણ કરવું. અહીં ક્રિયા અને જ્ઞાન બન્નેને સાધનબ્રહ્મ-કરણબ્રહ્મ કહેવાય. જાણવાની-અનુભવની ક્રિયાનું કર્મ એ કર્મબ્રહ્મ કહેવાય છે. આત્મા માટે બ્રહ્મજ્ઞાન છે માટે ઉપાદાન (ચોથી વિભક્તિ) બ્રહ્મ છે. જ્ઞાન આત્મામાં થાય છે, આત્માનું

થાય છે વગેરે બ્રહ્મના અધિકરણ-સંબંધક વિ. કારકો સમજવા.

અબ્રહ્મ એટલે જીવની અજ્ઞાન-મોહ-અવિવેક-કર્મોદયજન્ય પરાધીન-પરતંત્ર-સંસારી અવસ્થાઓ. તે પણ વ્યતિરેકરૂપે-નિષેધરૂપે જાણવી પડે તેથી આત્માના દોષોને, દોષોના કારણને, દોષોના સ્વરુપને, દોષોની વૃદ્ધિને, દોષોના નુકશાનને જાણનાર એટલે દ્રવ્ય-ભાવ આશ્રવવિદ્, તે પણ હેયરુપે જાણતો હોવાથી બ્રહ્મવિદ્ છે. એજ રીતે ગુણો-ગુણોનું સ્વરુપ, ગુણોના કારણ, ગુણોના લાભ વગેરે જાણનાર એટલે સંવર-નિર્જરાના જાણકાર તે પણ બ્રહ્મવિદ્ છે. માટે **જે આત્માની નિર્મળતાની દ્રષ્ટિવાળા છે, તેની પરાકાષ્ટાની ઇચ્છાવાળા છે, તેને અવરોધક પ્રવૃત્તિ-વિચારણાને જાણનાર અને શક્યતયા છોડનાર છે, નિર્મળતાને લાવનાર ગુણોને પ્રગટ કરનાર, આચાર-જ્ઞાન વગેરેની રુચિવાળા અને તેમાં શક્યતયા પ્રવર્તનારા છે તેને બ્રહ્મવિદ્ કહેવાય.**

પ્રારંભિક રીતે અપુનર્બન્ધકથી બ્રહ્મવિદ્પણાનો પ્રારંભ થાય છે, પરંતુ તે ગૌણ કહેવાય. બ્રહ્મવિદ્‌ની અવસ્થા મુખ્યતયા વેદ્યસંવેદ્યપણાથી આવે છે. તે યોગની પાંચમી દૃષ્ટિથી એટલે કે સમ્યગ્દૃષ્ટિ જીવને હોય છે. ક્ષાયિક સમકિત અપ્રતિપાતી હોવાથી નિશ્ચયથી તેના ધારકને હોય છે. જે તત્વદૃષ્ટિ છે તે બ્રહ્મવિદ્ છે અને તેની પરાકાષ્ટાને પામે છે. તત્વની વિચારણાથી બ્રહ્મવિદ્પણું વિસ્તૃત બને છે. સંજ્ઞી સાક્ષર જીવની બધા આભોગ (વિચારપૂર્વકના) વર્તન-વાણી-વિચારણામાં રુચિ-લાગણી અને દૃષ્ટિ નિયામક હોય છે. રુચિ અને લાગણી સામાન્ય, પ્રારંભિક કે પૂર્વ સંસ્કારથી ઘડાએલી હોય છે, જ્યારે દૃષ્ટિ એ ચિંતન, અનુભવ અને વિશેષ જ્ઞાનથી ઘડાય છે. દૃષ્ટિનો ઉઘાડ ભૂમિકાભેદથી, અવસ્થાભેદથી, પરિસ્થિતિભેદથી થતા લાભ-નુકશાનના, ગ્રાહ્ય-અગ્રાહ્યના, આંતરિક-બાહ્ય વ્યવહારના વિભાજનને અવિસંવાદિરુપે જણાવે છે. તત્વદૃષ્ટિ આત્મા

જીવના સાચા સર્વતોમુખી સ્વરુપને જાણે છે અને આંશિક અનુભવે છે માટે તત્વદૃષ્ટિપણું વિશેષરુપે જૈનશાસન સિવાય ન હોય. અનેકાન્તવાદ ન હોવાથી આત્મજ્ઞાન અને બ્રહ્મજ્ઞાન જૈનેતર દર્શનમાં માત્ર પ્રારંભિક હોય અને તે જો વિકસિત થાય તો ત્યાં પણ ભાવથી જૈનદર્શનની પ્રાપ્તિ થાય અને શક્ય હોય ત્યાં વ્યવહારથી પણ જૈનદર્શન મળે. અનાદિકાલીન અબ્રહ્મસ્વરુપી આત્મા પૌદ્ગલિક-સાંસારિક-વૈષયિક રુચિ-જ્ઞાન-ક્રિયાવાળો છે તેથી તે વૈભાવિક સ્વરુપને દૂર કરવા અને સ્વાભાવિક સ્વરુપ પ્રગટ કરવા સાધ્ય અને સાધનના જ્ઞાનવાળો બ્રહ્મવિદ્ રુચિ દ્વારા, વ્યવસ્થિત ઉત્સાહથી શક્ય અનુષ્ઠાનમાં નિરંતરપ્રાય: પ્રવર્તન દ્વારા અને અશક્યમાં તીવ્ર ઇચ્છા દ્વારા, ભાવના દ્વારા પ્રવર્તે છે તેથી બ્રહ્મવિદ્ એ બ્રહ્મનો સાધક છે. આમ તત્વદૃષ્ટિ દ્વારા આત્મદૃષ્ટિ પ્રગટ થાય છે. માટે આત્માના ગુણોને, ક્ષાયિક ભાવના અને ક્ષાયોપશમિક ભાવના ગુણોને જાણવા અને તે મેળવવા સતત પ્રયત્ન કરવો.



# ब्रह्मणि स्थित

## આત્મભાવમાં રહેલ

આત્મામાં રહેલ-આત્માના સ્વરૂપમાં રહેલ-આનું સ્વરુપ યોગ-દૃષ્ટિ સમુચ્ચય-૧૨૬ શ્લોકમાં બતાવેલ છે.

શબ્દાદિ ભાવોમાં જેનું ચિત્ત નિરુત્સુક છે, નિઃસંગતાયુક્ત છે, ભવભોગથી વિરક્ત છે તેવા જીવો મુક્ત સમાન છે અને ટૂંક સમયમાં મુક્તિ પામનાર છે.

શબ્દાદિ વિષયોમાં જેનું ચિત્ત પ્રવર્તે છે, તેમાં જે ઉત્સુક છે તે આત્માઓ અનુકુળતા અને પ્રતિકુળતાના વલણમાં, રાગદ્વેષના વિક-લ્પોમાં અથડાતા પરભાવસ્થિત છે. એ વૃત્તિમાંથી જે મુક્ત બને, તે-તે વિષયોને તુચ્છ માને તો નિરુત્સુક થવાય અને એ અવસ્થા આવે ત્યારે આત્મામાં ઠરાય. આત્મામાં સ્થિત એટલે આત્મામાં ઠરનાર અને બાહ્યમાં ન જનાર, ન ઠરનાર. આ અવસ્થા જરા ઉંચી છે, પરંતુ બ્રહ્મવિદ્=અનુ-ભવજ્ઞાન પામેલ આત્મા સહજપણે આ અવસ્થા પ્રાપ્ત કરે છે.

બ્રહ્મજ્ઞાન પામેલ સાંસારિક ભાવોમાં-પરભાવમાં વ્યવહારથી રહે છે, અંતરથી રહેતા નથી, ઠરતા નથી. વૈરાગ્યની જેટલી તીવ્રતા અને જ્ઞાનગર્ભિતપણું જેટલું ઉંચું તેટલું આત્મામાં સ્થિતપણું આવે છે. પરભા-વને પરભાવરુપે જોનાર પણ આત્મામાં સ્થિત થાય છે.

બાહ્ય બધી જ પરિસ્થિતિઓ અને શક્તિઓ, કર્મના ઉદયોની અવસ્થાઓ, બધા અનુકૂળ-પ્રતિકૂળ ભાવો, આ બધામાં જે સમતા અને ઉદાસીનતા કેળવે છે તે આત્મામાં સ્થિત થાય છે.

બાહ્ય કોઇ પણ અનુકૂળતામાં જે આનંદ પામે કે પ્રતિકૂળતામાં અકળાય તે પરભાવસ્થિત છે. છતાં આત્મામાં આંશિક સ્થિતને આ આનંદ અને અકળામણ ક્રમશ: ઘટતી જાય છે અને કાળક્રમે સ્વભાવ-માંથી સંપૂર્ણપણે જાય છે.

બ્રહ્મણિ સ્થિત કહ્યું તેનો અર્થ એ છે ક્ષયોપશમભાવ એ ક્ષાયિક ભાવનું કારણ છે તેથી અપેક્ષાએ પ્રધાન છે માટે સાધનરુપે, ઉપાદાનરુપે ગ્રહણ કરે, પરંતુ તે અપૂર્ણ છે અને વિનાશી છે તેથી તેની અંદર નિશ્ચિંત ન બને, તેનાથી ગર્વ ન કરે, સંપૂર્ણ ક્ષાયિકભાવ મેળવવા સદા ઉદ્યત બને. માટે આત્મગુણોની પરાકાષ્ટામાં મનને સ્થિર રાખી પગથિયા કે રસ્તા જેવી વચગાળાની અવસ્થામાં અટકી ન જવું, ઠરવું નહીં પરંતુ આગળ વધવા પ્રયત્ન કરવો.

આમાં મોહનીય સિવાયના કર્મોનો હ્રાસ અને નાશ વિશેષત: મોહનીય કર્મના હ્રાસ-નાશને આધિન છે, માટે એના નાશ-હ્રાસ દ્વારા આત્મામાં સ્થિત થવાય છે-એ સિવાય નહીં. એનો હ્રાસ પણ જ્ઞાના-ભ્યાસ, ચિંતન, ભાવન અને ક્રિયાપાલન દ્વારા થાય છે. જ્ઞાન-ક્રિયા-ચિંતન-ભાવના એ ગુણોની રુચિને ઉત્પન્ન કરે છે અને રુચિ જ્ઞાન-ક્રિયા દ્વારા આત્માના અનુભવની કારક છે.

शास्त्राद्विदिततत्वस्य विरक्तस्यापि कामिनः ।
ध्यानेनात्मा भवेत् साक्षादित्याहुर्योगपाक्षिकाः ।।

मायाऽन्वितपरब्रह्म केवलब्रह्मसेवया ।
नैर्मल्यमश्नुते योगस्तेन सर्वत्र सम्मतः ।।

❀ ❀ ❀

# अर्वाग्दशायां दोषाय वैषम्ये साम्यदर्शनम्

**અધ્યાત્મની પૂર્વભૂમિકામાં સહુમાં અસમાનતા હોવા છતાં સમાનભાવનું દર્શન કરવું તે દોષનું કારણ બને છે.**

અધ્યાત્મની પૂર્વભૂમિકામાં ગુણ-દોષો જોઇને દોષો અને તેના કારણ છોડવા જોઇએ અને ગુણો અને તેના કારણો આચરવા જોઇએ. આ અવસરે ગુણ-દોષના આધારે પોતાનું અને બીજાનું તારતમ્ય અનુભ-વવું, જોવું.

પરંતુ આ ભૂમિકામાં સમાનતા ન હોવા છતાં સ્વ-પરની વિષમ અવસ્થામાં પણ સમાનતાનું જો દર્શન કરે, આલંબન લે તો તે દોષ માટે એટલે કે ગુણનાશ માટે અને દોષના પોષણ માટે બને છે.

**સામ્યદર્શન એટલે નિશ્ચય નયનું દર્શન, દ્રવ્યાસ્તિકનય દ્વારા સર્વે આત્માઓની મૂળભૂત શુદ્ધ સ્વરુપે સમાનતાનું દર્શન. તે પ્રારંભિક અવસ્થામાં વ્યવહારનયથી ક્રિયાઅભ્યાસ, તત્વઅભ્યાસ અને ગુણઅ-ભ્યાસ દ્વારા દૃઢ આચાર, ગુણ અને ભાવનાસંપન્ન ન થાય ત્યાં સુધી આ સામ્યદર્શન વ્યવહારનો અને આત્મગુણોનો નાશ કરનાર બને છે.**

**વ્યવહારનય આચારના અભ્યાસ અને ગુણના અભ્યાસમાં આત્માના પુરુષાર્થને પ્રધાન માને છે.** તેથી આત્માની જાગ્રત દશાને યોગ્યતાનો વિકાસ માને છે તેથી ગુણોની સંખ્યામાં અને સામર્થ્યમાં વૃદ્ધિ થાય એટલે ગુણો નિર્મલ બને છે, પાવરફુલ બને છે, નવા ગુણો પણ

પ્રગટ થાય છે. એટલે વ્યવહારનય ગુણો અને આચારમાં પ્રયત્નશીલને, તેમાં જાગ્રત સાધકને, તે આત્મસાત્ કરનારને આગળ કરે છે, પ્રોત્સાહિત કરે છે, પ્રશંસાપાત્ર માને છે, ધર્માત્મા તરીકે ગણે છે. એનાથી જગતમાં વ્યવહારની શુદ્ધતા જીવમાં પ્રવર્તે છે. વધે છે.

આ વ્યવહારથી દોષો, અસદ્ આચારો ઘટે છે, તેમાં રસ ઓછો થાય છે અને તેથી સજ્જનતા વધે છે, દુર્જનતા ઘટે છે.

**વ્યવહારનય માને છે કે જ્યાં ચોક્કસાઇ-કાળજી-વ્યવસ્થા-કડકાઇ-ધાક-સજાનો ભય હોય ત્યાં ગુણો તથા સદાચાર વધતા આવે અને દોષ તથા દુરાચાર ઘટતા આવે.**

માટે સમાજમાં-રાજ્યમાં-શાસનમાં તેના સંચાલકો અને તેમાં રહીને આગળ વધવા ઇચ્છતા સજ્જનો ભીમ-કાંતગુણને પ્રધાનતા આપે છે. ભીમ એટલે **દોષ, પ્રમાદ, અસદ્ આચાર સામે અને તેના આચરનાર સામે કડકાઇ. એ રીતે ગુણ અને ગુણના આચારોમાં પ્રમાદ-અનિયમિતતા કરનાર ઉપર પણ કડકાઇ એ વ્યવહારનયના આગળના બે પૈડા છે. પાછળના ૨ પૈડા તરીકે નબળા સત્વવાળા જીવોને ગુણ અને આચાર પાલનમાં પ્રેરણા-સહાય-પ્રોત્સાહનથી સ્થિરીકરણરુપ એક અને વિશિષ્ટ સત્વશાળી આરાધકજીવોની ઉપબૃંહણા અને વાત્સલ્યરુપ બીજું પૈડું છે. આ ચારથી જ વ્યવહારનો રથ ચાલે છે.**

**યોગ્ય-અયોગ્યવિભાગ અકરતો, કરશે મોટી વાતોજી ।**
**તે ખમશે પંડીત પરિષદમાં, મુક્ટી પહાર અને લાતોજી ।।**

યોગદ્દષ્ટિસજ્ઝાયમાં પૂ. ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મ. આ બતાવવા દ્વારા વ્યવહારમાં યોગ્ય-અયોગ્યનો વિભાગ મુખ્ય છે તેમ જણાવ્યું. યોગ્ય-અયોગ્યના આધારે નાનો-મોટો, ઉંચો-નીચો, આગળ-પાછળ વગેરે વ્યવહાર થાય છે. વ્યવહારમાં સમાન ધોરણ ન ચાલે. સામ્યદર્શન એ

વ્યવહારનો લોપ છે માટે સામ્યસ્વભાવવાળા કે સામ્યદર્શનવાળા વ્યવહારના મુખ્ય સ્થાને ન આવી શકે. એ કડકાઇથી કામ ન કરી શકે. તેથી કેવળજ્ઞાની શાસનની-સંઘની ધુરા સંભાળતા નથી-છદ્મસ્થ સંભાળે છે, ચલાવે છે.

માટે વ્યવહારમાં જે સ્થિત અને દૃઢ થાય, આચારની ઉંચી ભૂમિકાએ પહોંચે પછી આત્માએ જાત માટે જ સામ્યદર્શન કરવાનું એટલે કે **વ્યવહારમાં સુસ્થિત અને જ્ઞાનસંપન્ન થયા બાદ નિશ્ચય સ્વરુપ-સામ્યઅનુભવ-દર્શન કરવાનું.** એ પણ વ્યવહારના વિષમતાના પાલનપૂર્વક હોય છે. માટે પરમાત્માએ પણ ૧૧ ગણધરને ક્રમશ: સ્થાપ્યા છે. (નાના-મોટાના વ્યવહારપૂર્વક સ્થાપ્યા છે.)

માટે અમુક ભૂમિકાએ ગયેલાને સામ્યદર્શન હોવા છતાં સામ્ય વ્યવહાર નથી. માટે જે સામ્યવ્યવહારની વાતો કરે તે નિશ્ચય-વ્યવહાર ઉભયભ્રષ્ટ છે. જો ઉંમર સામ્ય નથી-જ્ઞાન સામ્ય નથી-સ્થાન સામ્ય નથી તો વ્યવહારમાં સામ્યતાની વાતો ન કરવી. વ્યવહારને ઉપેક્ષિત કે ગૌણ ન બનાવવો.



# रागद्वेषक्षयादेति ज्ञानी विषयशून्यतां ॥

**જ્ઞાની રાગ-દ્વેષના નાશથી વિષયાભિલાષની શૂન્યતા પામે છે.**

અહીં વિષયરહિત થવાનું કારણ રાગ-દ્વેષનો ક્ષય બતાવ્યો છે અને કર્તારુપે જ્ઞાની આત્માને બતાવ્યો છે. વિષય એટલે શબ્દ-રુપ-રસ-ગંધ-સ્પર્શાદિ ગુણધર્મમાં અને ઉપલક્ષણથી તેના આધારભૂત પુદ્ગલમાં જીવની જે રાગાદિપરિણતિ અને તે રાગાદિપરિણતિથી શબ્દાદિમાં પ્રવર્તવું. આ રાગાદિ પરિણતિ જ્ઞાનના મિશ્રણરુપ છે, જીવનું જ્ઞાન રાગ-દ્વેષ યુક્ત બને છે તેથી જીવ વિષયવાળો કહેવાય છે.

જ્ઞાનમાં જે દૂષણ છે તે દૂષણ જ્ઞાન જ કાઢી શકે, તેથી શુદ્ધ જ્ઞાન દ્વારા રાગ-દ્વેષનો ક્ષય કે ઘટાડો થાય છે તેથી જીવના વિષયપરિણામમાં મંદતા આવે, ઘટાડો થાય. ક્રમશ: તે પરિણામ નષ્ટ થાય અને જ્ઞાન મધ્યસ્થ-સમપરિણામવાળું-સમતાયુક્ત બને.

સતત જ્ઞાનાભ્યાસ, અનુપ્રેક્ષા, ભાવના દ્વારા જ્ઞાન સુધરે છે એટલે કે રાગ-દ્વેષથી રહિત નિર્મળ બને છે. આ જ્ઞાન એટલે ફક્ત ઉપલક જાણકારી નહીં કે માત્ર ઉંડી જાણકારી પણ ન લેવી. શ્રુતજ્ઞાન કે ચિંતાજ્ઞાન માત્ર ન લેવું પરંતુ આશ્રવતત્વ, સંવરતત્વની ભાવના વગેરેના સંવેદનરુપ ભાવનાજ્ઞાન લેવાનું છે. આ સંવેદનજ્ઞાનની તરતમમાત્રા ઘણી હોય છે. રાગ-દ્વેષની તીવ્રતામાં સંવેદન કાં નથી હો, તું, ક્યાંક અતિમંદ હોય છે. જેમ-જેમ રાગ-દ્વેષની માત્રા-પ્રમાણ ઘટે તેમ-તેમ સંવેદન-અનુભવ-સમતા-વૈરાગ્ય-પ્રશમ વધતા આવે અને વિષયખેંચાણ ઘટતું

જાય, છેવટે વિષયપરિણતિશૂન્ય વીતરાગ બને. જેમ જેમ રાગ-દ્વેષની માત્રા મનમાં, ચિત્તમાં, જ્ઞાનના ઉપયોગમાં ઘટતી જાય તેમ જ્ઞાનની પરિણતિનું પ્રમાણ વધતું આવે અને અંતે રાગ-દ્વેષના વ્યાવહારિક ક્ષયથી અસંગ અનુષ્ઠાનમાં જ્ઞાનપરિણતિનું વ્યાવહારિક પૂર્ણ પ્રમાણ પ્રાપ્ત થાય છે તેથી અસંગ અનુષ્ઠાનમાં વ્યવહારથી સર્વથા વિષયશૂન્ય બને છે અને રાગ-દ્વેષના નૈશ્ચયિકક્ષયથી ક્ષીણમોહ ગુણસ્થાનકે નિશ્ચયથી જ્ઞાનપરિ-ણતિનું પૂર્ણસ્વરુપ ખીલે છે.

જ્ઞાનનું પૂર્ણસ્વરુપ ૧૩મે ગુણસ્થાનકે અજ્ઞાન નાશ થાય ત્યારે પ્રાપ્ત થાય છે પરંતુ જ્ઞાનપરિણતિનું પૂર્ણસ્વરુપ ૧૨મે ક્ષીણમોહગુણ-સ્થાનકે પ્રાપ્ત થાય છે.

આ જ્ઞાનપરિણતિને જ્ઞાનયોગ કહેવાય છે, માટે જ્ઞાનપરિણ-તિના જેટલા ભેદ સ્થુલ અને સૂક્ષ્મથી પાડીએ તેટલા જ્ઞાનયોગના અને જ્ઞાનયોગીના તરતમભાવથી ભેદ પડે છે.

સંસારી જીવો જેમ વિકૃતજ્ઞાનસંપન્ન હોય છે તેમ યોગત્રયની, કરણત્રયની ક્રિયાસંપન્ન પણ હોય છે. મન-વચન-કાયા, કરણ-કરા-વણ-અનુમોદન એમ ૯ (૩ X ૩ = ૯) પ્રકારની ક્રિયા છે, આ ૯ વર્તમાનકાલીન ક્રિયા થઇ. આ ૯ ક્રિયા ભૂતકાળમાં અનુમોદના કે નિંદા દ્વારા થાય છે અને ભવિષ્યકાળમાં અપેક્ષા અથવા અરુચિ દ્વારા થાય છે. આમ ૨૭ રીતે જીવે યોગની પ્રવૃત્તિ દ્વારા ઉભા કરેલા રાગ-દ્વેષ જ્ઞાનની પરિણતિથી ઘટાડી શકાય છે, રોકી શકાય છે. જો જ્ઞાનની પરિણતિ ન હોય તો પણ ચિંતનપૂર્વકની શુભપરિણતિથી રાગ-દ્વેષ વધતા અટકે છે, નિમિત્તસામગ્રીના અભાવમાં પણ ઘટે છે, સાથે જ્ઞાનાભ્યાસ અને ભાવના ભળે તો વિશેષ ઘટવાને યોગ્ય બને છે.

જ્ઞાનપરિણતિ અને ભાવનાયુક્ત જીવ વચન-કાયાની કરણ-

કરાવણારુપ પરિમિત પાપપ્રવૃત્તિ અને માનસિક અલ્પ રાગાદિજન્ય પ્રવૃત્તિ સિવાય બધેથી સહજ રીતે પાપવાસનાથી મુક્ત થઇ પાછો કરે છે.

**ક્રિયા જ્ઞાનપરિણતિ સર્જવામાં કારણ છે.** જ્ઞાનના અભ્યાસ-ભાવનના પ્રયત્નપૂર્વક જ્ઞાનયોગીની નિશ્રામાં રહેલાની ક્રિયા એ પણ જ્ઞાન-યોગ છે જે રાગ-દ્વેષનો ક્ષય કરે છે. જ્ઞાનયોગની વૃદ્ધિથી રાગદ્વેષનો ક્ષય કરી આત્મકલ્યાણના પંથે આગળ વધતા શિવસુખ મેળવી શકાય છે.



# छिद्यते भिद्यते वाऽयं हन्यते न जातुचित्

**આત્મા છેદાતો નથી, ભેદાતો નથી કે હણાતો નથી એમ જ્ઞાનદૃષ્ટિ દ્વારા જાણે છે.**

જ્ઞાનદૃષ્ટિવાળા આત્માને પ્રધાન માને છે, શરીરને નહીં. શરીર માત્ર આત્માનું સાધન છે. શરીર નાશવંત હોવાથી તે છેદાય છે, શસ્ત્રથી ભેદાય છે, એ ઉગ્રહુમલાથી હણાય છે, નાશ પામે છે. જ્યારે આત્મા નિત્ય છે, અર્થાત્ ક્યારેય પણ કોઇનાથી છેદાતો નથી-ભેદાતો નથી કે હણાતો નથી.

આ દૃષ્ટિને સતત વિકસિત કરવાથી આત્માની નિત્યતા-અવિ-નશ્વરતા દૃઢ-અસ્થિમજ્જાભૂત થાય, શુદ્ધ આત્માની અવસ્થા આવી છે. આવો જ્ઞાનયોગ વિકસે.

બાહ્ય બધા જ સંયોગો-વસ્તુઓ નાશવંત છે. શરીર-પરિવાર વગેરે પુણ્યકૃત બધા ભાવો વિનાશી છે. એના વિયોગ અને વિનાશમાં આત્મા જો મૂઢ-શુન્યમનસ્ક થાય તો જ્ઞાની ન રહે કારણ કે જ્ઞાન આત્માનો ગુણ છે, ગુણ-ગુણીનો અભેદ છે. આત્માનો ક્યારેય નાશ થતો નથી તેની વિચારણાથી જ્ઞાનદૃષ્ટિની નિર્ભયતા દ્વારા સ્વસ્થતા-દૃઢતા આવે છે.

આ ભાવના-દૃષ્ટિના કારણે બાહ્ય પરિસ્થિતિની વિકટતામાં-અનુકૂળ સંયોગ-સામગ્રીના વિનાશ-હ્રાસ-નુકશાનની કલ્પનામાં જ્ઞાની આત્માને વિહ્વલતા નથી આવતી કારણ કે આત્મા નિત્ય છે. માત્ર શરીરનો નાશ છે. આ ભેદજ્ઞાન પ્રાપ્ત થઇ ગયું છે.

સંસારી જીવની બાહ્ય તમામ અવસ્થાઓ વિનાશી છે. સિદ્ધાત્મા-શુદ્ધાત્મા જેમ અવિનાશી છે તેમ સંસારી આત્મા શુદ્ધ આત્મસ્વરૂપે અવિનાશી છે. ફક્ત કર્મકૃત અવસ્થાઓ ઉત્પન્ન થનારી અને નાશ પામનારી હોય છે.

સંસારી જીવ કર્મથી આવૃત્ત હોવાથી કર્મના હ્રાસથી-નાશથી જીવની સહજ અવસ્થા પ્રગટ થાય છે. પરંતુ એ કર્મના આવરણ વખતે પણ કર્મથી કે બીજા કોઇથી પણ એ સહજ અવસ્થા નિર્મૂળ નાશ નથી પામતી. આ આત્માનું સ્વરુપ દૃઢ થાય ત્યારે વિશેષ જ્ઞાનયોગી બનાય છે.

છેદન-ભેદન અને નાશ એ ફક્ત પુદ્‌ગલસ્કંધના જ થાય છે. તેથી આત્મા જ્યાં સુધી પુદ્‌ગલ સ્કંધમિશ્રિત છે ત્યાં સુધી પુદ્‌ગલસ્કંધરુપ શરીર વગેરેના છેદન-ભેદનનો ઉપચાર આત્મામાં કરાય છે. બાકી વાસ્તવિકપણે આત્માનું છેદનાદિ થતું નથી. ધર્માસ્તિકાય-અધર્માસ્તિ-કાય-આકાશાસ્તિકાય અને આત્મદ્રવ્ય એ ચાર અછેદ્ય-અભેદ્ય-અનાશ્ય-અખંડદ્રવ્ય છે.

આત્માના જ્ઞાન વગર જેમ સમકિત નથી તેમ આત્માની નિત્ય-તાના જ્ઞાન વગર પણ નથી. માટે સમકિતના ૬ સ્થાન બતાવ્યા છે. આત્મા છે-નિત્ય છે-કર્તા છે-ભોક્તા છે-મોક્ષ છે-મોક્ષનો ઉપાય છે. આ ૬નો જેમ જેમ વિશદબોધ-સંવેદન થાય તેમ જ્ઞાનયોગની નિર્મળતા થાય છે.

છેદન-ભેદન-હનન દ્રવ્યની અપેક્ષાએ દ્રવ્યથી થાય છે. આત્માના ગુણો અવિનાશી છે પણ કર્મના પ્રબલપણાથી આવરાય છે. જ્ઞાનદૃષ્ટિ દ્વારા, સંસાર અને પુદ્‌ગલની અપ્રધાનતાની-અસારતાની દ્રષ્ટિથી કર્મનું પ્રબલપણું નાશ પામે છે તેથી કર્મથી આવરિત ગુણો પણ ધીમે-ધીમે ખુલ્લા થતા સંપૂર્ણ ખુલી જાય છે. માટે આત્માની નિત્યતાની ભાવના કરવી અને પુદ્‌ગલની અવસ્થાઓની અનિત્યભાવના કરવી જેથી જ્ઞાન-દૃષ્ટિ વિકસીત થાય અને આત્મા શુદ્ધ-સહજ સ્વરુપ પ્રાપ્ત કરે.

❀ ❀ ❀

# अनुस्मरति नातीतं

## ભૂતકાળને યાદ ન કરે.

ભૂતકાળ બે પ્રકારનો હોય છે, પોતાનો અને બીજાનો એ જ રીતે ધર્મરુપ અને પાપરુપ એમ પણ બે પ્રકારનો હોય છે. તો કોને યાદ ન કરવો ? ભૂતકાળની કઇ વસ્તુ યાદ કરવી, કઇ વસ્તુ યાદ ન કરવી ?

યાદ કરવાનું ૩ પ્રકારે છે. રાગથી, દ્વેષથી, મધ્યસ્થભાવથી અથવા અનુમોદનાથી, તિરસ્કારથી, ઉપેક્ષાથી. તો કઇ દ્રષ્ટિએ યાદ ન કરવું એ વિચારવું જરુરી છે.

૧) પોતાની ભૌતિક અનુકુળતાઓ યાદ કરવાથી જીવને મમતા-આસક્તિ વધે છે અને વૈરાગ્ય-ત્યાગ-ભાવના વગેરે ઘટે છે. એ રીતે વિષય ઉપભોગ વગેરે માટે પણ સ્મૃતિ-યાદ કરવાનો નિષેધ છે. આ અંગે અહીં નિષેધ સમજવો.

૨) જે સ્મરણ કરવાથી દ્વેષાગ્નિ ઉત્પન્ન થાય તેવા વૈર-વિરોધના પણ પ્રસંગો યાદ ન કરવા. આ અંગે પણ નિષેધ જાણવો.

૩) જેનાથી પાપની નિંદા-તિરસ્કાર થાય, પાપની રુચિ-પ્રવૃત્તિજન્ય પક્ષ-પાત-અનુબંધ તૂટે તે 'अइयं निंदामि' અતીતના પાપની નિંદા કરવારુપે યાદ કરવા અનિવાર્ય છે તેનો અહીં નિષેધ નથી, પરંતુ જે પાપની નિંદા કરવા જતાં નિંદા ગૌણ બને અને રુચિ પ્રધાન બને તેવા પાપોને નિંદારુપે પણ યાદ ન કરવા તે પણ અહીં સમજવું.

૪) ભૂતકાળના કરેલા ધર્માનુષ્ઠાન વગેરેને અનુમોદનારુપે પણ યાદ

કરવાનું વિધાન છે. શુભ પ્રવૃત્તિ-ધર્મપ્રવૃત્તિ અનુમોદનારુપે યાદ કરવાથી જીવ ધર્મમાં સ્થિર બને છે, આગળ વધે છે.

૫) અહીં યાદ કરવા જેવું જે ન હોય તેને યાદ ન કરવું, પરંતુ યાદ આવી જાય તો પાપના નુકસાનો-પરિણામ વગેરે યાદ કરીને મનને પાછું વાળવું. મધ્યસ્થભાવ પછી આવે, પહેલાં પ્રતિપક્ષ ભાવના કરવી.

ભૂતકાળના પ્રસંગો વીતી ગયા છે તેની યાદ આવે છે કે જીવ યાદ કરે છે ? યાદ કરવામાં જીવના રાગ-દ્વેષ સૂચવાય છે. પ્રશસ્તરુપે એટલે ધર્મની અનુમોદનારુપે, પાપની નિંદા-ગર્હા રુપે યાદ કરે ત્યારે મોહનીયનો ક્ષયોપશમ મુખ્ય બનવાથી પ્રશસ્ત રાગ-દ્વેષ બને છે તેથી તે નિષિદ્ધ નથી, વિધેય છે. પરંતુ વિષય-કષાયની, પાપસ્થાનોની પરિણતિથી જે કાંઇ અનુમોદના કે નિંદા થાય તે ઔદયિકભાવરુપ, દુર્ગતિ અને સંસારના મૂળરુપ છે તેથી તેની યાદ પણ વર્જ્ય છે.

**કૃષ્ણના** જીવે માતાનો પ્રેમ ન મળ્યાનું યાદ આવવાથી નિયાણું કર્યું. **વિશ્વભૂતિએ** પીતરાઇભાઇના હસવા ઉપર મશ્કરી સમજીને બળ માટે નિયાણું કર્યું. **બ્રહ્મદત્તે** પૂર્વભવમાં સ્ત્રીરત્નની લટના સ્પર્શને યાદ કરી નિયાણું કર્યું. **અગ્નિશર્માએ** પૂર્વ જીવનમાં ગુણસેનથી થયેલ પરેશાની યાદ કરી નિયાણું કર્યું.

આ ભૂતકાળનું સ્મરણ શુભ-અશુભ પરિણતિ જન્માવે છે અને તીવ્ર બનાવે છે માટે અશુભ પરિણતિ થાય તેવા અનુસ્મરણનો નિષેધ અત્રે સમજવો.



# नैव कांक्षत्यनागतम्

ભવિષ્ય માટે ઉત્કંઠા ન રાખે.

ભવિષ્ય માટે જે ઇચ્છા કરાય તે ઉત્કંઠા સૂચવે છે. **ઉત્કંઠા રાગ-દ્વેષની તીવ્રતા સૂચવે છે. તીવ્ર રાગ વગર પ્રાપ્તિની અને તીવ્ર દ્વેષ વગર છૂટકારાની ઉત્કંઠા થતી નથી. આ તીવ્ર રાગ-દ્વેષ અધ્યાત્મસાધનામાં જીવનો પ્રવેશ થવા દેતા જ નથી.**

૧) જે ચીજ પાસે ન હોય અને એની મહત્તા સમજાય-લાગે તે વસ્તુ વગેરે માટે જીવ ઉત્કંઠા કરે.

૨) ભૌતિક અશુભ વસ્તુ-પરિસ્થિતિને જીવ ભવિષ્ય માટે ઇચ્છતો નથી.

૩) સામાન્ય ચીજ-સંયોગો અંગે પણ જીવ ભવિષ્ય માટે વિશેષ ઇચ્છા ધરાવતો નથી.

૪) વિશેષ ચીજો પર પણ કે વિશેષ સંયોગો પર પણ જીવને મમતા, મહત્તા, હૃદયની વિશેષ લાગણી હોય ત્યારે તે એ વસ્તુની પ્રાપ્તિની ઇચ્છા કરે છે પરંતુ વૈરાગ્યની તીવ્રતામાં ભૌતિક વિશેષ ચીજો પણ ભવિષ્ય માટે ઇચ્છાતી નથી. એટલે જ ભાવ સમકિતી દેવલોકની ઇચ્છા કરતો નથી.

**સાંસારિક ચીજોની પ્રાપ્તિની ઇચ્છા એ વસ્તુની પ્રધાનતાની ઇચ્છા છે, અથવા વૈરાગ્યની અપરિપક્વતા છે, અથવા પરિસ્થિતિ અનુસાર નભાવવાની-વર્તવાની તૈયારી નથી.** આ વાત વૈરાગ્યની મંદતાથી આવે. પારલૌકિક ભૌતિક આકાંક્ષા પણ ધર્માત્મા યોગી ન રાખે માટે પરલોકસંબંધી ૯ નિયાણા ભાવધર્મીને વર્જ્ય બતાવ્યા છે.

આમાં સંયમ પ્રાપ્તિ માટે શ્રીમંત અવસ્થા પ્રતિબંધક માનીને દરિદ્ર અવસ્થા ઇચ્છે છે તે પણ અજ્ઞાન છે. ચક્રવર્તી પણ સામ્રાજ્ય છોડીને સંયમ લે છે જ્યારે દરિદ્ર દ્રમક પણ સંક્લિષ્ટ હોય છે જેના કારણે અનેકવિધ મુશ્કેલીઓ હોવા છતાં સંસાર છોડવાની, કર્મની પરાધીનતામાંથી મુક્ત થવાની ઇચ્છા જ જાગતી નથી. તેથી સંયમપ્રાપ્તિમાં સાત્ત્વિક વૈરાગ્યવૃત્તિ મુખ્ય છે. તેથી શુભ ગણાતી ભૌતિક આકાંક્ષા પણ વર્જ્ય છે. આ રીતે સામાન્યથી હોવા છતાં "જય વીયરાય" સૂત્રની પ્રાર્થનાઓ એ ભવિષ્યની આકાંક્ષા છે. છતાં તે નિયાણું કે પ્રતિબંધક નથી કારણકે ગુણની આકાંક્ષા છે. હું ક્યારે સાધુ થઉં, વ્રતધારી થઉં, નિર્મળ સંયમ-વ્રતો પાળું' વગેરે આકાંક્ષાઓ વર્જ્ય નથી. શ્રી ગૌતમસ્વામીજી પણ મને કેવળજ્ઞાન ક્યારે થશે તેની આકાંક્ષા કરતા હતા. માટે ક્રમિક ભૂમિકાથી વિચાર કરતા સાંસારિક-વૈષયિક આકાંક્ષા જાય, પછી સત્ત્વવિકાસના કારણે ધર્મના સાધનરુપ અનુકુળ સંયોગોની આકાંક્ષા જાય, પછી સ્વભાવસિદ્ધગુણોવાળાને ગુણ આકાંક્ષા પણ જાય છે. અત્રે યોગીને-સાધકને-ધર્માત્માને પ્રથમ આકાંક્ષાનો નિષેધ સમજાય છે.

માતાનો પ્રેમ ન મળવાથી માતાના પ્રેમની આકાંક્ષાએ **કૃષ્ણને** પૂર્વભવમાં નિયાણું કરાવ્યું.

**સનત્કુમાર** ચક્રવર્તીની પટરાણીના કેશની લટના સ્પર્શથી ઉત્પન્ન થયેલ સ્ત્રીપ્રાપ્તિની આકાંક્ષાએ **બ્રહ્મદત્ત** ચક્રવર્તીને પૂર્વભવમાં નિયાણું કરાવ્યું.

ત્રિપૃષ્ટના પૂર્વભવમાં **વિશ્વભૂતિ** મુનિને ગાયથી પડી જવાથી અને પિતરીયાભાઇના હસવાથી ઉત્પન્ન થયેલ બળની આકાંક્ષાએ બળનું નિયાણું કરાવ્યું. માટે ભૌતિક આકાંક્ષા નિયાણા દ્વારા યોગભ્રષ્ટ કરનાર છે.

આકાંક્ષા જો નિયાણું ન કરાવે તો પણ યોગના વિકાસમાં પ્રતિબંધક છે. યોગની મંદતાકારક પણ બને માટે ભૌતિક આકાંક્ષા ન હોય તે વિશિષ્ટ યોગી છે. આકાંક્ષાવાળા પ્રારંભિક યોગી હોઇ શકે છે. દ્રવ્ય સમકિતી બન્ને પ્રકારના હોય, આકાંક્ષાવાળા તેમજ આકાંક્ષા વગ-રના. ભાવ સમકિતી મોટા ભાગે ભૌતિક આકાંક્ષા વગરના હોય. આ આકાંક્ષા પારલૌકિકી સમજવી. આ લૌકિકી આકાંક્ષા ધર્મના ફળરુપે બહુધા ન હોય. જીવનનિર્વાહ કે તેવા પ્રકારની ભૂમિકામાં ધર્મના ફળરુપે નહિ, ધર્મના પ્રભાવરુપે શ્રીપાળની જેમ આકાંક્ષા સંભવી શકે પણ તે આકાંક્ષા પ્રધાનરુપે નથી, પ્રાસંગિકરુપે છે તેમ સમજવું.



# "शीतोष्णसुखदुःखेषु समो"

## ઠંડી-ગરમી,સુખ-દુઃખમાં સમભાવવાળા હોય.

જ્ઞાનયોગપ્રધાન સાધક અનુકુળ-પ્રતિકુળ પરિસ્થિતઓમાં સમભાવવાળો હોય છે. એજ રીતે સુખ-દુઃખમાં પણ સાધક સમભાવવાળો હોય છે અર્થાત્ અનુકુળ પ્રતિકુળતાની ભૌતિકદૃષ્ટિ જ્ઞાનદૃષ્ટિમાં-યોગમાં પ્રતિબંધક છે. એમ માની તેને વિશેષ ગણકારતો નથી. અનાદિકાળથી સંસારી જીવ અનુકુળતામાં અને સુખમાં રાગ-પ્રસન્નતા-આનંદવાળો હોય છે. પ્રતિકુળતામાં અને દુઃખમાં અરુચિ-વિહ્વલતા-અપ્રસન્નતાવાળો હોય છે. આ બન્ને ચિત્તની ચંચળ અવસ્થાઓ છે. ચિત્તની ચંચળતા આત્મશુદ્ધિની પ્રક્રિયારુપ યોગમાર્ગમાં બાધક બને છે. માટે યોગની આ ભૂમિકાએ પહોંચવા શક્ય અનુકુળતાઓનો ત્યાગ કરવો. અલ્પ-સાદા દ્રવ્યો-વસ્તુઓ દ્વારા શરીરને ભાડું આપી સાધના જીવનના આચારો આચરવા અને જે જે અનુકુળતા, પુણ્ય, યશ સંયમસાધનાથી ઉત્પન્ન થાય અને તેનો ઉપયોગ કરાય તેમાં પણ મનમાં સુખનું કારણ ન માનતા ઉદાસીન-મધ્યસ્થભાવને ધારણ કરી સાધનામાં જ મનને કેન્દ્રિત કરે. આ રીતે શક્ય ત્યાગ અને બાકીમાં ઉદાસીનતા-અનાસક્તિ દ્વારા અનુકુળતા અને સુખમાં યોગી સમભાવ-ઉદાસીન હોય અને યોગી થવા પ્રયત્ન કરનાર સમભાવ બનવા પ્રયત્ન કરે. સુખ અને અનુકુળતામાં આનંદિત થનાર-પ્રસન્ન થનાર રાગાંધ થાય છે, યોગરહિત થાય છે, યોગથી ભ્રષ્ટ થાય છે. વૈરાગ્યની આ ભૂમિકા છે કે અનુકુળતાનો ત્યાગ કરે, અનુકુળતામાં ઉદાસીન બને, રાગાદિને રોકે, ઘટાડે અને તેનાથી અનુકુળ ઉપસર્ગમાં-પરિષહમાં એ એનો જય કરવાનું સામર્થ્ય મેળવે છે. એ ઉપસર્ગથી કે

પરિષહથી પરાજિત થઇ યોગભ્રષ્ટ નથી થતા. આથી વિપરીત પ્રતિકુળ-તામાં-દુ:ખમાં જીવ સહન કરે, સમભાવ લાવે. દુ:ખના દ્વેષથી સમભાવનો નાશ થાય છે અને જીવ ગુણોથી-સાધનાથી નીચે પડે છે. માટે **'દેહે દુક્ખં મહાફલં'** બતાવ્યું છે. જેટલી સુકોમળતા-સુખશીલીયાપણું તેટલી સાધનાની મંદતા અથવા અભાવ.

**મરિચિએ** પ્રતિકુળતાથી વિહ્વલ થઇ ત્રિદંડિક મત કાઢ્યો અને ફરી પ્રતિકુળતાથી વિહ્વળ બનવાથી સેવાની લાલસા થઇ અને તેના કારણે ઉત્સૂત્ર પ્રરુપણા પણ કરી. સુખની લાલસાથી અને પ્રતિકુળતાની વિહ્વળતાથી જીવ નિયાણા કરે છે. આ બન્ને આર્તધ્યાન છે.

અનુકુળતામાં અને પ્રતિકુળતામાં સમપણું ત્રણે કાલની અપેક્ષાએ છે. ભૂતકાળનું યાદ આવે ત્યારે સમ રહેવું, વર્તમાનમાં પણ સમ રહેવું અને ભવિષ્યની વિચારણામાં પણ સમભાવ કેળવવો. ત્રણેમાંથી એકમાં પણ સમભાવ જાય તો આર્તધ્યાન અને અશુભ ભાવના સર્જાય. માટે અનિત્યાદિ ભાવનાઓ દ્વારા, તપ-ત્યાગ દ્વારા, સહનશીલતા દ્વારા, આચાર-ક્રિયા દ્વારા, જ્ઞાનાભ્યાસ અને અર્થ સહિત પરાવર્તન દ્વારા તેમજ ધ્યાન દ્વારા જીવ સમપણું મેળવે છે. સમપણું અનુકુળતા-પ્રતિકુળતામાં અને સુખ-દુ:ખમાં કેળવવાનું છે. જે બાકી રહે તેનો પણ આમાં અંતર્ભાવ સમજવો. રાગ-દ્વેષના નિગ્રહથી સમપણું ધીમે ધીમે આવે છે અને સમપણાથી ક્રમશ: વીતરાગભાવ સુધી પહોંચાય છે.



# "સમો માનાપમાનયોઃ"

માન-અપમાનમાં સમાનભાવ ધારણ કરનાર...

જ્ઞાની, જ્ઞાનની પરિણતિવાળા, છદ્મસ્થ, ૬-૭મી દૃષ્ટિવાળા સાધક માન-અપમાનમાં સમાન ભાવવાળા હોય છે. ભૂતકાળમાં અનંત-ભવોમાં જીવને કર્મે આપેલી વિશિષ્ટ પરિસ્થિતિઓ અને અદ્ભૂત મહા-રાજાધિરાજપણું કે દેવતાઇ ભોગો વિગેરે સંયોગો અને પોતાની જે સ્વરુપશુદ્ધ ઉચ્ચતમ આત્મસ્થિતિ, તેની આગળ વર્તમાનમાં મળતું માન પૈસા જેવું પણ નથી, અબજપતિને પૈસો આપવા જેવું છે તેથી તેના મનમાં ભૌતિક સમૃદ્ધિથી કે ક્ષાયોપશમિકગુણોથી મળતા માનની કોઇ વિસાત નથી. એજ રીતે પૂર્વના અનંતભવોમાં કર્મ અને અજ્ઞાને જીવનું જે ઘોર કદર્થ-નારુપ અપમાન કર્યું છે અને હજી ચાલુ છે તેની આગળ બીજાથી કરાતું અપમાન અત્યંત સામાન્ય છે તેથી યોગીને માનની મહત્તા નથી અને અપમાનની ગણતરી નથી, પરંતુ સ્વરુપ અને ગુણની મહત્તા હોય છે. ટૂંકમાં બહિરાત્માને માન-અપમાનનો વ્યવહાર છે. અંતર આત્મામાં તે પરરુપ, ઉપાધિરુપ, નિરર્થક લાગે છે. જ્ઞાનયોગી સદા સ્વરુપજ્ઞાનને યાદ રાખી-યાદ કરી તેને અનુકુળ વિચાર-વાણી-વર્તન કરનાર હોય છે તેથી માન-અપમાનમાં લેપાતો નથી.

સંયમની સાધના જ્ઞાનયોગપ્રધાન છે એમ યોગદૃષ્ટિ સમુચ્ચયમાં કહ્યું છે.

આત્માની અને આત્મગુણોની દૃષ્ટિથી બધા જીવો સ્વરૂપે તુલ્ય છે. ભૌતિકદૃષ્ટિ અને ક્ષાયોપશમિક ગુણોની દૃષ્ટિએ તરતમતા હોવા છતાં એ તરતમતા નાશ પામનારી છે, કોઇની સ્થાયી નથી તેથી ભૌતિક

અને ક્ષાયોપશમિકગુણોની દ્રષ્ટિએ અધિકતા કે ન્યૂનતા ઔપાધિક છે, સ્થાયી નથી. એ બેની મહત્તા કરનારને માન-અપમાન લાગે છે, એ બેની મહત્તા ન કરનારને માન-અપમાન લાગતા નથી.

સાધના માર્ગમાં પણ ક્યારેક અહંકારાદિના કારણે પોતાની સાધનાની વડાઇ લાગવાથી માન-અપમાન આદિ નડે છે. પરંતુ એ વખતે વિચારી શકાય કે શ્રીજિનશાસન મુજબ દ્રવ્યયોગ અચરમાવર્તમાં અને અભવ્યાદિને પણ અવસરે પ્રાપ્ત થાય છે અને એનાથી અનેક લબ્ધિઓ પણ મળે છે. જેમ દેવભવ સાથે અનેક શક્તિઓ મલે અને દેવભવ પૂરો થતાં એ શક્તિઓ જતી રહે છે તે રીતે...

અમુક વ્રત-પચ્ચક્ખાણ-આચાર-તપ-બાહ્ય સંયમ-જ્ઞાન વગે-રેના કારણે જીવને લબ્ધિ-શક્તિઓ ઉત્પન્ન થાય છે. આ શક્તિ ઉત્પ-ત્તિના કારણભૂત વ્રતાદિને પણ વ્યવહારમાં યોગ કહેવાય છે. પરંતુ એ અપ્રધાન છે અને ભાવયોગનું કારણ નથી.

અપુનર્બંધકથી આંશિક ભાવયોગ ઉત્પન્ન થાય છે. અને તેની પરાકાષ્ટા અસંગ અનુષ્ઠાનવાળા મહામુનિઓને હોય છે. તેથી આત્મિક બધા ગુણોની વાસ્તવિક આંશિક પ્રાપ્તિ અપુનર્બંધકથી શરુ થાય છે.

યોગ એટલે મોહનીય કર્મનો ક્ષયોપશમ અથવા ક્ષયોપશમ અનુકુળ કર્મની મંદતા. આ આવે એટલે મન સ્વસ્થ અને નિર્મળ બને છે તેથી દ્રષ્ટિ, વિચારણા અને ક્રિયા-આચાર પણ સ્વસ્થ, ઉચિત અને પ્રશાંત બને છે. માટે શ્રી જૈનશાસનની બધી જ પ્રક્રિયા યોગરુપ છે, યોગની પરાકા-ષ્ટાએ લઇ જનારી છે. બીજા દર્શનના યોગો પ્રારંભિક છે અને ૧૫૦૦ તાપસની જેમ આગળ જૈનશાસન અને એના યોગોને અવશ્ય પ્રાપ્ત કરાવનાર છે. જૈનશાસનના યોગો વગર મુક્તિ નથી. જૈનેતર યોગો-વાળા ભવાન્તરમાં જૈનધર્મ અવશ્ય પામીને જ મુક્તિએ જઇ શકે છે. માટે જૈનશાસનની એક-એક પ્રક્રિયા યોગ છે. માટે મોક્ષમાર્ગના અસંખ્ય

યોગો શ્રી જિનશાસનમાં બતાવ્યા છે. આમાંના અમુક યોગો આરાધ્યા એટલા માત્રથી કઇ વડાઇ ? આપણે અમુકમાં આગળ હોઇએ તો બીજા અમુકમાં આગળ હોય...વળી આ બધી સામગ્રી પણ કર્મપ્રદત્ત જ છે.

અનેક રોગથી ઘેરાએલો માણસ ઉંઘમાં-ઘેનમાં આંશિક સુખી હોવા છતાં એને સુખી ન કહેવાય, એ પોતાને સુખી ન માને, તેમ સંસારી જીવ અનેક કર્મો અને દોષોથી અનંતકાળથી પીડીત છે, કેવળજ્ઞાન પહેલા એનાથી મુક્તિ નથી, ત્યાં એને માનની ઇચ્છા કે અધિકાર ક્યાં છે ? માનને ઇચ્છનારો પોતાની કર્મોથી અને દોષોથી થતી કદર્થના-અપમાનને જોઇ શકતો નથી. તેથી તે માનને ઇચ્છનાર જીવની અજ્ઞાન દશા છે. જ્ઞાની ગુણને ઇચ્છે, કર્મના નાશને, દોષના નાશને ઇચ્છે પરંતુ માન ન ઇચ્છે. માનમાં પોતાની મહત્તા ન દેખાય, આનંદ ન પામે, એવી જ રીતે અપમાનથી ન અકળાય.

બીજું માન અને અપમાન એ ભૌતિક છે. અધ્યાત્મદૃષ્ટિવાળાએ જેમ અનુકુળતા-પ્રતિકુળતામાં સમતા કેળવેલી છે તેમ અધ્યાત્મદૃષ્ટિવા-ળાને માન-અપમાનમાં પણ સમતા હોય છે.

જ્ઞાનદૃષ્ટિવાળા પોતે માન-અપમાનમાં સમ હોવા છતાં ઔચિ-ત્યથી ભૂમિકાનુસાર બીજાને માન આપે, ક્યારેય વ્યવહાર ભંગ ન કરે, અને અપમાન તો ન જ કરે. એ જ રીતે જ્ઞાનદૃષ્ટિવાળા બીજાને ઔચિ-ત્યથી અનુકુળ વર્તે અને કોઇને પણ પ્રાય : ત્રિવિધથી પણ પ્રતિકુળ ન વર્તે.

**જ્ઞાનદૃષ્ટિ એટલે દરેક વિચાર વિવેક અને જ્ઞાનપ્રયુક્ત હોય, એ રીતે વાણી પણ શક્ય પ્રસંગાનુરુપ અધ્યાત્મગર્ભિત હોય અને વર્તન પણ સ્વ-પરના અંતરિક-બાહ્ય લાભ-નુકસાનને લક્ષમાં રાખી લાભ-કારી પ્રવૃત્તિ કરે, નુકસાનકારક પ્રવૃત્તિની ઉપેક્ષા કરે, છોડી દે.**

આ રીતે જ્ઞાનદૃષ્ટિ જેટલી વિકસીત તેટલા એના કાર્યો-ગુણો વિકસીત અને સર્વત્ર વ્યાપી બને છે.

# जितेन्द्रिय

## ઇન્દ્રિયોને જીતનાર

જ્ઞાનની પરિણતિ જેમ થાય તેમ એના પરિણામરુપે અજ્ઞાન-મોહ-અવિવેકના કાર્યો ઓળખાય, સમજાય, ઘટે અને સર્વાંશે છૂટે અને જ્ઞાન, સમજણ અને વિવેકબુદ્ધિયુક્ત કાર્યો તેમજ ગુણો સ્વીકારાય અને આચરાય. જિતેન્દ્રિયપણું કે બીજા ગુણો બાહ્ય અને આંતરિક બે પ્રકારના હોય છે. આંતરિક એટલે ક્ષયોપશમરુપ, તમન્ના=લાગણી-કાળજીરુપ, અને બાહ્ય એટલે પાલનરુપ, આચારરુપ.

**સામાન્યપણે બાહ્ય આચારો પાળતા પાળતા, એનું માહાત્મ્ય-લાભ સમજતા, વારંવાર તે અંગે ભાવના કરતા આંતરિક પરિણતિ ઘડાય. પછી જેમ જેમ જ્ઞાન, ભાવના અને બાહ્ય ચોકસાઇ દ્વારા આંતરિક પરિણતિ ઘડાય તેમ બાહ્ય આચાર મજબુત અને નિરતિચાર થાય.**

બાહ્ય આચાર વગરનાની આંતરિક દૃષ્ટિ જાણી શકાતી નથી, તેનો નિશ્ચય થઇ શકતો નથી તેથી જેવો વ્યવહાર હોય તેવી આંતરિક દૃષ્ટિનો આરોપ કે વ્યવહાર કરવાનો હોય છે. મોટાભાગે જેવી આંતરિક દૃષ્ટિ હોય તેવો વ્યવહાર જીવો દરેક બાબતમાં કરે છે. ફક્ત માયાથી જુદો વ્યવહાર કરે અથવા બાહ્ય સંયોગ પ્રતિકુળ હોય તો આંતરિક દૃષ્ટિથી ભિન્ન વ્યવહાર કરવો પડે. પરંતુ **સામાન્યથી આંતરિક દૃષ્ટિ અનુસાર બાહ્ય વ્યવહાર થાય છે અને બાહ્ય વ્યવહાર અનુસાર આંતરિકદૃષ્ટિ હોય છે, જણાય છે અને ન હોય તો ઘડાય છે.**

**નિશ્ચય એ વ્યવહારનો પાલક-પોષક-જ્ઞાપક છે તો વ્યવહાર એ નિશ્ચયનો પ્રાપક છે.**

માટે ગુણો મેળવવા ઇચ્છનારે આચારને પ્રધાનતા આપવી, આચાર પાળવા અને સાથે જ્ઞાનદૃષ્ટિ કેળવવી.

અહીં જ્ઞાનદૃષ્ટિયુક્તના-જ્ઞાનયોગીના બાહ્ય ચિહ્નો બતાવવામાં આવે છે. કારણ બાહ્યના વિષય તરીકે વ્યવહાર, ક્રિયા અને લક્ષણો-ચિહ્નો જ આવી શકે....

**જેમ ૪ જ્ઞાન મૂક છે તે શ્રુતજ્ઞાન વગર જણાવી શકાતા નથી તેમ નિશ્ચય આત્મપરિણતિ એ પણ મૂક છે, એ વ્યવહારિક ચિહ્નો વગર જણાવી શકાતી નથી.** માટે વ્યાવહારિક ચિહ્નોમાં, ઉપાયમાં, લક્ષણોમાં પ્રયત્ન કરનાર નિશ્ચય પામે છે અને સાચા નિશ્ચયવાળો અને યોગ્ય ક્ષયોપશમવાળો જીવ વ્યવહાર આચર્યા વિના પ્રાયઃ રહેતો નથી. જેને દર્શનમોહનીય અને ચારિત્રમોહનીયનો ક્ષયોપશમ હોય તેને જ્ઞાન-યોગી કહેવાય છે અને એ ક્ષયોપશમ માટે કે એ ક્ષયોપશમથી જે આચારપાલન વગેરે શાસનની મર્યાદાઓ તે ક્રિયાયોગ કહેવાય, જ્ઞાનયો-ગીના લક્ષણ, સ્વરુપસૂચક કહેવાય.

વિષયોમાં ઇન્દ્રિયોની અપ્રવૃત્તિ-રોકાણ-ત્યાગ-ઉપેક્ષા-ઉદાસી-નતા આ બધા જીતેન્દ્રિય પણાના પ્રકારો છે. પ્રથમ બે બાહ્ય છે, ત્રીજું બાહ્ય અને આંતરિક છે, પાછળના બે આંતરિક છે. વિષયોના ત્યાગ પછી પણ ઉપેક્ષા-ઉદાસીનતા લાવવાની છે માટે બાહ્ય જિતેન્દ્રિયપણું બે કે ત્રણમાં અને આંતરિક પાછળના ૩ કે બેમાં છે.

ઇન્દ્રિય બે પ્રકારની છે. દ્રવ્ય ઇન્દ્રિય અને ભાવ ઇન્દ્રિય. દ્રવ્ય ઇન્દ્રિય એ પુદ્ગલરુપ અને આત્મપ્રદેશરુપ છે. વિષયનું જ્ઞાન કરવાનું સાધન છે.

ભાવઇન્દ્રિય એટલે આત્માની જ્ઞાન કરવાની શક્તિ. તે બે પ્રકારે છે, લબ્ધિ અને ઉપયોગ.

સંસારી આત્મા લબ્ધિ-ઉપયોગરુપ પોતાની જ્ઞાનશક્તિ ઇન્દ્રિયો વિના મેળવી શકતો નથી તેથી આ દ્રવ્યેન્દ્રિય આત્માની જ્ઞાનશક્તિનું સાધન છે. આ સાધનમાં સ્વયં જ્ઞાન કરવાની શક્તિ નથી, આત્મા એના દ્વારા જ્ઞાન કરે છે.

આ સાધન પાંચ પ્રકારના છે. તેનાથી જુદું જુદું જ્ઞાન થાય છે. તેથી તે તે ઇન્દ્રિયો દ્વારા થતા જ્ઞાનના વિષયોને તે તે ઇન્દ્રિયના વિષયો કહેવાય છે. કાનનો વિષય શબ્દ, આંખનો વિષય રુપ, નાકનો વિષય ગંધ, જીભનો વિષય રસ અને ચામડીનો વિષય સ્પર્શ. આ પાંચ વિષયો પણ જીવથી યુક્ત હોય કે જીવ વગરના હોય, પણ બન્ને પુદ્ગલ રુપ જડ છે. શબ્દાદિ જડ પુદ્ગલોનું સ્વરુપ આત્મા જાણે છે.

આ જ્ઞાન અચાનક કે પ્રાસંગિક થાય છે અને પ્રયત્નપૂર્વક, ઇરાદાપૂર્વક પણ જીવ કરે છે. ઇન્દ્રિયના વિષયોનું જીવને આ બે પ્રકારે જ્ઞાન થાય છે.

સંસારી રાગદ્વેષાંધ જીવ જે કાંઇ જ્ઞાન કરે તેનું પોતાના અજ્ઞાન અને મોહના કારણે ૩ વિભાગમાં વિભાગીકરણ કરે છે. રાગના કારણે ઉપાદેયરુપે-ગમતારુપે માને છે. દ્વેષના કારણે હેયરુપે-અણગમતારુપે માને છે અને જ્યાં વિશેષ લાભકારી-નુકશાનકારીની બુદ્ધિ નથી હોતી તેને ફક્ત જ્ઞેય અથવા ઉપેક્ષણીય તરીકે જાણે છે. વિષયોમાં પણ જીવ ઇષ્ટ-અનિષ્ટ બુદ્ધિથી રાગ-દ્વેષયુક્ત ગમો-અણગમો કરે છે. જીવ રાગ દ્વારા ઇષ્ટપણાનું જ્ઞાન કરે છે, દ્વેષ દ્વારા અનિષ્ટપણાનું જ્ઞાન કરે છે.

પ્રથમ પ્રકારમાં સ્વાભાવિક રીતે ઇન્દ્રિયથી થતા જ્ઞાન વખતે જીવ રાગ-દ્વેષને રોકવાની સાવધાનીપૂર્વકની પ્રવૃત્તિ કરે તે ઇન્દ્રિયજય છે, બીજા પ્રકારમાં ઇષ્ટવિષયોમાં જતા મન અને ઇન્દ્રિયને રોકવા, પાછા વાળવા, વિષયાંતરમાં લઇ જવા એ ઇન્દ્રિયજય છે. ઇષ્ટ વિષયોમાં

ઇન્દ્રિયોને ન પ્રવર્તાવવી, અનિષ્ટ વિષયોમાં તો સામાન્યથી કોઇ પ્રવર્તાવતું નથી પરંતુ તેની સ્મૃતિ વગેરેમાં દ્વેષ-તિરસ્કારાદિ ભાવોને રોકવા, રોગાદિકારણે બિમારની સેવા વગેરેમાં દુર્ગન્ધ વિગેરેની ઉપેક્ષા કરી સેવા કરવી, દુર્ગન્ધ સ્વીકારવી-વેઠવી તે ઇન્દ્રિયજય છે.

જ્ઞાનયોગી રાગદ્વેષથી અટવાતો નથી તેથી તે ઇન્દ્રિયના વિષયોમાં રાગદ્વેષને રોકવા વડે અને વિષયોમાં પ્રવર્તતી ઇન્દ્રિયોને રોકવા વડે ઇન્દ્રિયજય કરે છે.

આ જય ૩ પ્રકારે છે- ૧) વિષયોમાં અપ્રવૃત્તિ ૨) વિષયોનો અલ્પ ઉપયોગ ૩) વિષયોમાં ઉપેક્ષા-ઉદાસનીતા.

બીજા ભેદમાં રાગ-દ્વેષનો નિગ્રહ પણ સમજવો.

બીજું જેઓ ઇષ્ટ વિષયોની અને તેમાં થતા રાગની ભયંકરતાને જાણે છે, તથા તે આસક્તિને અનંતસંસારનું કારણ-દુર્ગતિનું કારણ સમજે છે તેઓ જેમ વિષયોની પ્રવૃત્તિઓ રોકે છે, ઘટાડે છે, ક્વોલીટીનો આગ્રહ છોડે છે, મનમાં એના અપાયો વિચારીને એના પ્રત્યેની મમતા-આકર્ષણ ઘટાડે છે એમ અનિષ્ટમાં સમત્વ કેળવી દ્વેષ પણ ઘટાડે છે. તેથી ત્રણે કાળના જગતના અનેક વિષયોને સ્મૃતિમાં લાવતા નથી, આવે તો વૈરાગ્યભાવના દ્વારા મનને સ્વસ્થ રાખીને એ વાત મનમાંથી કાઢી નાખે છે, માટે જિતેન્દ્રિયની આ બીજી ભૂમિકા છે કે બીજાની સુખસાહ્યબી કે પોતાની ભૂત-ભવિષ્યકાળની સુખસાહ્યબી, માન-પાન વગેરેને એ મહત્વ નથી આપતો, એમાં ઇર્ષ્યા-સ્પર્ધા કે આનંદ-પ્રસન્નતા નથી લાવતો. આ પણ ઇન્દ્રિયજય છે. જ્ઞાનયોગીને ક્રમશઃ આ આવે છે માટે જ્ઞાનયોગી વગર ઇન્દ્રિયજય વાસ્તવિક, સ્થાયી અને વિશિષ્ટ કોટીનો હોતો નથી માટે સહુએ જ્ઞાનયોગ દ્વારા આ ઇન્દ્રિયજય કરવા પ્રયત્ન કરવો જોઇએ.

# जितक्रोधो

**ક્રોધ પર નિયંત્રણ મેળવ્યું છે તેવો...**

આ ગુણ એટલે બતાવ્યો છે કે અહીં જ્ઞાનયોગીનું સ્વરુપ ચાલી રહ્યું છે. જ્ઞાનપરિણતિથી સમતા આવે. આત્મામાં સમતા-સમાધિનો અનુભવ કરાવે તે જ્ઞાન સમ્યગ્ કહ્યું છે. બત્રીશીમાં લખ્યું છે. **'तज्ज्ञानमेव न भवति यस्मिन्नुदिते विभाति रागगण:'**

જ્ઞાનનું મુખ્ય ફળ સમતાલાભ છે. કારણ કે જ્ઞાનપરિણતિ વિવેકરુપ છે. વિવેક=ઉચિત-અનુચિત, કર્તવ્ય-અકર્તવ્યના ભેદનો સ્વીકાર, લાગણી, રુચિ.

સંસારમાં મોહાન્ધ જીવો ઘણી બાબતોમાં કર્તવ્યને અકર્તવ્ય, અકર્તવ્યને કર્તવ્ય સમજે છે. **મોહનું કામ છે અનિશ્ચિત વૃત્તિ.** જ્યારે જેમાં લાભ લાગે ત્યારે તેના પક્ષે રહેવું, બીજાને તોડી પાડવા, ખોટા ઠરાવવા. જ્ઞાનનું કામ છે હેય તરીકેનું કે ઉપાદેય તરીકેનું નિશ્ચિત વલણ-વિચારણા...

રાગની લાગણી એ વસ્તુ-વ્યક્તિ-વ્યવહાર વગેરેમાં દોષ-નુકશાન જોવા દેતી નથી. દ્વેષની લાગણીઓ એ વસ્તુ વગેરેના લાભ-ગુણ દેખાડતી નથી. ક્યાંક કોઇક બતાવે તો પણ તે વાતને મહત્વ ન આપે. જ્યારે **જ્ઞાન એટલે શાસ્ત્ર-વિચાર (ચિંતન) અને અનુભવ ત્રણેની એકતા.** અહિં પ્રથમ જ્ઞાન શાબ્દિક સામાન્ય હોય છે. બીજા નંબરમાં કાર્ય-કારણ ભાવ, તર્ક, પરસ્પર સંગતિ, દ્રષ્ટાંત વગેરેથી યુક્ત થવાથી બીજાને પણ સમજાવી શકવાને સમર્થ બને છે. પરને એનાથી લાભ થાય છે અને એ

જ જ્ઞાન મોહનીયક્ષયોપશમયુક્ત થાય તો સ્વાનુભવયુક્ત બને છે.

આ જ્ઞાન વિવેકરુપ હોય છે. પ્રથમ જ્ઞાનને **શ્રુતજ્ઞાન** કહેવાય, બીજા જ્ઞાનને **ચિંતાજ્ઞાન** કહેવાય, જ્યારે ત્રીજા જ્ઞાનને **ભાવનાજ્ઞાન** કહેવાય. પ્રથમ જ્ઞાનમાં ગુણો-દોષો શબ્દથી જણાય છે. બીજા જ્ઞાનથી ગુણો-દોષો સ્પષ્ટપણે ઓળખાય છે. જ્યારે ત્રીજા ભાવનાજ્ઞાનથી ગુણ-દોષોનું માર્મિક વાસ્તવિક સ્વરુપ સંવેદાય છે-અનુભવાય છે. આ ત્રીજા જ્ઞાનને વેદ્ય-સંવેદ્યપદ કહ્યું છે જે ભાવસમકિતીને હોય. તેને જ્ઞાનદષ્ટિ હોય તેથી બહુધા એ દોષોની તીવ્રતાવાળો ન હોય, એના દોષો ઘટતા જાય માટે દોષરહિત ન કહેતા-ક્રોધરહિત ન કહેતા દોષોને જીતનાર કહ્યો છે. માટે જ્ઞાનદષ્ટિવાળાના બધા કર્મો અને દોષો હીયમાન જણાવ્યા.

જ્ઞાન-ચિંતન અને ભાવના જેમ-જેમ વિકસે તેમ-તેમ દોષો ઘટે, જ્ઞાનદ્રષ્ટિ તીવ્ર બને. અભ્યાસ એ પ્રથમ પગથીયું છે, શ્રુતજ્ઞાન છે. એમાં સૂત્રજ્ઞાન-અર્થજ્ઞાન-વાચના-વ્યાખ્યાન વિ. આવે. પછી પરાવર્તન, અર્થ-વિચારણાપૂર્વકનું પરાવર્તન-પૃચ્છના-ભાવનાઓ આ ચિંતાજ્ઞાનમાં આવે. અર્થની અનુપ્રેક્ષા ચિંતાજ્ઞાન અને ભાવનાજ્ઞાનમાં આવે.

આ બધું જ્ઞાનદ્રષ્ટિને તીવ્ર-વેધક અનુભવયુક્ત બનાવે છે. જેમ-જેમ જ્ઞાનદ્રષ્ટિ વિકસિત થાય તેમ જ્ઞાનયોગીના ગુણો આવે.

દરેક ગુણોના આચારને-દોષકારક પ્રવૃત્તિના ત્યાગને ક્રિયાયોગ કહેવાય છે. એ ક્રિયાયોગમાં ગૌણ-મુખ્યભાવની સમજણ અને તેને અનુસાર પ્રવૃત્તિ એ જ્ઞાનયોગ છે. અને એ ગૌણ-મુખ્ય ભાવને સમજ-વાની શક્તિ, લાભ-નુકશાનની જે દ્રષ્ટિ-દોષનિગ્રહ વગેરેનો જે ઉદ્દેશ આ બધું જ્ઞાનયોગ છે. **અવસર-અનવસરને જાણવો તે જ્ઞાનદષ્ટિ છે અને અવસરે વર્તવું, અનવસરે ન વર્તવું તે જ્ઞાનયોગ છે.** ક્રોધ ન કરવો જોઇએ એવી સમજણ તે જ્ઞાનદષ્ટિ છે અને ક્રોધના પ્રસંગે ક્ષમા રાખવી

તે જ્ઞાનયોગ છે.

બધા દોષોમાં શિરમોર કષાયો છે અને કષાયોમાં મુખ્ય ક્રોધ છે. ક્રોડ પૂર્વના સંયમની સાધનાને એક ક્ષણનો ક્રોધ પળવારમાં ખલાસ કરી નાંખે છે. ચિત્તની સમાધિ અને સ્વસ્થતાને વિનષ્ટ કરી નાંખતા ક્રોધને જ્ઞાનયોગી જીતી લેતો હોય છે.

**ક્રોધને જીતવા માટે જ્ઞાનીની વિચારણા-**

★ ક્રોધ-અરુચિથી જીવ અસ્વસ્થ બની સમતા ગુમાવે છે. આરાધનામાં કોઇ પણ ઠેકાણે ઠરતો નથી. જીવ પ્રત્યે દ્વેષ-અરુચિ ધારણ કરે છે તેથી સદ્ભાવના રહેતી નથી.

★ ક્રોધના કારણે ગુણો નાશ પામે છે, દોષો પ્રગટ થાય છે, તીવ્ર બને છે. પાપ બંધાય છે. નરકાદિ દુર્ગતિના ભાગી બનાય છે.

★ મોહ-અજ્ઞાનની વૃદ્ધિ થાય છે, વિવેક-ઔચિત્ય નષ્ટ થાય છે.

★ ક્રોધથી કદાચ ભૌતિક નુકશાન બચે પરંતુ આધ્યાત્મિક નુકશાન ઘણું થાય છે. તેથી ભૌતિક નુકશાન વેઠીને પણ ક્રોધ ન કરવો.

★ જેને અવિવેક, દુ:ખ અને દુર્ગતિ ન જોઇએ તેણે ક્રોધનો આશ્રય ન કરવો.

★ ક્રોધથી ધર્મ અને યોગભ્રષ્ટતા પણ થાય છે.

યોગી-જ્ઞાની ક્રોધ વગેરેના નિગ્રહ માટે સદા તૈયાર હોય છે. જ્ઞાની જ્ઞાન દ્વારા સતત કષાયના નુકશાનને જુવે છે, વિચારે છે અને તેના નિગ્રહના લાભ પણ જુવે છે માટે સહજ રીતે નિગ્રહ કરી શકે છે. જેટલી જ્ઞાનદ્રષ્ટિ વિકસીત તેટલો દોષનો નિગ્રહ સરળ અને સ્વાભાવિક થાય છે.

❋ ❋ ❋

# માનમાયાऽनुपद्रुत

**માન-માયાના ગાંડપણથી રહિત હોય...**

જીવની બે અવસ્થા છે. એક ગાંડપણવાળી, બીજી સ્વસ્થ. ગાંડો માણસ જે કરે તે પરવશપણે કરવા છતાં સ્વાધીન માનીને કરે છે, સ્વસ્થ માણસ પરાધીન-પરવશપણે જે કરે તે પરવશતા સમજીને કરે છે, પરવશતા છૂટતા તરત છોડી દે છે.

સમકિતી આત્માની પરવશતા સ્વસ્થ માણસ જેવી છે. પરવશ અવસ્થામાં પણ અંતરથી સ્વસ્થ છે. જ્યારે અપુનર્બંધક પૂર્વેની મિથ્યાત્વ અવસ્થા ગાંડા માણસ જેવી છે.

કર્મના ઉદયોથી બે પ્રકારની અવસ્થા થાય છે. ગાંડા માણસ જેવી અવસ્થા કરે તે ઉપદ્રુત અવસ્થા અને સ્વસ્થ રખાવે તે અનુપદ્રુત અવસ્થા.

જેમાં અનંતાનુબંધી કર્મના ઉદયો તથા મિથ્યાત્વ મોહનીય, આ બંનેના તીવ્ર ઉદય ભળે તે કર્મો નિકાચીત હોય કે અનિકાચીત, પણ જીવને ઉપદ્રવિત કરે-એની વિવેકયુક્ત જ્ઞાનદૃષ્ટિનો નાશ કરે. જ્યારે દર્શન મોહનીયના ક્ષયોપશમ કે ક્ષયયુક્ત જીવને જે જે કર્મના ઉદયો થાય તેથી જીવ પીડિત હોય, પરવશ હોય પણ ઉપદ્રવિત ન હોય, એટલે કે તે વખતે પોતાનો વિવેક ન ગુમાવે, સર્વથા દોષોને પરાધીન ન બને.

માન-માયા સમકિતીને-જ્ઞાનીને-જ્ઞાનદૃષ્ટિવાળાને તીવ્ર ન હોય. જ્યાં-ત્યાં, જેવી-તેવી રીતે એ જીવનમાં ન આચરે, વડિલોને ન ઠગે, ન તિરસ્કારે.

ઉપદ્રવિત માણસ ગમે ત્યારે, ગમે તેના પર, ગમે તે રીતે શક્તિ વગેરેનો ઉપયોગ કરે, સ્વસ્થ અનુપદ્રવિત માણસ તેવી રીતે ઉપયોગ ન કરે. જ્ઞાનદૃષ્ટિવાળાને અપ્રશસ્ત માન-માયા ન હોય અને જે સ્થુલ હોય તે પણ પ્રશસ્તરુપે હોય, માટે તેને અનુપદ્રુત કહ્યું છે.

નિકાચીત કર્મવાળા પણ જ્ઞાનદૃષ્ટિવાળાને ફરી તેવા કર્મ બંધાતા નથી, જુના ભોગવાઇને પુરા થાય છે.

જ્ઞાનદૃષ્ટિવાળા કર્મોથી તેવા પરાધીન નથી બનતા, એમના જીવન વ્યવહારમાં માન-અહંકાર ભરેલો નથી હોતો અને મનથી પણ માયારુપ કે બીજાને છેતરવા વગેરેરુપ વ્યવહાર નથી હોતા.

જ્ઞાનદૃષ્ટિયુક્તના વ્યવહારો બધા જોડે નમ્ર અને સરળ હોય છે.

**જેના જીવનવ્યવહારો સામાન્યથી નમ્ર અને સહકાર ભરેલ, મળતાવડા અને સરળ ન હોય ત્યાં સમજવું કે જ્ઞાનયોગી નથી.**

અતડાપણું અને આંતરાપણું, છુપાવવાપણું અને છેતરવાપણું, વડાઇપણું અને તિરસ્કારપણું આ બધો કર્મનો ઉપક્રમ છે. તે જ્ઞાની-જ્ઞાનયોગી-જ્ઞાનપ્રધાન વ્યવહાર કરનારને ન હોય.

માનપ્રધાન વગેરે વ્યવહાર અજ્ઞાની-મિથ્યાત્વી જીવોને બહુલ-તાએ હોય છે. અહિં માન-માયા ન હોય તેમ નથી કહ્યું પણ માનમાયાથી ઉપદ્રવિત-વિશેષ પીડિત ન હોય તેમ જણાવ્યું છે.

જ્ઞાનદૃષ્ટિવાળા મોહનીયકર્મથી પ્રાય : કોઇપણ રીતે વિશેષ પીડિત ન હોય, અર્થાત્ વિશેષ પીડાનો જ્ઞાનદૃષ્ટિ નાશ કરે છે અને તેવા કર્મોનો નાશ થવાથી શુદ્ધ જ્ઞાનદૃષ્ટિ ઉત્પન્ન થાય છે.

# लोभसंस्पर्शरहित

## લોભના સંસ્પર્શરહિત-

કષાયોના ઉદય બે પ્રકારે શાસ્ત્રોમાં બતાવ્યા છે. છદ્મસ્થોને સામાન્યથી જે ન જણાય તેવા વિપાકોદયને **અજ્ઞાતઉદય** કહેવાય અને જે સ્પષ્ટપણે કોઇ પણ વ્યક્તિ જાણી શકે તે **જ્ઞાતઉદય** કહેવાય. અજ્ઞાત ઉદય તો ક્ષપકશ્રેણિથી નાશ ન થાય ત્યાં સુધી પ્રવર્તે છે. એ રોકી શકાતા કે અટકાવી શકાતા નથી. જ્ઞાત ઉદય બે પ્રકારે છે. **અનિગૃહીત** એટલે જેના પર પોતાનો અંકુશ ન હોય, અત્યંત દૃઢ અને **નિગૃહીત** એટલે જે અંકુશમાં હોય, જે અત્યંત અલ્પ હોય, અત્યંત સૂક્ષ્મ જેવા હોય. આ કષાયો પણ ક્ષપકશ્રેણિ સિવાય નાશ ન પામે માટે સ્પર્શરહિત તેમ ન લખ્યું. ક્રોધ રહિત, માન-માયા રહિત એમ પણ ન લખ્યું કારણ કે એવા અલ્પ પ્રમાણના અનુભવાતા કષાયો તો આ જ્ઞાનયોગીની દશામાં સ્થિતપ્રજ્ઞને પણ હોય છે પરંતુ જેને રોકવા પડે, જે આત્માને વિહ્વળ બનાવે, જેનો ઉપક્રમ અનુભવાય, જે વિશેષ રુચિરુપ બને તેવા ચારે કષાયો સ્થિરપ્રજ્ઞા-વાળા ૬-૭મે સ્થાનકે રહેલા જ્ઞાનયોગીને નથી હોતા. આ પણ એક ઉચ્ચ પ્રકારની ભૂમિકા છે. આથી નીચેની જ્ઞાનયોગીની ભૂમિકામાં તેઓ જ્ઞાનના બળે કષાયો ઘટાડવાના પુરુષાર્થવાળા હોય છે. માટે કષાયોના જય માટે બે ભૂમિકા છે, ક્રિયાયોગ અને જ્ઞાનયોગ. ક્રિયાયોગવાળા કષાયોના નિમિત્તથી દૂર રહે. જેમકે લોભની અપેક્ષાએ વિશિષ્ટ ચીજ ન રાખે, ન વાપરે, એના પરની સારાપણાની વૃત્તિ દૂર કરવા ભાવનાનો આશ્રય કરે. બીજા પાસે રહેલી ચીજ આપણે છોડી શકવાના નથી, તેથી તે ક્રિયાયો-ગનો વિષય નથી પરંતુ તે વસ્તુમાં આપણને જે આનંદ થાય છે વસ્તુમાં


ગુણકારીપણાની બુદ્ધિ થાય છે તે ભાવનારુપ જ્ઞાનયોગથી ઘટે છે, છૂટે છે. ક્રિયાયોગી શક્ય ક્રિયા સુધી પ્રવર્તે, ત્યાર બાદ જે ત્યાગાદિ શકય નથી, દેહ-ઉપધિ, આહાર અને દુનિયામાં વર્તતી ચીજો પ્રત્યે આંખ-કાનના સંયોગથી થતા રાગ-દ્વેષ-મમતા વગેરેને ભાવનારુપ જ્ઞાનયોગ દ્વારા જ ઘટાડતા સ્થિતપ્રજ્ઞની પરાકાષ્ટાએ પહોંચે છે. માટે ક્રિયાયોગીને જ્ઞાનયોગ હોય કે ન પણ હોય પરંતુ જ્ઞાનયોગીને ક્રિયાયોગ અવશ્ય હોય. મિથ્યાદૃષ્ટિ ક્રિયાયોગી છે માટે દેશઆરાધક. બાળતપસ્વી, દ્રવ્ય સંયમી, માંખીની પાંખ જેવું નિર્મળ ચારિત્ર પાળનાર દુર્ભવી-અભવી આદિ જીવો દેશ આરાધક છે. જ્યારે અવિરત સમકિતી જીવો જ્ઞાનયોગી છે તેથી દેશવિરાધક કહ્યાં છે, એટલે કે સ્થિતપ્રજ્ઞતા ૪ થા ગુણ. થી શરુ થાય છે અને તેમાં ભાવનાયોગ-જ્ઞાનયોગ પ્રધાન હોય છે.

ટૂંકમાં શક્યમાં ક્રિયાયોગયુક્ત જ્ઞાનયોગ હોય છે, અશક્યમાં માત્ર જ્ઞાનયોગ હોય માટે જ્ઞાનયોગીને અનિગૃહીત કષાયો, વિશિષ્ટ કષાયો, દુર્ગતિદાયક કષાયો હોતા નથી. આ રાજમાર્ગ છે માટે સમકિ-તીને નરક-તિર્યંચગતિ વિગેરે વિશેષ પાપ બંધ દુર્ગતિબંધ થતાં નથી. તેમજ પાપપ્રકૃતિઓના બે ઠાણિયા ઉદયના રસબંધ થતાં નથી. આમ **શક્ય નિમિત્તોનો ત્યાગ-તપશ્ચર્યા-કાયકલેશ એ ક્રિયાયોગ છે. અશ-ક્યમાં ભાવનાઓ દ્વારા ચિત્તની ઉદાસીનતા, સ્વસ્થતા, રાગાદિનો અનુદ્રેક એ જ્ઞાનયોગ છે.**

વિષયોમાં સુખ નથી અને વિષયોથી કોઇ સુખી નથી આવું સંવેદન તે જ્ઞાનયોગ છે માટે પ્રસ્તુતમાં જીત, અનુપદ્રુત અને સંસ્પર્શ રહિત વગેરેથી રાગાદિની તીવ્રતા, ભવની પરાધીનતા વગેરેનો જ્ઞાનયો-ગીને નિષેધ કર્યો છે.

નવા નવા સંયમસ્થાનની પ્રાપ્તિ જ્ઞાનયોગથી થાય છે અને પરા-

કાષ્ટાએ પહોંચેલ એ મહાયોગી, સ્વભાવયોગી અથવા અયોગી કહેવાય છે. જ્ઞાનયોગ ૬-૭ ગુણસ્થાનક સુધી આભોગ ઉપયોગરુપ છે. આંશિક શરૂઆત અપુનર્બન્ધકથી છે. અપુનર્બંધક અવસ્થા પહેલા માત્ર ક્રિયાયોગ હોય છે. અપુનર્બંધકથી જ્ઞાનયોગની આંશિક શરૂઆત થાય છે. વ્યવહારિક જ્ઞાનયોગ અવિરત સમ્યગ્દૃષ્ટિથી- ૪ થા ગુણસ્થાનકથી આવે. પ્રધાન જ્ઞાનયોગ ૬-૭મા ગુણસ્થાનકે આવે. અપુનર્બંધકથી દેશવિરતિ સુધી બન્ને ક્રિયાયોગ-જ્ઞાનયોગ હોય છે. એની ઉપર પણ બન્ને હોય છે પરંતુ મુખ્ય જ્ઞાનયોગ હોય છે એમ સમજાય છે.



# वेदखेदविवर्जित

**વેદના થાક-કંટાળાથી વર્જિત...**

અહિં ખેદ શબ્દપ્રયોગ છે. ઇષ્ટ વિષયોના સંપર્કમાં જીવને આનંદ આવે છે પરંતુ તે પહેલાં જે અધીરાઇ, ઉત્કંઠા, પ્રવૃત્તિની ઝંખના વગેરે જીવના સ્વભાવરુપ નહિં પરંતુ વિભાવરુપ હોવાથી તેનું ખેદ શબ્દથી સૂચન કર્યું. આ અવસ્થા બહુધા અશાતાના ઉદયથી યુક્ત હોય છે. પાંચે ઇન્દ્રિયોના વિષયોના પુદ્ગલોમાં કે તેના ગુણધર્મમાં રાગાદિની પરિણતિને વેદ કહેવાય છે. વ્યવહારથી પુદ્ગલોમાં કે તેના ગુણધર્મમાં રાગાદિની પરિણતિને વેદ કહેવાય છે. વ્યવહારથી અરુચિને ખેદ કહેવાય છે. વાસ્તવમાં વિભાવદશાને, પૌદ્ગલિક રુચિ-અરુચિને, રાગદ્વેષને ખેદ કહેવાય. વ્યવહારથી સ્પર્શ-રુપ વગેરેની રાગપરિણતિને વેદ કહેવાય છે પરંતુ આંતરિકરુપે દ્વેષ રાગ વિના થઇ શક્તો નથી માટે દ્વેષને પણ આપેક્ષિક વેદ કહેવાય છે.

આ વેદના ઉદય દ્વારા થતું પુદ્ગલનું ખેંચાણ, રુચિ-અરુચિ આદિ પ્રારંભમાં તપ-ત્યાગ દ્વારા અને આગળ ભાવનારુપે જ્ઞાન દ્વારા ઘટે છે. **ક્રિયાયોગી ત્યાગ કરી શકે, રાગાદિથી નિવૃત્તિ ન લઇ શકે, જ્ઞાનયોગી ત્યાગ પણ કરી શકે, રાગથી નિવૃત્ત પણ થઇ શકે.** જેને પાંચે ઇન્દ્રિયોના અનુકુળ-પ્રતિકુળ વિષયોમાં રાગાદિ પરિણતિ જોર કરે છે તે વેદ-ખેદયુક્ત છે. બાહ્ય અનુકુળતા-પ્રતિકુળતાને પ્રધાનતા ન આપનાર ધીમે ધીમે વેદખેદથી રહિત થાય છે. સૂક્ષ્મ એકેન્દ્રિયમાં અસંખ્ય કાળચક્ર સુધી વ્યાવહારિક વેદના ઉદયનો અનુભવ ન હોવા છતાં અવ્યક્ત સ્પર્શનેદ્રિય અને રાગાદિ પરિણતિથી વેદખેદયુક્ત જ છે. આમ અનંતકાળથી

રાગના કુસંસ્કાર લઇને બેઠેલા આત્માએ જીવની અતૃપ્તિને દૂર કરવા માટે ત્યાગપૂર્વક, ભાવના દ્વારા, ધ્યાન-અધ્યયન દ્વારા જ્ઞાનયોગ પ્રબળ બનાવવો જોઇએ. જ્ઞાનયોગ દ્વારા અનુભવથી તૃપ્ત-સંતોષી થાય ત્યારે વેદખેદ વ્યવસ્થિત ઘટે છે. જ્ઞાનયોગીને વિષયોમાં કોઇ વિશિષ્ટતા દેખાતી નથી તેથી વેદનો ખેદ પ્રાય: હોતો નથી.

વેદ અને વેદનો ખેદ આ બેમાં ઘણો તફાવત છે. ખેદવાળા જીવો અયોગ્ય ભૂમિકામાં અયોગ્ય રીતે અયોગ્ય કાળે પણ આવેગ-આવેશથી કાર્ય કરવા મથતા હોય છે. જ્યાં સુધી ઇચ્છિત સામગ્રી, વ્યક્તિ, વ્યવહાર આદિ ન મળે ત્યાં સુધી અંદર અજંપો-અતૃપ્તિ આદિથી પીડાય છે. જ્યારે ખેદ વગરના જીવો યોગ્ય કાળ-વ્યક્તિ રીત અને મર્યાદાથી અનિવાર્ય અનિષ્ટ સમજીને પ્રવર્તતા હોય છે. એક માંગીને માલપાણી ખાય, બીજો પરાણે ખવરાવે ત્યારે ખાય. એક બંધ હોય છતાં પ્રતિજ્ઞા ભાંગીને ખાય, બીજો પ્રતિજ્ઞાબદ્ધ ન હોવા છતાં, મળતું હોય છતાં પ્રતિજ્ઞાબદ્ધની જેમ ખાવાની રુચિ વગરનો હોય.

અપુનર્બંધક પૂર્વે ખેદવાળી અવસ્થા હોય, અપુનર્બંધકથી માંડીને ખેદ ઘટતો જાય, છઠ્ઠી દ્રષ્ટિથી મોહ ન હોય. અપુનર્બંધકના જે ૩ લક્ષણો છે, ૧) પાપ તીવ્રભાવે ન કરે. ૨) સંસારના પદાર્થોમાં વિશેષ રસ ન હોય. ૩) ઔચિત્યનું પાલન સતત કરે, તે આંશિક જ્ઞાનદ્રષ્ટિના છે, પરમાત્માના આત્માને દેવલોકમાં કે ગૃહસ્થપણાના ભવમાં વેદનો ખેદ નથી હોતો. એવી જ રીતે પુંડરીક વગેરે તીવ્ર વૈરાગ્યના દૃષ્ટાંતમાં પણ સમજવું.

આને વેદ શબ્દથી જણાવાય છે કારણ કે શબ્દાદિ પુદ્ગલના વિષયોનું વેદન-અનુભવ કરાય છે અને અશાતાની વિહ્વલતાથી બચવા શાતાના વેદન માટે આ પ્રવૃત્તિ કરાય છે.

પહેલા ખેદ ઘટે, ખેદ જાય પછી વેદન પણ જાય. એમાં પણ ચાર ઇન્દ્રિયના વિષયોના ત્યાગથી સ્પર્શનેન્દ્રિયના વિષયોનો ત્યાગ સહેલાઇથી કરી શકાય છે.

કષાયો-વિષયો અને એની પ્રવૃત્તિઓની વિચારણાઓને પ્રથમ આપણે છોડવી પડે છે અને તે પણ સૌ પ્રથમ તો પરાણે, પછી મનથી, પછી આનંદથી અને પછી સ્વભાવથી છૂટે છે અને પછી એ આપણને છોડે છે એટલે કે જ્ઞાત ઉદયો અતિ મંદ પડે છે. અજ્ઞાત અને જ્ઞાત બંને ઉદયો અટકે છે, નષ્ટ થાય છે.

આમ વિષયોની આસક્તિથી, આવેગથી રહિત થયેલો આત્મા પોતાના ગંતવ્ય મોક્ષસ્થાને સહજતાથી પહોંચી જાય છે.



# संनिरुध्यात्मनात्मानं स्थितः स्वकृतकर्मभिद्

**જાતે જીવને સમ્યક્નિયંત્રણ કરીને રહેલો જ્ઞાનયોગી પોતાના પૂર્વે કરેલ કર્મોનો નાશ કરે છે.**

આ વાતમાં કર્મના નાશનો ઉપાય બતાવેલ છે.

આત્મા વડે એટલે જાતે, આત્માને એટલે જાતને, સંનિરુધ્ય એટલે રોકીને-અટકાવીને, સમ્યક્નિયંત્રણ કરીને, સ્થિત એટલે રહેલો-વર્તતો આત્મા પોતે કરેલ કર્મોનો નાશ કરે છે.

કર્મનો નાશ બે પ્રકારે છે. ઉદયમાં આવેલ કર્મોનો નાશ અને ઉદયમાં નહિં આવેલ કર્મોનો નાશ.

આમાં ઉદયમાં આવેલ અશુભ કર્મ વખતે કર્મ ભોગવાઇને તો નાશ પામે જ છે, પરંતુ તે સમયે જો જીવ નિયંત્રિત-વિવેકી-સમતામય ન બને તો નવા કર્મો ઘણા બંધાય, પરિણામે નવા કર્મો અને નવા અનુબંધો દ્વારા પરંપરા ઉભી થાય. તેથી ઉદયમાં આવેલ અશુભકર્મો વખતે આત્માએ શુભ ભાવના દ્વારા, વૈરાગ્ય દ્વારા, સમતા દ્વારા મન-વચન-કાયાને અંકુશમાં રાખવા જેથી જુના કર્મો ભોગવાઇને અને એની સાથે બીજા ઘણા કર્મો સમતા, ભાવના દ્વારા નાશ પામી શકે છે. જે શુભ કર્મો ઉદયમાં આવે છે તેનો ત્યાગ કરવા માટેના અનેક ઉપાય છે. શુભ કર્મો દ્વારા જીવને મળે છે ૧) સામગ્રી ૨) જીવની વિશિષ્ટ શુભ અવસ્થા. ૧) શક્ય હોય તો મળેલ ધન-ધાન્યાદિ સામગ્રીનો ઉપયોગ સદ્વ્યય કરવામાં કરાય અને ત્યાગ પણ કરી શકાય. ઘણાં પુણ્યાત્માઓ રાજ્ય છોડી સંયમ લે

છે, પરિવાર છોડે છે, કરોડોનું ધન છોડે છે. આમ કેટલાક પુણ્યકર્મના ઉદયોનો ત્યાગ કરી શકાય છે.

૨) જીવની અવસ્થારુપ જે પુણ્યકર્મ છે તેના પ્રભાવે સશક્ત-પણું, બુદ્ધિશાળીપણું, સૌભાગ્ય, આદેયવાક્યતા, યશ, સુસ્વરપણું, રૂપાળાપણું વગેરે મળે છે. આ મળેલ અવસ્થાનો ત્યાગ ન થઇ શકે પરંતુ તે અવસ્થામાં જીવે જાતનું અભિમાન ન કરવું. બીજાની એ શક્તિ વધારે કે સમાન હોય તો તેની ઇર્ષા ન કરતા પ્રમોદ કરવો અને એ શક્તિઓ ઓછી હોય, ન હોય કે વિપરીત હોય તેવા જીવો ઉપર તિરસ્કાર-અરુચિનો ભાવ ન કરતાં દયાનો-સહાયકપણાનો ભાવ કરવો, એવો વ્યવહાર કરવો. આ પુણ્યોદયજન્ય ભાવો અને કર્મક્ષયોપશમ વિ. ભાવો નાશવંત સમજી એની મહત્તા અને એનાથી પોતાની વડાઇ ન સમજવી. આ શક્તિઓને પરોપકારનું સાધન સમજી પરોપકાર થાય તો એ કર્મ-નિર્જરાનું પ્રધાન કારણ બને અને મોહ-મમતા-ગર્વ-તિરસ્કાર થાય તો અનેક અંતરાય વગેરે કર્મબંધનું કારણ બને. આ રીતે કર્મબંધનું કારણ ન બને તે રીતે આત્માનો નિરોધ એટલે રોકાણ કરવું, અટકાવવો. અહિં અશુભમાંથી આત્માનું રોકાણ જેમ લેવાનું તેમ ઉચિત અને શુભયોગમાં પ્રવૃત્તિ પણ લેવાની. ગુપ્તિ પ્રવૃત્તિ-નિવૃત્તિ ઉભયરુપ છે તેથી પ્રવૃત્તિ પણ બીજી વાતોની નિવૃત્તિ સહિત લેવાની છે.

જ્યાં નિકાચિત પુણ્યકર્મનો ઉપયોગ-ઉપભોગ છે ત્યાં પણ ભરત મહારાજાની જેમ "ભરતજી મનમેંહી વૈરાગી" એ ન્યાયે ભોગ કે ભોગની સામગ્રીની મહત્તા કે પ્રશંસા એના જીવનમાં ન હોય પરંતુ તેના મન-વચન-કાયામાં ત્યાગ અને ત્યાગની પ્રશંસા, મહત્તા આદિ જ હોય. આ રીતે પુણ્યના ફળરુપ જે સામગ્રી, સત્તા, ભોગ આદિની પ્રશંસા અને મહત્તાનો જે ત્યાગ એ પણ આત્માની એક પ્રકારની ગુપ્તિ-નિરોધ છે. એનાથી પૂર્વે બાંધેલા ઘણા મોહનીય વગેરે ઘાતીકર્મો ખપે છે અને અશુભ

અઘાતીકર્મોનો પણ આત્મા નાશ કરે છે. આ ઉદયમાં આવેલ અશુભ અને શુભકર્મના નાશ માટે આત્માના નિરોધની પ્રક્રિયા-અવસ્થા બતાવી. આનાથી આત્મા સર્વે કર્મોનો ક્ષય કરી મોક્ષ સુધી આગળ વધે છે. આનાથી વિપરીત અવસ્થા આત્મનિગ્રહરુપ ન હોવાથી આત્મા ઘણા પાપકર્મ બાંધે છે.

પોતાના અશુભ કર્મના ઉદયમાં દીન બનવું, હતાશ થવું, આર્તધ્યાન કરવું, ગુસ્સો કરવો, બીજાના અશુભકર્મના ઉદય વખતે તિરસ્કાર કરવો, કરુણા-સહાયકવૃત્તિ ન કરતા કઠોર બનવું, આ બધાં પાપકર્મ ઉપાર્જનના કારણો છે. પુણ્યના ઉદયમાં જે આત્મનિગ્રહના ઉપાયો છે તેથી વિપરીત પ્રકારો-ઉપાયો પાપકર્મબંધના કારણ સમજવા.

જ્યારે ઉપર બતાવ્યા મુજબના શુભ કે અશુભ કર્મો ઉદયમાં નથી તે વખતે આત્માનો નિગ્રહ અને કર્મક્ષયના ઉપાય નીચે પ્રમાણે છે.

આત્માને બાહ્ય પાપસ્થાનોથી ક્યાંક સંપૂર્ણપણે અને ક્યાંક શક્ય તેટલો અટકાવતા જ રહેવું-આંતરિક રીતે પાપસ્થાનોની રુચિ-વલણ અને ખેંચાણ છોડવા, ઘટાડવા.

બાહ્ય ધર્મસ્થાનોમાં આત્માને દાન-શીયળ-તપ-વ્રત-પચ્ચક્ખાણ-સંયમ વગેરે દ્વારા પ્રવર્તાવવો અને આંતરિક રીતે એની રુચિ, એનાથી થતાં લાભની દ્રષ્ટિ કેળવવી તથા ઉત્તમ આરાધકોની પ્રશંસા, ઉપબૃંહણા, સહાય વગેરેની વૃત્તિ–પરિણતિ ઘડવી.

ધર્મસ્થાનો-ધર્મકાર્યોમાં પ્રવૃત્તિ એ પાપસ્થાનકો-પાપકાર્યો અને પાપનો આદર-રુચિ ઘટાડવા દ્વારા વિશિષ્ટ અનુબંધવાળું પુણ્ય ઉત્પન્ન કરાવે છે, કર્મનો ક્ષયોપશમ કરાવે છે અને આત્મા આંતરિક પરિણતિ તથા ગુણો પ્રાપ્ત કરે છે.

માટે બાહ્યપાપોથી આત્માને રોકવો અને બાહ્યધર્મમાં આત્માને

પ્રવર્તાવવો એ આત્મનિગ્રહનો ઉપાય છે. એનાથી નવા પાપકર્મ આવતા અટકે છે, જુના પાપકર્મ ઘટે છે, આંતરિક દ્રષ્ટિ ખુલે છે, તાત્વિક રીતે પુણ્ય-પાપ, આશ્રવ-સંવર સમજાય છે, અનુભવાય છે તેથી બાહ્ય પાપો સહજતાથી ઘટે છે, બાહ્યધર્મ સહેજે પ્રવર્તે છે.

જેની રુચિ પાપની તેના જીવનમાં પાપ સહજતાથી આવે. જેને જે જે પાપની રુચિ તેના જીવનમાં તે તે પાપ શક્ય સંયોગોમાં પ્રવર્ત્યા વગર ન રહે.

**જેને સાહજિક પાપની અરુચિ તેનું મન પવિત્રતાસભર, તેનું જીવન પાપની તીવ્રતા અને પાપની પ્રેરણા-પ્રશંસાથી રહિત હોય.**

**જેને અંતરથી પવિત્રતા અને ગુણોની રુચિ હોય તેના જીવનમાં બાહ્ય ગુણો અને સદાચાર સહજપણે આવે.**

બાહ્ય પાપો, પાપાચારોનો ત્યાગ કરવો, ઘટાડવા એ વ્યવહાર ધર્મ છે. એજ રીતે બાહ્ય ધર્મસ્થાનો-સદાચારોની પ્રવૃત્તિ એ પણ વ્યવહાર ધર્મ છે. આ બંને દ્વારા આત્માની ક્ષયોપશમભાવજન્ય પાપના ત્યાગ અને પાપ પ્રત્યે અરુચિની અને ધર્મમાં પ્રવૃત્તિ અને પાલનની પરિણતિ ઉત્પન્ન થાય તે નિશ્ચયધર્મ છે. નિશ્ચયધર્મથી જે આત્મા બંધાયેલો છે તે પોતાના કર્મોનો નાશ કરે છે.

વ્યવહારથી જે આત્મા પાપાચાર ત્યાગમાં, ધર્માચારના પાલનમાં પ્રવર્તે છે તે આત્મા જાતને રોકે છે અને બાંધેલા કર્મોને ખપાવે છે.

બાહ્ય પાપોથી આત્મા અનેક રીતે-અનેક નિમિત્તે રોકાય છે, પણ એ રોકાણ ક્યારેક પુણ્યબંધનું કારણ બને, ક્યારેક ધર્મ અને નિર્જરાનું કારણ બને અને ક્યારેક તંદુલીયા મત્સ્યની જેમ રોકાણ નિરર્થક જાય. આ રોકાણ વાસ્તવિક પાપનું રોકાણ ન કહેવાય.

બાહ્ય પાપોથી રોકાણના કારણો-નિમિત્તો —

- શક્તિનો અભાવ
- સામગ્રીનો અભાવ
- રુચિનો અભાવ
- સત્પુરુષોની પ્રેરણાથી
- સમાજના કે સજાના ભયથી
- લોકવ્યવહારથી
- પાપપ્રવૃત્તિના અજ્ઞાનથી
- તાત્ત્વિક જ્ઞાનથી-સમજણથી.

જેમ પાપરોકાણના આ કારણો છે તેમ પાપવ્યાપારોની અલ્પતાના પણ આ કારણો છે અને આ કારણોથી વિપરીત કારણો પાપની પ્રવૃત્તિ અને વૃદ્ધિના કારણો સમજવા.

૧) શારીરિક શક્તિના અભાવે જીવ બાહ્યથી વિશેષ પાપો કરી ન શકે.

૨) ધન-પરિવારના અભાવે જીવ બાહ્યથી વિશેષ પાપો કરી ન શકે.

૩) જીવને અનેક પ્રકારની રુચિ-અરુચિ હોય છે, જેને જેની રુચિ હોય તેમાં તે વિશેષ પ્રવર્તે અને જેને જેની રુચિ ન હોય તેમાં તે વિશેષ ન પ્રવર્તે.

૪) કોઇની પ્રેરણાથી જીવ પાપમાં પ્રવર્તતા અટકે, પાપ ઘટાડે, પાપ વિલંબમાં નાંખે. એમ વિપરીત રીતે કોઇની પ્રેરણાથી જીવ પાપમાં ન પ્રવર્તવાનો હોય તો પણ પ્રવર્તે.

આ રીતે બીજા કારણોમાં સંમજવું.

અનાદિ કાળથી જીવ અઢારે પાપસ્થાનકમાં અને સર્વ પાપ પ્રવૃત્તિમાં પ્રવર્તતો આવ્યો છે તે દરેકના ત્યાગ કરવાપૂર્વક-ઘટાડવા પૂર્વક, જ્ઞાન અને ભાવના આલંબનથી અંતરના પાપવલણો ઘટાડવાથી-છોડ-વાથી આત્મા સર્વ કર્મ ખપાવી મુક્ત થાય છે.

# હઠપ્રયત્નોપરતઃ સહજાચારસેવનાત્

**સહજ રીતે આચારપાલનમાં પ્રવૃત્ત થયો હોવાથી પરાણે પ્રવૃત્તિ કરવા-કરાવવાથી અટકેલો છે.**

સમ્યગ્જ્ઞાનનું કાર્ય છે હેયોપાદેય તત્ત્વનું જ્ઞાન અને હેય તત્ત્વોને છોડવાની–ઘટાડવાની પ્રક્રિયા અને ઉપાદેય તત્ત્વોને આચરવાની વિધિઓમાં પ્રવૃત્તિ.

આ જ્ઞાનની સાથે તે તે રૂપે છોડવાની કે આચરવાની ઇચ્છા પણ પ્રગટ થાય. જેમને આ જ્ઞાન હોય તેમના પોતાના માટેની આ વાત થઇ. ઉપદેશ દ્વારા બીજાને પણ આવી ઇચ્છા પ્રગટ કરાવી શકાય. તેથી મુખ્યવૃત્તિએ જીવો જો ઇચ્છાપૂર્વક નિવૃત્તિ–સદાચારપ્રવૃત્તિ કરે તો તે વિશિષ્ટ ફળ આપે છે અને ઇચ્છાની સ્થિતિ-ઉલ્લાસની તરતમતાથી ફળમાં પણ તરતમતા આવે છે.

ઇચ્છાની તીવ્રતાવાળાને પ્રાયઃ સારણા-વારણા કરવા પડતા નથી. જ્ઞાનપરિણતિની મંદતાવાળાને, અનુપયોગ-પ્રમાદવાળાને સારણા-વારણાની આવશ્યકતા હોય છે. આ સારણા-વારણા પછી પણ જે પ્રવૃત્તિ-નિવૃત્તિ થાય છે તે મોટાભાગે સામાન્ય હોય છે, વિશેષ પાવરફુલ નથી હોતી.

જે જીવો ઉલ્લંઠ છે, બેદરકાર છે, રસ વગરના છે તેમને કડકરૂપે પણ સારણા-વારણા કરવા પડે, જેને ચોયણા-પડિચોયણા કહેવાય. આનાથી પણ ક્યારેક કરે, ક્યારેક ન કરે, પરાણે કરે. આનો વિશેષ

અર્થ-લાભ નથી.

સારાંશમાં જીવોની પ્રવૃત્તિ ત્રણ પ્રકારે હોય છે. ૧) રસ-આનંદપૂર્વક, સાહજિક ઉલ્લાસપૂર્વકની ૨) યાદ કરાવવાથી, કહેવાથી કરે ૩) પરાણે-અનિચ્છાએ-પરિસ્થિતિવશ કરે.

અંતિમ બે ક્રિયા વ્યવહારનયને માન્ય છે, કારણ કે ક્રિયા ન જ કરે તો માર્ગલોપ થાય પણ આ ક્રિયા પ્રધાન નથી. તેમાં પણ બીજી ક્રિયા હજુ સારી છે, જે વ્યવસ્થિત અને કંઇક ઔચિત્યભાવથી કરે છે. જ્યારે ત્રીજી નો અત્યંત પરાણે જેવી હોય છે. ત્રીજી ક્રિયા હઠયોગ કહેવાય, બીજી ક્રિયા આંશિક હઠયોગ કહેવાય. પ્રથમ ક્રિયા સાહજિક છે. સાહજિક ક્રિયાને દૂધની ઉપમા અપાઇ છે, પ્રેરણાથી-સારણા વારણાથી થતી ક્રિયા પાણી જેવી છે અને ચોયણા-પડિચોયણાથી થતી ક્રિયા એ લોહી જેવી છે.

**ટૂંકમાં જાત માટે પણ સાહજિક ક્રિયા વિશેષ, ઉત્તમ છે, પ્રેરણાથી કરાતી ક્રિયા મધ્યમ છે, દબાણથી કરાતી ક્રિયા ફળની અપેક્ષાએ કનિષ્ટ-જઘન્ય છે.**

જ્ઞાની પુરુષો સાહજિક ક્રિયાને પોતાના જીવનમાં પ્રધાનતા આપે છે. તેઓ સદા જાગ્રત હોવાથી પ્રાયઃ પ્રેરણાની જરુર પડતી નથી. તેઓ બીજાને પણ રુચિ ઉત્પન્ન થાય તેમ મીઠી પ્રેરણા કરે છે તેથી સ્વ-પર બન્નેને ક્રિયા સાહજિક થાય છે. જ્ઞાનીઓ ભાવને પ્રધાનતા આપતા હોવાથી પોતે ભાવપૂર્વક સહજપણે બધા આચાર પાળે છે અને બીજાને પણ ભાવ ઉત્પન્ન કરે છે.

જ્ઞાનીઓ પ્રેરણા કરે છે પણ ક્યારેક જ, વારંવાર કે દબાણરુપ નહિ. જ્ઞાનીઓના સ્વભાવમાં જ દબાણ કે આગ્રહ ન હોય. કારણ કે જ્ઞાનીની સાહજિકતાપૂર્વકની જ આચાર પ્રવૃત્તિ-જીવનવ્યવહાર હોય છે.

ક્રિયાપ્રાધાન્યવાળાને આ વાત રુચતી નથી. એ સમજતો હોય છે કે ભાવ હોય કે ન હોય, શક્તિ હોય કે ન હોય, પરાણે પણ કરવું અને કરાવવું જોઇએ. ક્રિયાવાળા હઠપ્રયત્નને પ્રધાન કરે છે. સહજ-અસહજના ભેદ, તફાવત કે લાભ માપી શકતા નથી. ક્રિયાવાળા Quantity જુવે છે, પ્રમાણ જુવે છે. જ્યારે જ્ઞાનવાળા Quality જુવે છે.

ટૂંકમાં ભાવ વગર પરાણે પણ ક્રિયા કરવી પરંતુ મુખ્યતયા ભાવ ઉત્પન્ન કરી, ભાવનાપૂર્વકની સહજ ક્રિયા થાય તેનું લક્ષ રાખવું-તેને પ્રધાન ગણવું. ભાવપૂર્વકના આચાર દ્વારા જ વિશિષ્ટ કર્મક્ષય અને સિદ્ધિપ્રાપ્તિ થાય છે.



# लोकसंज्ञाविनिर्मुक्त

## લોકસંજ્ઞાથી મૂકાયેલા

જ્ઞાનપરિણતિવાળા લોકસંજ્ઞાથી રહિત હોય છે. આપણી દૃષ્ટિ લોકોને ઉદ્દેશીને અનેક પ્રકારે હોય છે.

૧) લોકો આપણી અસત્ પ્રવૃત્તિનું આલંબન ન લે, કર્તવ્ય ન સમજે.

૨) લોકો આપણી અસત્ પ્રવૃત્તિની અને તેના કારણે આપણી અને ધર્મની નિંદા ન કરે.

૩) લોકો આપણી સત્પ્રવૃત્તિઓની કોઇ નિમિત્તવિશેષથી નિંદા ન કરે.

૪) કોઇ અજ્ઞાની-અણસમજુ લોકો આપણી સત્પ્રવૃત્તિની અરુચિ-મજાક ન કરે.

આવી અનેક દ્રષ્ટિમાં પ્રથમની બે દ્રષ્ટિઓ યોગ્ય છે કારણકે આમાં લોકો મુખ્ય નથી પરંતુ લોકો અસદ્ આલંબન ન લે અને ધર્મને નિંદે નહિ તે મુખ્ય છે. ત્રીજામાં પણ નિંદા ન થાય તે લક્ષ રાખવું-તેવું નિમિત્ત ન આપવું તે મુખ્ય છે. ચોથામાં લોકો પ્રશંસા કરે તો ભલે પણ આપણી દ્રષ્ટિમાં લોકોની મુખ્યતા, એની પ્રશંસાની મુખ્યતા અને ધર્મ-આચારની ગૌણતા ન થવી જોઇએ.

આપણી દ્રષ્ટિમાં ધર્મક્રિયાની મુખ્યતા રહે તો લોકસંજ્ઞારહિત કહેવાઇએ અને ધર્મક્રિયા કરતા લોકની પ્રશંસા મુખ્ય રહે તો લોકસંજ્ઞા કહેવાય. સંજ્ઞા એટલે એનું આકર્ષણ, એની મુખ્યતા. ધર્મના ખેંચાણને બદલે લોકનું ખેંચાણ હોય તો ધર્મક્રિયા ગૌણ બને. તેથી ચોથામાં લોકની મુખ્યતા ન રાખતા ધર્મક્રિયાની મુખ્યતા રાખે.

પાંચમાં વિકલ્પમાં અજ્ઞાન-દ્વેષ વગેરેને કારણે જો કોઇ આપણા પર કે આપણી પ્રવૃત્તિ પર અરુચિ કરે, મજાક કરે અને તેથી ધર્મ ન કરીએ, છોડી દઇએ તેને લોકસંજ્ઞા કહેવાય. જેને ધર્મ મુખ્ય હોય તે લોકોની પ્રશંસા સામે ન જુવે, લોકો નિંદા ન કરે તે ધ્યાનમાં રાખે, પણ કોઇક નિંદા કરે, કાલ્પનિક ભૂલ કે ખોડખાંપણ કાઢે તો ગભરાઇ ન જાય, છોડી ન દે.

**જ્ઞાનપ્રધાન જીવો ધર્મ કરતાં લોકોના અભિપ્રાયની ઝાઝી પરવા કરતા નથી. ધર્મની રક્ષા માટે લોક છે, લોક માટે ધર્મ નથી. લોકની પ્રધાનતા કરી ધર્મ ગૌણ બને તો તે ધર્મની અવજ્ઞા છે.** ધર્મની પ્રધાનતા મનમાં અને વ્યવહારમાં જળવાય તો તે લોકસંજ્ઞારહિતપણું છે, જ્ઞાની ધર્મસંજ્ઞા-ધર્મ પ્રધાનતાવાળો હોય છે, લોકસંજ્ઞારહિત હોય છે.

જેમ કામી લંપટ જીવો લોકની પરવા કરતા નથી, લોકનિંદા તરફ બેપરવા હોય છે, એજ રીતે અર્થલંપટ કે કંજુસ માણસ પણ લોકસંજ્ઞાને ઉંચી મુકે છે, માની માણસ પણ માનથી લોકોને તરછોડે છે.

જગતમાં સંસારી જીવોને કોઇ પણ બાહ્ય ચીજ, કષાય કે વિષય પ્રધાન થાય ત્યારે લોકને ગૌણ કરે છે. તે તે આહાર, વિષય, કષાય વગેરે સંજ્ઞાની પ્રધાનતા થાય ત્યારે લોકસંજ્ઞા ગૌણ થાય છે, નષ્ટપ્રાય: થાય છે. એવી જ રીતે જ્ઞાનના પ્રભાવથી, પરવશતાની વિચારણાથી, ધર્મના માહાત્મ્યના જ્ઞાનથી હૃદયમાં જ્યારે ધર્મ પ્રધાન થાય ત્યારે લોકોના અભિપ્રાય ગૌણ થાય, લોકની ચાહનાને વજન ન અપાય. બીજા કાર્યમાં લોકની નિંદા થાય તો પણ વિષય-કષાય પરવશ થયેલા તે કાર્ય ચાલુ જ રાખે છે તેમ ધર્મક્ષેત્રમાં લોકોના સાનુકૂળ અભિપ્રાયને બહુ મહત્ત્વ ન આપતા તે અભિપ્રાય મળે તો ઠીક, ન મળે તો પણ ધર્મ પ્રધાન કરવો. સર્વ પ્રયત્ન-કાળજીથી લોકનિંદા ટાળવા પ્રયત્ન કરવો.

સારાંશ એ કે ધર્મનો પ્રભાવ-લાભ-ઉપકાર સમજાય ત્યારે જીવ ધર્મને સર્વસ્વ સમજીને તેને પ્રધાન કરે, તેને આરાધે. તેની દ્રષ્ટિમાં લોકની મહત્તા ન હોય. લોકો અજ્ઞાન-મોહથી વાસિત છે, ગાડરીયા પ્રવાહ જેવા ગતાનુગતિક છે તેથી ધર્મનું મહત્વ સમજતા નથી. જે જેનું માહાત્મ્ય ન સમજે તેને તેની કિંમત ન હોય પરંતુ તેના આધારે વસ્તુની કિંમત ઘટતી નથી. માટે ધર્મી આત્માઓ માટે ધર્મ પ્રધાન હોવાથી મર્મને નહિ પામનારા લોકોના મતની કિંમત હોતી નથી. ઘણાં લોકોની વિરુદ્ધ ન જવાય કે ધર્મ નિંદાય નહિ તેની કાળજી ધર્મી આત્માઓ રાખે છે.

મહાન ધર્મની લોકમતથી કિંમત આંકવામાં ધર્મની અવહીલના છે જે વિશેષ પાપબંધનું કારણ બને છે. આ લોકસંજ્ઞાના ત્યાગ માટે માર્ગપરિશુદ્ધિ બત્રીશીમાં ખુલાસો કર્યો છે તે જોવા જેવો છે.



# मिथ्याचारप्रपञ्चहृत्

**અસદ્ આચારના ફેલાવાનો નાશ કરનાર.**

મિથ્યા એટલે ખોટું. તે મિથ્યાપણું જીવના વાણી-વિચાર-વર્તનમાં હોય છે. અહીં આચારનો અર્થ પ્રવૃત્તિ થાય એટલે અહીં અસદ્ આચારનો ત્યાગ બતાવવો છે. પરંતુ તેમાં અસદ્ વાણી-વર્તનના ત્યાગ કરવાપૂર્વક અસદ્ મનનો પણ ત્યાગ કરવાનો હોય છે. વાણી અને આચારના અસત્પણાનો ત્યાગ સહેલો છે જ્યારે અસદ્ મનનો ત્યાગ વિશેષ કઠણ છે.

અસદ્ આચારનું કારણ અજ્ઞાન-રાગ-દ્વેષ છે. રાગ-દ્વેષમાં કષાય અને નોકષાય આવી જાય. રાગ-દ્વેષનું પણ કારણ અજ્ઞાન એટલે જ્ઞાનાભાવ અને વિકૃતજ્ઞાન છે.

સમ્યગ્જ્ઞાનની પરિણતિવાળાને-જ્ઞાનયોગીને-અનુભવ જ્ઞાનીને પોતાના શુદ્ધ-સિદ્ધસ્વરુપની શ્રદ્ધા અને આંશિક અનુભૂતિ-ઝાંખીવાળાને તે શુદ્ધસ્વરુપના કારણરુપ-સાધનરૂપ જ્ઞાનયોગ અને ક્રિયાયોગ છે. ક્રિયાયોગ પણ જ્ઞાનયોગ દ્વારા કારણ બને છે.

સંસારની પણ બધી ક્રિયાઓ વિપરીત જ્ઞાન કે અજ્ઞાન દ્વારા સંસારપોષક-વર્ધક છે. ઉગ્ર પુણ્ય-પાપ કે પ્રધાન આશ્રવ-સંવર એ પ્રધાનતયા સદ્જ્ઞાન અને અસદ્જ્ઞાનના બળે ઉત્પન્ન થતા હોય છે, અને સાનુકૂળ ક્રિયા જ્ઞાનની-પરિણતિની ઉત્પાદક-પોષક-વર્ધક છે, પ્રતિકૂળ ક્રિયા પરિણતિની રોધક-હ્રાસક-નાશક છે. જેવો ઉદ્દેશ હોય તેને અનુ-

સરનારું જ્ઞાન પોતાને અનુરુપ ક્રિયા-વાણીનું સંરક્ષણ-પોષણ કરે છે, તેમ પ્રતિકૂળ ક્રિયા-વાણીને અટકાવે છે, ઘટાડે છે.

શક્ય પરિસ્થિતિમાં ઉદ્દેશથી વિપરીત ક્રિયા અટકાવવાનું-ઘટાડવાનું કાર્ય જ્ઞાન કરે છે. અશક્ય પરિસ્થિતિમાં વિપરીત ક્રિયામાં પશ્ચાત્તાપ કરાવવાનું-ઉદાસીન બનાવવાનું કામ જ્ઞાન કરે છે. શક્ય પરિસ્થિતિમાં ઉદ્દેશને સાનુકૂળ વર્તન-વાણી-વિચારને પ્રવર્તાવવાનું-વધારવાનું-વ્યવસ્થિત કરવાનું, નિરતિચાર કરવાનું કાર્ય જ્ઞાન અને તજ્જન્ય રુચિ કરે છે. એજ રીતે અશક્ય પરિસ્થિતિમાં ઉદ્દેશને અનુકૂળ ક્રિયા ન થઇ શકવા છતાં તેના પ્રત્યે લાગણી-મમતા અખંડિત રાખવાનું અને વધારવાનું કામ જ્ઞાન કરે છે.

અર્થાત્ સાચા-સારા જ્ઞાનની લાગણીનો અનુભવ એ સ્વવિપરીત મિથ્યા આચારોના ફેલાવાને ઘટાડે છે, નાશ કરે છે. એજ રીતે શક્ય એવા સમ્યગ્ આચારોને વિકસાવે છે. આથી વિપરીતમાં અસદ્-મિથ્યા મોહલાગણીઓથી મિશ્રિત જ્ઞાન સમ્યગ્ આચારોને ઘટાડે છે, નષ્ટ કરે છે અને મિથ્યા આચારોને વધારે છે.

ટૂંકમાં-મોહજન્ય વિકૃત જ્ઞાનપરિણતિ મિથ્યા આચારોમાં વધારો કરે છે, તેવા આચારોની પ્રશંસા વગેરે પણ કરાવે છે.

ધર્મના આચારો અને સદાચારોના વિસ્તારોને નાશ કરે, નિંદે, ઉપેક્ષા કરે અને મિથ્યા આચારોની વૃદ્ધિ, પ્રશંસા-આનંદ કરે વગેરે દ્વારા તે-તે વ્યક્તિ વિપરીત જ્ઞાની કે અજ્ઞાની છે તેમ સમજી શકાય. મિથ્યાચારના ઘટાડા દ્વારા-બંધ કરવા દ્વારા-નિંદા દ્વારા-અરુચિ દ્વારા સમ્યગ્જ્ઞાની છે, જ્ઞાનપરિણતિપ્રધાન છે તેમ પણ જાણી શકાય.

આમ આચાર અને તેનાથી ઉત્પન્ન થતા આનંદ-પ્રશંસા-નિંદા દ્વારા સમ્યગ્જ્ઞાન કે મિથ્યાજ્ઞાનને જાણી શકાય. જેમ **ભરત** મહારાજે

રાજસભામાં આત્માને જાગૃત કરવા માહણ શ્રાવકો ગોઠવ્યા હતા. તેનાથી તેમનું જ્ઞાનયોગીપણું દ્રષ્ટિગોચર થાય છે.

પ્રપંચ એટલે વિસ્તાર-શોભા-આડંબર-હૃદયમાં તેની મહત્તા. એનાથી જાતની મહત્તા લાગવી, બીજાને એની મહત્તા બતાવવી, જણાવવી, એના વગર હીનતા લાગવી, દીનતા આવવી, બીજાથી ઉતરતાપણું લાગવું. વાસ્તવમાં આવું કશું નથી માટે પ્રપંચનો અર્થ માયાજાળ-આળપંપાળ છે.

મિથ્યાદષ્ટિ-વિપરિતદષ્ટિવાળાને ધર્માચાર પ્રપંચ લાગે, વેદિયાપણું લાગે તેમ સમ્યગ્દૃષ્ટિ આત્માને વિષય-કષાયના સાધનો અને તેનો ઉપયોગ વગેરે મોહની આળપંપાળ-પ્રપંચ લાગે છે.

મિથ્યાચાર એટલે મિથ્યાનો અર્થ ખોટો-પાપરુપ-નિષ્ફળ-નિરર્થક-બીજાને આંજનાર, બીજાને ખોટામાં સાચા-સારા તરીકેનો બોધ કરાવનાર, અસદ્‌માં બીજાને સદ્‌બુદ્ધિ કરાવનાર, ખોટામાં-ઇમીટેશનમાં સાચાની બુદ્ધિ કરાવનાર.

એ જ રીતે ધર્મને-પુણ્યને હેયરુપે જણાવનાર, સફળ-વિશિષ્ટ ફળવાળાને નિષ્ફળ જણાવનાર આ મિથ્યાબુદ્ધિ સાર્થક-વિશિષ્ટ લાભકારક હોવા છતાં નકામા તરીકે સમજાવે, સાચી-સારી વસ્તુમાં જાતે ઉપેક્ષા કરે અને બીજાને ઉપેક્ષા કરાવે, સાચામાં ખોટો બોધ કરાવે, સદ્‌માં-ઉપાદેયમાં-પરિણામે લાભકારકમાં હેય-નુકશાનકારકપણાની બુદ્ધિ કરાવે, સાચામાં ઇમિટેશનની-ખોટાની બુદ્ધિ કરાવે. જેના હૃદયમાં સમ્યગ્ જ્ઞાનપરિણતિ ઉત્પન્ન થઇ છે તેવા જ્ઞાનયોગી મહાત્માઓ અંતરમાંથી આ બધા મિથ્યાચારના વિસ્તારને દૂર કરી અંત:કરણને નિર્મળ-સ્વચ્છ બનાવી સ્વકલ્યાણને માર્ગે ઝડપથી આગળ વધે છે.

# उल्लसत्कण्डकस्थानः परेण परमाश्रितः

**શ્રેષ્ઠ જ્ઞાન વડે ઉચ્ચ અધ્યાત્મમાં રહેલા અને તેથી જ વધતા સંયમાધ્યવસાયસ્થાનવાળા...**

વધતા કંડકસ્થાનવાળો શ્રેષ્ઠવડે=શ્રેષ્ઠજ્ઞાન-શ્રેષ્ઠવીર્ય વડે પરમ=ઉચ્ચ અધ્યાત્મ-અંતર્મુખપણું-સાત્વિકપણું-સહજસ્વરુપપણું-અંતરાત્મપણું-શ્રેષ્ઠપણું તેને આશ્રિત=આશ્રયે રહેલો, નિકટ રહેલો, એના આલંબનવાળો, તેને અનુકુળ રહેલો.

જે સંયમસ્થાનોમાં વર્ધમાન છે તે જ્ઞાન અને વીર્યોલ્લાસથી પણ વધતો અને શ્રેષ્ઠ છે અને તેના ધ્યેયમાં-સાધ્યમાં પરમપણું છે માટે તે પરમને આશ્રિત છે. આ મૂળ અર્થ થયો.

જ્ઞાનયોગીના જે ઉપર ગુણો-લક્ષણો બતાવ્યા છે તે અને બીજા પણ તેવા લક્ષણવાળો જે હોય તે સાધનામાં-આરાધનામાં ઉલ્લાસવાળો હોય છે. ઉપરના લક્ષણોથી જે વિપરીત કે મંદલક્ષણવાળો હોય તે સાધનામાં ઉલ્લસિત અધ્યવસાયવાળો રહેતો નથી પરંતુ તેના અધ્યવસાયો વધ-ઘટ થયા કરે, ક્યારેક સ્થિર પણ થાય.

સંયમસ્થાન-અધ્યવસાયસ્થાન અંતર્મુહૂર્તથી વધારે વધતા નથી તેવી જે વાત આવે છે તેનો અર્થ એ છે કે અંતર્મુહૂર્ત બાદ એક-બે સમય સ્થિર થઇ ફરી વધે. જો કદાચ ઉતરવું પડે તેમ હોય તો પણ અનિવાર્યપણે અલ્પ ઉતરે, ઘણું ચઢે તેથી ચઢતો કહેવાય, ઉતરતો નહીં. જેમ સમકિત પામતા ઘણું ખપાવે, થોડું બાંધે તેથી પરિણામે કર્મ ખાલી થાય

તેમ પણ પ્રસ્તુતમાં સમન્વય કરાય.

જેના ધ્યેયમાં સિદ્ધ અવસ્થા છે તે પરમાશ્રિત છે. પરનો અર્થ શ્રેષ્ઠ થાય અને પરેણ પરનો અર્થ સૌથી પ્રથમ-સર્વશ્રેષ્ઠ થાય તેને આશ્રિત=ધ્યેયરુપે તેમજ સાનુકુળ જ્ઞાન-આચાર અને ઉલ્લાસરુપે આશ્રિત એટલે વર્તતો.

**સાધ્યનો નિર્ણય અને સાધ્યપ્રાપ્તિની ધગશ સાથે સાધક અને અવરોધકનું સંવેદનરુપ જ્ઞાન અને તદનુસાર સાધનોમાં પ્રવૃત્તિ અને અવરોધકોથી નિવૃત્તિ દ્વારા કર્મક્ષયોપશમજન્ય-અનુભવગમ્ય આનંદ તે ઉલ્લાસની વૃદ્ધિ છે.** કોઇપણ ક્ષેત્રે કાર્યસિદ્ધિની જેમ ધગશ જોઇએ તેમ તેના યોગ્ય ઉપાયોનું જ્ઞાન અને એમાં તન્મયતાપૂર્વક નિરંતરપ્રાય: પ્રવર્તન જોઇએ અને અવરોધકોને જાણી તેમાં કાળજી-સાવધાનીપૂર્વક નિવૃત્તિ જોઇએ.

વીર્યોલ્લાસની વૃદ્ધિનું કારણ અનુભવ-સંવેદનજ્ઞાન છે. સાધક અને અવરોધકને યોગ્ય ઉપાદેય અને હેયની લાગણીયુક્ત પ્રવર્તન-નિવર્તનની ઇચ્છા અને પ્રવર્તન-નિવર્તનની ક્રિયા દ્વારા લાગણીઓ સ્પષ્ટ-દૃઢ-સ્વાભાવિક થાય છે.

સંયમ જ્ઞાન અને ક્રિયારુપ છે એથી સંયમસ્થાન પણ જ્ઞાન-ક્રિયારુપ છે. એની વૃદ્ધિ પણ જ્ઞાન-ક્રિયાની વૃદ્ધિથી થાય છે અને સંયમ-સ્થાનની વૃદ્ધિથી જ્ઞાન-ક્રિયાની પણ વૃદ્ધિ થાય છે. માટે જ્ઞાન-ક્રિયાની વૃદ્ધિ શાસનમાન્ય પ્રવૃત્તિથી કરવાથી પરિણતિની વૃદ્ધિ અને દૃઢતા થાય છે. શાસન કેવળ ક્રિયા ઉપર પણ નથી અને માત્ર જ્ઞાન આધારિત પણ નથી. આચાર વિનાના કે વેષ છોડીને ગૃહસ્થ બનેલ વિશેષ જ્ઞાનવાનનું પણ સમાજ કે શાસનમાં વિશેષસ્થાન નથી, તેમ જ જ્ઞાનવગરના અને જ્ઞાનીની નિશ્રા વિનાના આચારમાં ચુસ્તનું પણ શાસનમાં વિશેષ સ્થાન નથી. માટે **આચારમાં ચુસ્ત અને જ્ઞાનમાં-પઠન પાઠનમાં ઉદ્યુક્તને સંયમવૃદ્ધિ થાય છે.**

ક્રિયા વગર-ક્રિયાની ચુસ્તતા વગર વ્યવહારનય દુષિત થાય છે, બગડે છે. આરાધક જે આચારમાં શિથિલ હોય તે તે આચારના વ્યવહારને તે દુષિત કરે છે. જેનાથી શાસનનો આંશિક હ્રાસ-નાશ થાય છે. આપવાદિક આચારો પણ વ્યવહારમાં અગીતાર્થ-અતિપરિણામક-અપરિણામક જીવો માટે શિથીલાચાર બને છે. તેઓ આચાર શૈથિલ્યમાં ખતવે છે અને એથી વ્યવહાર દુષિત થાય છે. તેથી અપવાદ પણ ગુપ્તપણે અને યતનાપૂર્વક સેવાય, જાહેર, સાર્વત્રિક કે યતના વગર ન સેવાય. કારણ કે **ઉત્સર્ગ આચારના આધાર ઉપર શાસન છે. અપવાદ વિષમ પરિસ્થિતિમાં પ્રાસંગિક-અનિવાર્ય-જરુરિયાત પુરતો સ્વીકાર્ય છે. વિના કારણે સેવાતો અપવાદ અનાચાર બને.**

જિનશાસનમાં આચાર-ક્રિયાનું જે પ્રાધાન્ય છે તે અનેક દૃષ્ટિએ સંયમસ્થાનવૃદ્ધિનું કારણ છે. આચારની હીનતાથી પરિણામની મંદતા આવે. આગારના પરિમાણ-પ્રક્રિયા-વિધિ વગેરેનું નિયામક જ્ઞાન છે તેથી ઉત્સર્ગ આચાર પણ જ્ઞાનયોગ છે.

**ઉત્સર્ગ એટલે દરેક રીતે-દરેક પર-દરેક અવસ્થામાં સામાન્યથી કરાતું આચારોનું નિયમન.** જેના આધાર ઉપર સર્વત્ર સર્વ આરાધકોમાં વ્યવહાર એક સરખો ચાલે છે. જેને નાના-મોટા, સમજુ-અણસમજુ બધા આરાધે છે. આના આલંબને આચરનાર અને જોનાર સર્વે ધર્મ પામે છે, ધર્મમાં સ્થિર થાય છે. ઉત્સર્ગ આચારમાં સ્થિત આત્મા મોટેભાગે પ્રમાદ દ્વારા આચારભ્રષ્ટ નથી થતા માટે આચારસ્થિતપણું સંયમસ્થાનની વૃદ્ધિની યોગ્યતારુપ છે.

ઉત્સર્ગમાર્ગ જ્ઞાનયોગી અને ક્રિયાયોગી બન્નેને હોય છે. ક્રિયાયોગીને ઉત્સર્ગમાર્ગ હોવા છતાં અપ્રધાન હોય છે કારણ કે માન્યતાની પક્કડ અને બીજા માર્ગની અવજ્ઞા હોવાથી ક્રિયોયાગીને શાસ્ત્રીય પરિભાષામાં અપરિણત જીવ કહ્યો છે. એનાથી વિપરીત અતિપરિણત જીવને

પ્રધાનતયા અપવાદની રુચિ હોવાથી ક્રિયાયોગ નહીવત્ છે. એટલે જ્યારે જેટલી ક્રિયા કરે તેટલો ક્રિયાયોગ હોય પરંતુ રુચિથી ક્રિયાયોગ હોતો નથી કારણ કે **જ્ઞાનયોગમાં ઉત્સર્ગપ્રધાનરુચિ હોય છે. અતિપરિણતને એ જ નથી. વળી જ્ઞાનયોગમાં અનિવાર્ય રુપે-પરિસ્થિતિવશ-અશક્તિવશ ઉત્સર્ગને ટકાવવાના આશયથી પ્રાસંગિક અપવાદની રુચિ અને જયણા હોય છે.** જે એકેય અપવાદ માનતો નથી તેમાં આ રુચિ અને જયણા નથી હોતા માટે અપવાદ ન માનનારને પણ જ્ઞાનયોગ હોતો નથી.

**અપવાદના આલંબનવાળા પણ જો કાળજીવાળા ન હોય, ઉત્સર્ગની દઢદ્રષ્ટિવાળા ન હોય, પશ્ચાત્તાપ ન હોય, શક્ય એટલી ગુપ્તતા ન હોય તો જ્ઞાનયોગ નથી પણ શીથિલાચાર અને યોગભ્રષ્ટપણું કે યોગરહિતપણું છે.**

ચઢી રહેલા માણસો પ્રાય: પડતા નથી તેમ ઉત્સર્ગના આચારમાં સ્થિર અને દઢ દ્રષ્ટિવાળો પડતો નથી. ઉતરતો માણસ સાવધાન ન હોય તો પડે છે. જેમ ઉતરવું સહેલું લાગે છે તેમ અપવાદ સહેલો લાગે છે અને સાવધ ન હોય તેને અનાચારમાં પરિણમે છે.

ઉત્સર્ગ સ્વાભાવિક અને પ્રયત્નસાધ્ય છે. સંયમવૃદ્ધિ-સ્થિરતા-દઢતાનું કારણ છે. અપવાદ પરાધીન-સાવધાનીસાધ્ય છે, જો ગફલત કરે તો ભવભ્રમણનું કારણ બને છે. ટૂંકમાં આચારની નિર્મળતા-દઢતા-વૃદ્ધિ અને રુચિ એ સંયમકંડકની વૃદ્ધિનું કારણ છે.

ઉત્સર્ગ આચારથી સત્વ તેમજ જ્ઞાનદષ્ટિની વૃદ્ધિ દ્વારા આત્મસ્વરુપનો આશ્રય થાય છે અને આંશિક અનુભવ અને પ્રાપ્તિ પણ થાય છે, મોટા ભાગના જીવો ઉત્સર્ગની આરાધનાથી મોક્ષ પામે છે. ક્યારેક અપવાદના સંયોગ-પ્રસંગમાં જ્ઞાન-ભાવનાથી-ઉત્સર્ગની રુચિથી પરમતત્વ વિકસે છે અને પરમપદ મળે છે.

# आज्ञया युक्त

**પરમાત્મા-શાસ્ત્ર-ગીતાર્થ ગુરુભગવંતોની આજ્ઞાને અનુસરનાર.**

આત્માએ પોતાની પરાધીનતા જાણવી જોઇએ. એ પરાધીનતાનું મુખ્ય કારણ અજ્ઞાન અને મોહ છે. બાકીના બાહ્ય-અભ્યંતર કારણો એ પછીના અને ગૌણ છે.

આત્માને, એના મૂળ શુદ્ધ સ્વરુપને, એના વર્તમાન અશુદ્ધ સ્વરુપને, શુદ્ધ સ્વરુપ મેળવવાના કારણોને, અશુદ્ધ સ્વરુપ વધવાના કારણોને જીવ અજ્ઞાનના કારણે જાણી શકતો નથી અને ક્યાંક ક્યારેક જણાય છે તો વિકૃત કે વિપરીત જણાય છે.

મોહના કારણે સાચા અને સારા કાર્યો અને કારણો પર જીવને અરુચિ-ઉપેક્ષા-અનાદર થાય છે અને દોષકારક કાર્ય-કારણોમાં જીવને લાભ દેખાય, ગુણકારકતા લાગે, રુચિ-આદર-મમતા થાય છે.

**પોતાના આત્મામાં અજ્ઞાન અને મોહની પરાધીનતા જ્યારે જીવ સમજે, જાણે ત્યારે સમજવું કે અજ્ઞાન અને મોહ ઘણા ઘટ્યા છે.** આ અજ્ઞાન અને મોહ જેના ઘણા ઘટે તે જીવને અજ્ઞાન અને મોહને વારંવાર તપાસીને છોડવાનું મન થયા કરે છે. એથી એ દરેક કાર્યોમાં પ્રવૃત્તિમાં વસ્તુમાં વિચાર કે કાર્ય દ્વારા પ્રવર્તે છે (એટલે કે ચિંતન કરે અથવા પ્રવૃત્તિ કરે) ત્યારે અજ્ઞાન અને મોહથી બચવા માટે શ્રી પરમાત્માના વચનોનું આલંબન લે છે, એના દ્વારા એ પોતાના અજ્ઞાન અને મોહને ઓળખે છે અને તેને ઘટાડવા-છોડવાનો પ્રયત્ન કરે છે.

દરેક જગ્યાએ વસ્તુની-ગુણની પરીક્ષા કે નિર્ણય અનેક દૃષ્ટિકોણથી અને ઉંડાણથી કરવો પડે છે. તેવી રીતે પરમાત્માની આજ્ઞા-

વચન પણ અનેક પદ્ધતિ-અપેક્ષાઓ-પ્રક્રિયાઓથી યુક્ત હોય છે.

આ બધું સમજવા માટે જે શાસ્ત્રજ્ઞાન-ચિંતન-ઉહાપોહ-લાભ-નુકશાનની તુલના વગેરેની સાપેક્ષતા જોઇએ અને એના કારણે જે ગીતાર્થોને સમર્પિતતાનું વલણ આવે છે તેને આજ્ઞાયુક્તતા કહેવાય.

સાજા-નિરોગી માણસનો ખોરાક જુદો અને રોગીનો જુદો, શ્રીમંતપણાની રહેવાની પદ્ધતિ અલગ અને દરિદ્ર માણસની અલગ, દુકાળ અને સુકાળમાં જીવનવ્યવહાર જુદા હોય છે. પરંતુ બધે રુચિ સારાની, સાચાની અને ઉત્કૃષ્ટની હોય છે, સંયોગાનુસાર પ્રવૃત્તિમાં વ્યક્તિએ કે સમષ્ટિએ ભિન્નતા રાખવી-આચરવી પડે છે તેમ **તત્વદૃષ્ટિ આંતરિક પરિણતિમાં રમતો હોવા છતાં બાહ્ય પરિસ્થિતિમાં ભૂમિકા અનુસાર, સંયોગાનુસાર દુ:ખમાં ધૈર્ય-સમતાથી અને સુખમાં શક્ય ત્યાગ અને વૈરાગ્યથી વિવેકપૂર્ણ રીતે માનસિક-વાચિક અને કાયિક વ્યવહાર કરે છે. આ વ્યવહારને-આ સમજણને-આ ધૈર્ય-સમતા-ત્યાગ-વૈરાગ્ય-વિવેકયુક્તાને આજ્ઞાયુક્તતા કહેવાય.**

જેના કારણે **મરુદેવા માતાને ઋષભદેવ** પ્રભુએ સમવસરણમાં ન બોલાવ્યા ત્યારે પુત્ર ઉપર ગુસ્સો ન આવ્યો પણ વૈરાગ્ય ભાવના પર ચઢ્યા. આ આંતરિક આજ્ઞાયુક્તતા છે. **પ્રસન્નચંદ્રને** માથા પર હાથ જતાં પુત્રસ્નેહ-યુદ્ધ બધી વિચારણા જતી રહી અને સાધુપણાના પરિણામોની ધારા તીવ્ર બની તે આજ્ઞાયુક્તતા છે.

દેવલોકમાં પરમાત્મા અને બીજા જાગૃત વૈરાગ્યયુક્ત આત્માઓ પુદ્‌ગલ પ્રત્યેની ઉદાસીનતાથી કાળ પસાર કરે છે તે પણ આજ્ઞાયુક્ત છે. જેને દૃષ્ટિવાદોપદેશિકી=(દરેક પ્રસંગે હેયોપાદેયતાના વિવેકપૂર્વકની, લાભ-નુકશાનની વિચારણારૂપ) સંજ્ઞા-જ્ઞાન-વિચારણા હોય તે આજ્ઞાયુક્ત હોય છે. જે ગીતાર્થો બીજા ગીતાર્થોને સમર્પિત છે, પરસ્પર સલાહ-વિચારણા કરે છે, જણાવે છે, પૂછે છે તે સાપેક્ષ હોવાથી આજ્ઞાયુક્ત છે.

શ્રીસંઘ અનેક ગીતાર્થોથી યુક્ત હોવાથી અને તે ગીતાર્થો પરસ્પર સાપેક્ષ હોવાથી એમનું કથન તે પણ આજ્ઞા છે. તેનાથી યુક્ત એટલે **શ્રીસંઘની આજ્ઞાને જે માને-સ્વીકારે તેમાં આજ્ઞાયુક્તપણું છે. અને તે જે ન સ્વીકારે તેમાં તત્વદષ્ટિનું આ લક્ષણ ન ઘટવાથી તત્વદષ્ટિ નથી તેમ સમજી શકાય છે.**

વ્યક્તિ માટે શ્રુતઆજ્ઞા હોય છે. તે સામાન્ય પરિસ્થિતિમાં ઉત્સર્ગ આજ્ઞારુપ છે અને વિષમ પરિસ્થિતિમાં સત્વના આધાર પર અપવાદ આજ્ઞારુપ પણ હોય છે. આમ ઉત્સર્ગ-અપવાદના વિકલ્પમાં નિર્ણય કરવા માટે વ્યક્તિ માટે પણ ગુર્વાજ્ઞા-ગીતાર્થ આજ્ઞા પ્રધાન થાય છે.

સમષ્ટિ માટે સંઘ આજ્ઞારુપ જીત આજ્ઞા પ્રધાન છે અને તે શ્રુત આજ્ઞાના પાંચમા ભેદરુપ છે. તેથી મધ્યસ્થ-અરક્તદ્વિષ્ટ (રાગ-દ્વેષરહિત) એવા શ્રી સંઘ અને તેના ગીતાર્થ આચાર્યોની આજ્ઞા એ જીતઆજ્ઞા છે, એ શ્રુત અંતર્ગત છે અને શેષ શ્રુત આજ્ઞાથી પ્રધાન છે. માટે આજ્ઞાયુક્ત પદ મૂક્યું પણ શ્રુત આજ્ઞયા યુક્ત કે જીત આજ્ઞયા યુક્ત ન મૂક્યું.

ટૂંકમાં **અજ્ઞાનને ખસેડવા**-શાસ્ત્ર અધ્યયન અને વારંવાર અનેક દ્રષ્ટિકોણથી પૂર્વાપરની વિચારણા જરુરી બને. આને શ્રુતજ્ઞાન અને ચિંતાજ્ઞાન કહેવાય. અને **મોહને ખસેડવા**-આત્માએ કષાયજયની અને વિષય નિગ્રહની ભાવનાઓથી વાસિત થવું જોઇએ. આ ભાવનાજ્ઞાન છે.

**जह जह दोसा विरमइ, जह जह विसएसु जाइ वेरग्गं, तह तह पयट्टियव्वं ॥** જેમ જેમ દોષો અટકે અને જેમ-જેમ વિષયો પ્રત્યેનો વૈરાગ્ય વિકસે તેમ-તેમ પ્રયત્ન કરવો. આ ભાવનાજ્ઞાન છે.

તત્વદષ્ટિપણું આવે ત્યારે આજ્ઞાથી યુક્તપણું આવે છે. આ સિવાય પૂર્વાપરબાધિત, એકાંતથી દુષિત, નયવાદરુપ, એકપક્ષગ્રાહીદ્રવ્ય આજ્ઞામાં કથંચિત્ આજ્ઞાયુક્તપણું કહેવાય. ભાવઆજ્ઞાપણું પ્રાયઃ હોતું નથી. માટે સર્વત્ર તત્વદષ્ટિ મધ્યસ્થતાપૂર્વક ઉભી કરવી જરુરી છે.

# શ્રદ્ધાવાન્

**શ્રદ્ધા-સમ્યગ્દર્શનથી યુક્ત.**

છદ્મસ્થને વ્રત-ક્રિયા-આચારનો વિષય અલ્પ છે. તેના કરતાં જ્ઞાનનો વિષય ઘણો છે. છદ્મસ્થના જ્ઞાન કરતાં કેવળજ્ઞાનનો વિષય અનંતગુણ છે. તેથી તે કેવળજ્ઞાનનો સર્વ વિષય છદ્મસ્થને શ્રદ્ધાનો વિષય છે. તેથી ક્રિયાના વિષય કરતાં છદ્મસ્થના જ્ઞાનનો વિષય વધારે છે અને તેના કરતાં શ્રદ્ધાનો વિષય ઘણો મોટો છે માટે છદ્મસ્થને જ્ઞાન કરતા શ્રદ્ધા જુદી બતાવી છે.

છદ્મસ્થને જ્ઞાનના વિષયમાં શંકા-વિપર્યાસ-ભ્રમ વગેરે પણ હોય છે તેથી પોતાના જ્ઞાનની પ્રામાણિકતા પ્રભુના વચન અને જ્ઞાન આધારિત રાખવા શ્રદ્ધા અનિવાર્ય છે.

છદ્મસ્થ જીવે પોતાના પ્રયત્ન અને ક્ષયોપશમ મુજબ વસ્તુનો નિર્ણય કર્યો હોવા છતાં અજ્ઞાન વગેરેના કારણે વિપરીતતા થઇ શકે છે પરંતુ પ્રજ્ઞાપનીયતા અને સર્વજ્ઞવચનપ્રતિબદ્ધતારુપ શ્રદ્ધાના કારણે એ તેવી દોષપાત્ર નથી.

ક્રિયાપ્રાધાન્યવાળાને અને જ્ઞાનપ્રાધાન્યવાળાને બન્નેને શ્રદ્ધાની જરુર છે અને શ્રદ્ધા એ જ્ઞાન કરતાં અપેક્ષાએ જુદી છે. **પોતાના કાર્યમાં-પોતાના સ્વીકારમાં-પોતાની સમજણમાં-પોતાના નિર્ણયમાં સર્વોત્કૃષ્ટ જ્ઞાની એવા કેવલીને, તેમના જ્ઞાનને અને તેમના વચનને પ્રમાણ માનવા-પ્રધાન માનવા અને વચનને અનુકુળ વૃત્તિ-વલણ રાખવા તેનું નામ શ્રદ્ધા છે.**

પરમાત્માના વચન ઉપરની શ્રદ્ધા વિનાનો જ્ઞાની એ પણ વાસ્ત-

વમાં અજ્ઞાની છે કેમ કે જ્ઞાનાવરણ કર્મના ઉદયવાળો હોવા છતાં 'મારી ભૂલ ન થાય' તેવા માનને ધારણ કરે છે. વળી પ્રકૃષ્ટ જ્ઞાનવાળા ઉત્ત-મગુણી ઉપર પ્રમોદ અને સમર્પણ નથી.

રાગ-દ્વેષના ઉદયોની જીવમાં યોગ્યતા હોવાથી અને એના દ્વારા જીવ ક્યાંય પણ વિપરીત સમજણવાળો કે પક્કડવાળો બનવાની શક્યતા હોય ત્યારે તેણે પરમાત્માના વચન પર સમર્પણ કરવું જોઇએ. આ સમર્પણ એ શ્રદ્ધા છે તેનાથી માન-અહં-મમત્વ ત્રણે વિલીન થાય છે.

**જેવી રીતે જીવની પરમાત્માના વચન ઉપર શ્રદ્ધા અનિવાર્ય છે, જેવી રીતે શાસ્ત્રવચન ઉપર શ્રદ્ધા અનિવાર્ય છે તેવી રીતે છદ્મસ્થ ગીતાર્થ સાધુઓના સમૂહરુપ શ્રી સંઘના વચન ઉપરની શ્રદ્ધા પણ અનિવાર્ય છે અને માટે જ જીતવ્યવહારને માર્ગ બતાવ્યો છે.**

ગીતાર્થને પણ બીજા ગીતાર્થની સલાહ-સંમતિ અનિવાર્ય છે. માટે જેમ શાસ્ત્ર વચન ઉપર શ્રદ્ધાવાન્ તેમ જીવંત શાસ્ત્રરુપ ગીતાર્થ ગુરુના વચન ઉપર શ્રદ્ધાવાન એમ પણ સમજવું.

વ્યક્તિની સમજણશક્તિની મર્યાદા અને દ્રષ્ટિભેદના કારણે શાસ્ત્રના વચનો વિપરીત પરિણમે તે શક્ય છે જ્યારે ગીતાર્થ મહાપુરુ-ષોના સમુહરુપ સંઘમાં આ વિપરીતતા ન હોય માટે તેમના વચનની શ્રદ્ધા એ હંમેશ માટે પ્રધાન શ્રદ્ધાગુણ છે. આ ન હોય તો બીજી પરમાત્મા પર અને શાસ્ત્રવચન પર શ્રદ્ધારુપ બે શ્રદ્ધા હોવા છતાં એ પ્રામાણિક-વાસ્તવિક ન હોય માટે પ્રધાન નથી.

માટે દરેક શ્રદ્ધાને જીવનમાં યથાયોગ્ય સ્થાન આપી શ્રદ્ધાચક્ષુ દ્વારા અનંત પદાર્થોને જોઇ કેવળજ્ઞાન સુધીનો માર્ગ ખુલ્લો કરીએ તો પરમપદ વેંતનિકટ બને.

# શસ્ત્રાતીતોऽશસ્ત્રવાન્

## શસ્ત્રનો વિષય ન બનતો તથા શસ્ત્રરહિત...

આત્માનું આ સ્વરુપ છે. જેને કોઇ શસ્ત્ર લાગતા નથી અર્થાત્ જે શસ્ત્રથી અતીત છે, જે શસ્ત્રનો વિષય નથી, જેને કોઇ શસ્ત્ર કે પીડા નાશ કરી શકતા નથી. આ સ્વરુપ સિદ્ધ પરમાત્માનું છે.

જો કે આત્મા નિત્ય છે. આત્માનો ક્યારેય નાશ કરી શકાતો નથી પરંતુ આત્માએ ધારણ કરેલ ઔદારિક કે વૈક્રિય શરીરનો બાહ્ય શસ્ત્રથી વ્યાબાધા-પીડા અને નાશ થાય છે, છતાં ત્યાં પણ આત્માનો નાશ નથી. શસ્ત્ર વગર પણ આયુષ્યની પૂર્ણાહૂતિથી જીવે શરીર તો છોડવું જ પડે છે.

જ્ઞાનદૃષ્ટિથી પ્રગટ થયેલ ક્ષયોપશમ દ્વારા સાધનાને યોગ્ય આત્માની આ દૃષ્ટિ, વિચારશ્રેણિ, દૃઢ માન્યતા હોય છે. આત્મા શસ્ત્રનો વિષય નથી, શરીર શસ્ત્રનો વિષય છે. આત્મા નાશ પામતો નથી, શરીર નાશ પામે છે. આવી દૃષ્ટિના કારણે આચારાંગમાં બતાવેલ સ્વકાયશસ્ત્ર-પરકાયશસ્ત્રરુપ કાયાના બે શસ્ત્ર છે તે બન્ને દ્વારા જીવહિંસા ન થાય તેની કાળજી જ્ઞાનયોગી-સંયમી જ્ઞાનબળથી જાણે છે અને રાખે છે.

બીજાના રક્ષણ માટે જેમ દ્રવ્યશસ્ત્રનો વિચાર કરવાનો છે તેમ આત્માના અનંત ભવભ્રમણરુપ જન્મ-મરણથી બચવા-આત્માને બચાવવા અઢારપાપસ્થાનક-ભાવ આશ્રવરુપ ભાવશાસ્ત્રથી બચવાનો અને બીજાને બચાવવાનો પ્રયત્ન કરવાનો છે અને વિચારણા કરવાની છે.

મરણાંત કષ્ટથી આત્મા સત્વહીન-દીન ન બને માટે 'આત્મા

અછેદ્ય-અભેદ્ય-અદાહ્ય છે' આ ભાવનાથી ભાવિત થવાનું છે જેનાથી આત્માનું શુદ્ધ સ્વરુપ પણ જણાય છે. આ રીતે જગતના તમામ શસ્ત્રો આત્માને લાગી શકતા નથી તેમ આપણો આત્મા બીજા આત્મા માટે શસ્ત્ર બની શકતો નથી. આત્મા શસ્ત્રનું કાર્ય કરી શકતો નથી, કરતો નથી માટે આત્મા શસ્ત્ર નથી અને શસ્ત્રવાન્ પણ નથી.

દ્રવ્યશસ્ત્ર પુદ્ગલરૂપ છે અને એ પુદ્ગલના છેદન-ભેદન-દહન કરી શકે છે. આત્મા કોઇ પણ આત્માનું કે પુદ્ગલનું છેદનાદિ કરી શકતો નથી, કરતો નથી તેથી આત્મા શસ્ત્રરૂપ નથી. આવી ભાવના-જ્ઞાનદૃષ્ટિ કેળવવાથી બીજાને મારવાની, હેરાન કરવાની, પીડા કરવાની બુદ્ધિ પણ થતી નથી. આ ઘણી ઉંચી અવસ્થા છે. આનાથી વિપરીતરુપે-વિપક્ષરુપે પુદ્ગલ એ શસ્ત્ર છે અને પુદ્ગલવાન્ એ શસ્ત્રવાન્ છે.


સંસારી આત્મા કર્મસંયોગાધીન હોવાથી કર્મે વળગાડેલા પુદ્ગ-લરુપ શસ્ત્રવાળો છે અને પુદ્ગલરુપ શસ્ત્રનો વિષય પણ બને છે. માટે શસ્ત્રમાં ધારણ કરેલ પુદ્ગલની અપેક્ષાએ ઉપકરણ અને અધિકરણ એમ બે ભેદ પાડ્યા છે. એ રીતે જયણા-અજયણા એમ બે ભેદ પણ છે. જો જીવ શસ્ત્રાતીત જ હોય તો કોઇની હિંસા થઇ શકે નહીં અને તો કાળજી-જયણાની જરુર ન રહે, અધિકરણ જેવો ભેદ પણ ન પડે. માટે વ્યવહાર નયના મતે જીવની સંસારી અવસ્થાઓ શસ્ત્રાતીત નથી. શસ્ત્રથી પૂર્વ અવસ્થાનો નાશ થાય છે અને નવી અવસ્થા થાય છે. એ રીતે જીવે યતનાપૂર્વક વાપરેલા વસ્ત્ર-પાત્રાદિ ઉપકરણો દ્વારા જીવની રક્ષા થાય છે. પોતાને અને બીજા જીવોને ઉપગ્રહ-ટેકો પણ મળે છે. એટલે વ્યવહારનયના મતે પુદ્ગલ દ્વારા આત્મા સહાયક અને નાશક બન્ને છે. તેથી જ **અનુયોગદ્વાર** નામના શસ્ત્રમાં ઉપક્રમના બે ભેદ પાડ્યા છે. પરિકર્મ એટલે સંસ્કાર (દ્રવ્યમાં વિશિષ્ટતા લાવવી) અને વિનાશ.

અજયણાવાળો આત્મા શસ્ત્રવાન છે અને શસ્ત્રનો વિષય છે જ્યારે જયણાવાળો આત્મા શસ્ત્રવાન્ નથી પણ રક્ષક-ઉપષ્ટંભકારક છે. શસ્ત્રનો વિષય નથી પરંતુ સહાય-પોષણનો વિષય છે માટે ઉપકરણ એ સ્વ-પરના ઉપષ્ટંભક છે.

ભાવ ઉપકરણરુપ આચારપાલન, જ્ઞાનાભ્યાસ, ભાવનાઓ સ્વ-પર આત્માના ભાવની રક્ષા-વૃદ્ધિનું કારણ બને છે. માટે વ્યવહાર નયથી આત્મા અને અભેદનયથી તદ્યુક્ત દેહ શસ્ત્રનો વિષય છે અને શસ્ત્રવાન્ પણ છે. શુદ્ધ સ્વરુપની ભાવનાથી આત્મા શસ્ત્રનો વિષય નથી અને શસ્ત્રવાન્ પણ નથી.

આ શસ્ત્રાતીત વગેરે વાતો નિશ્ચય નયની છે. એ આત્માના શુદ્ધ સ્વરુપમાં દ્રષ્ટિને સ્થિર કરે છે અને ભયંકર કષ્ટો યાવત્ દેહવિલ-યમાં પણ સત્વ અને સમાધિ આપે છે.

યોગ-ધ્યાન વગેરે સાધનાની સ્થિરતા માટે નિશ્ચયનયની ભાવના જરુરી છે. જેનાથી ભય-વિક્ષેપ-અસ્થિરતા દૂર થાય અને નિર્ભયતા-સ્થિરતા પ્રગટ થાય છે. જેમ જિનકલ્પીની પૂર્વ ભાવનામાં સ્મશાન વગે-રેમાં કાયોત્સર્ગ બતાવ્યા છે તે ભયને જીતવા અને સત્વને વિકસાવવા હોય છે તેમ આ શુદ્ધસ્વરુપની ભાવના પણ સત્વ-સમાધિ-નિર્ભયતા-સ્થિરતાનું કારણ બને છે.



# गतो दृष्टेषु निर्वेदं

**ઇન્દ્રિયના વિષયોમાં ઉદાસીનભાવને, નિર્વિકારપણાને પામેલો.**

સંસારી જીવોને જે કોઇ સંયોગો પ્રાપ્ત થાય છે તેમાં તે રાગ-દ્વેષથી વ્યાપ્ત થાય છે, લેપાય છે. જેને ઇષ્ટમાં-અનુકુળતામાં રાગ થાય છે અર્થાત્ જે વસ્તુ સંયોગ કે વ્યક્તિમાં ઇષ્ટ અને અનુકુળતાની બુદ્ધિ કરે છે તે નિર્વેદ-વૈરાગ્ય વગરનો કે મંદ વૈરાગ્યવાળો છે, એવી જ રીતે જે પ્રતિકુળ વસ્તુ, વ્યક્તિ કે સંયોગમાં અનિષ્ટ-પ્રતિકુળતાની બુદ્ધિ કરે છે તે પણ વૈરાગ્ય વગરનો, નિર્વેદ વગરનો છે.

નિર્વેદ એટલે જેમ કંટાળો એવો અર્થ થાય તેમ વિશેષ અનુભવ વગરનો (વેદ એટલે અનુભવ, તે જેનો નિકળી ગયો છે તે) એટલે જેને વિશિષ્ટ રાગાદિ પરિણતિ નથી, તે વસ્તુને વિશેષરુપે અનુભવતો નથી એવો અર્થ કરવો. માટે સમતા-સમભાવ-વૈરાગ્ય-જ્ઞાનદૃષ્ટિ-ઉપશમથી જે આત્મા ભાવિત થાય છે તે વ્યવહારમાં આવતી બધી જ વૈષયિક અનુકુળ-પ્રતિકુળ પરિસ્થિતિઓમાં નિર્વેદવાળો હોય છે એટલે કંટાળાવાળો હોય છે તેવો અર્થ ન કરતા ઉદાસીન-વિશેષ લાગણી વગરનો હોય છે આવો અર્થ કરવો. તાત્પર્ય એ થયું કે **જ્યાં સુધી ઇષ્ટ અર્થોમાં એટલે કે ઇન્દ્રિયગ્રાહ્ય પદાર્થોમાં ઉદાસીનતા, રાગ-દ્વેષની લાગણીની મંદતરતા ન આવે ત્યાં સુધી જ્ઞાનની પરિણતિ નથી.** જ્ઞાનની પરિણતિનું કાર્ય છે, આ નિર્વેદપણું-ઉદાસીનપણું. આ લાવવા માટે રાગાદિના ભયંકર નુકશાનનું અને તેનાથી બંધાતા કર્મના વિપાકોનું ચિંતન-ભાવન. વારંવાર સતત કરવું જોઇએ. રાગને ઉત્પન્ન કરનાર સામગ્રીને છોડવી, મનને તેનાથી પાછું વાળવું, ત્યાગ-વૈરાગ્યના સતત પ્રયત્ન કરવા વિગેરેથી આ

નિર્વેદ ઉત્પન્ન થાય છે અને સાહજિક બને છે. નિર્વેદનો ઉપાય છે, નાની નાની પરિસ્થિતિઓ-વસ્તુઓમાં રાગાદિ પરિણતિને અટકાવવી અને સૌમ્ય-સમભાવ કેળવો. આ સમભાવ કેળવતા-કેળવતા વિશેષ પરિસ્થિતિઓમાં પણ સમભાવ કેળવાય છે. મનને જેમ રોકીએ તેમ ધીમે ધીમે રોકાતું આવે છે અને જો રોકવાનું બંધ કરો તો એની ચંચલતા-સત્વહીનતા-રાગાદિ વિહ્વલતા વધતી જાય છે.

જ્ઞાનદૃષ્ટિના પ્રયત્નવાળો બાહ્યથી નિર્વેદપણાનો વ્યવહાર કરે અને અંતરથી નિર્વેદને કેળવતો જાય.

શુભ યોગ, દેવ-ગુરુ-સાધર્મિક-ધર્મસ્થાન-ધર્મક્રિયા વગેરે પ્રત્યે નિર્વેદ ન જોઇએ પરંતુ આનંદ, ઉત્સાહ, ભક્તિ, ગૌરવ જોઇએ અને એ આનંદમય અવસ્થા વારંવાર થતા તે આનંદ પણ સાહજિક બની જાય છે, સ્વભાવ બની જાય છે, જ્ઞાનસ્વરુપ બને છે. જેમ રાજાને રાજ્યસુખની સામગ્રી રોજની સ્વભાવગત બને છે તેવી રીતે જ્ઞાની આત્માને શુભ યોગોમાં પ્રસન્નતાપૂર્વકનો ઉપયોગ સ્વભાવગત બને છે માટે નિર્વેદપણું રાગદ્વેષની પરિણતિના કારણભૂત અશુભ વિષયમાં અને શુભ વિષયમાં થતા અશુભ ઉપયોગમાં લાવવું.

શુભવિષય અને શુભ ઉપયોગમાં સાહજિક આદર, આનંદ અને તન્મયપણું લાવવું.

ધર્મધ્યાનના ભેદરુપ અપાયવિચય અને વિપાકવિચયની વિચારણાથી જેમ નિર્વેદ ઉત્પન્ન થાય છે અને વધતો જાય છે તેમ આત્મગુણો અને એના કારણભૂત સદાચાર અને સદ્ભાવના વગેરેની વિચારણાથી શુભ સંવેદન અને આત્મસંવેદન વધતું જાય છે. રાગ-દ્વેષ-કષાય-વિષયોના વેદન-અનુભવને જેમ ઘટાડવાનો છે તેમ આત્મગુણોનો-આત્મસ્વરુપનો-સમતાનો અનુભવ કરવાનો છે. જે કર્મના ક્ષયોપશમથી-ભાવના-

ઓથી અને સદાચારના પાલનથી આવે છે માટે આ આત્મગુણો, એના કારણો, સદાચાર, સદ્ભાવના વગેરેનું કર્મક્ષયોપશમજન્ય ફળ, શુભકર્મોદયજન્યફળ, ગુણોનું સ્વરુપ અને તેની પ્રાપ્તિના ઉપાયો વગેરે વારંવાર વિચારતા રહેવું, શક્ય અને આંશિક પ્રયત્ન થાય તે કરતા રહેવો. જેમ દૃષ્ટેષુ નિર્વેદ છે તેમ આ અદૃષ્ટેષુ સંવેદન પણ લેવાનું છે. અદૃષ્ટ=આત્મા, તેનો અનુભવ કરનાર જ્ઞાનયોગી છે. એ પણ પૌદ્ગલિક વિષયસુખોના નિષેધ સાથે આત્મગુણ અનુભવનું સૂચન સમજી લેવું.

**જ્ઞાનદૃષ્ટિવાળાને વિષયોમાં નિર્વેદ હોય છે, આવે છે તેવી જ રીતે મોક્ષ અને મોક્ષના અંગો, આચાર, ભાવના, જ્ઞાનાભ્યાસ, પરિણતિની કેળવણી વગેરેમાં સંવેગ અને સંવેદ હોય છે.**

સંવેગ એટલે અભિલાષની તીવ્રતા, એમાં વિશેષ પ્રવર્તન અને સંવેદ એટલે તેનો અંતરથી, હૃદયથી, લાગણીથી સાહજિક વેદન-અનુભવ.

ધર્મયોગનું સમ્યગ્ સંવેદન=અનુભવ, લાગણીપૂર્ણતા-ભાવ પૂર્ણતા ભાવયોગી-જ્ઞાનદૃષ્ટિવાળાને થાય છે તેથી ધર્મનો પ્રાણ-ભાવ-મર્મ-મહત્વ સંવેગવાળા જ્ઞાનયોગી અનુભવી શકે છે. ક્રિયાયોગી, જ્ઞાનને-પરિણતિને-અનેકાંતને અપ્રધાન માનનારા અનુભવી શકતા નથી માટે ધર્મભાવનો અનુભવ કરવા પણ જ્ઞાનયોગ આત્મસાત્ કરવો જરુરી છે.



# अनिह्नुत पराक्रम

**પરાક્રમ-વીર્યને નહીં ગોપવનાર-નહીં છૂપાવનાર.**

પરાક્રમનો અપલાપ ન કરતો એટલે કે પરાક્રમને નહીં છૂપાવતો. સંસારી આત્મા સંસારના રસવાળા કાર્યમાં જેમ શક્તિને છૂપાવતા નથી પણ ફોરવે છે તેવી રીતે જ્ઞાનદૃષ્ટિવાળો-વૈરાગ્યવાળો આત્મા સંસારમાં-પાપમાં પોતાની શક્તિને, તન-મન-ધન-પરિવાર વગેરેની જેટલી શક્તિ વપરાતી બચે તેટલી બચાવવા પ્રયત્ન કરે છે. એ જ રીતે સંસારી આત્મા ધર્મમાં ખરચાતી શક્તિને રોકે છે જ્યારે ધર્મી આત્મા ધર્મની આરાધનામાં, ભાવનામાં-ઇચ્છામાં પોતાની શક્તિ છૂપાવતો નથી, સંતાડતો નથી, દીન બનતો નથી.

**જ્યાં ઉલ્લાસ ન હોય ત્યાં શક્તિ છુપાવાય, શક્તિનો ઉપયોગ ન થાય. શક્તિ હોવા છતાં શક્તિ ન હોવાપણું બતાવવું તે શક્તિનો અપલાપ કહેવાય.** જ્ઞાનયોગીને આરાધનાના બધા યોગોમાં ઉલ્લાસ હોય. કોઇપણ એક યોગમાં પ્રધાનતયા પ્રવૃત્તિ હોવાથી બીજા યોગોની પ્રવૃત્તિ જાતે ન થઇ શકવા છતાં ત્યાં શક્તિનું છુપાવવાપણું નથી કારણ એ પણ એક પ્રકારે ઔચિત્ય છે, વિવેક છે. **સ્વાત્માને વધુમાં વધુ લાભ થાય તેવા યોગમાં પ્રવર્તવું તે ઔચિત્ય.**

જ્ઞાનયોગીને આરાધનાના કોઇ પણ યોગ પ્રત્યે અરુચિ ન હોય, અનાદર-તિરસ્કાર ન હોય. બધા જ યોગ પ્રત્યે આદર હોય. કોઇપણ સંસ્થાના પ્રમુખ કે મુખ્ય કાર્યકર્તાને સંસ્થાના કોઇ પણ કાર્ય પ્રત્યે અરુચિ ન હોય, પછી પોતે કરે કે બીજા પાસે કરાવે તે વાત જુદી.

જેને જે કાર્ય પ્રત્યે અરુચિ હોય ત્યાં તેની પ્રવૃત્તિ સહજપણે ન પ્રવર્તે, ત્યાં શક્તિ ફોરવવા પ્રયત્ન ન કરે, ન ફોરવે. આ એક મોહદૃષ્ટિ છે. જ્યારે જ્ઞાનદૃષ્ટિવાળા અરુચિવાળા ક્ષેત્રમાં અંતરાય તોડવા વિશેષ પ્રયત્ન-પરાક્રમ કરે. સમકિતીની-જ્ઞાનયોગીની રુચિ બધા યોગમાં હોય છે. એક પણ યોગમાં અરુચિ ન હોય તેથી શક્તિ-સંયોગાનુસાર ગૌણ-મુખ્યભાવે યોગોની આરાધના જીવ કરે છે અને ભાવનારુપે બધા જ યોગોમાં વીર્ય પ્રવૃત્ત હોય છે. એકેય યોગમાં શક્તિનો અપલાપ કે છુપાવવાપણું નથી હોતું. માટે સમકિતી રુચિ-યોગ્યતારુપે અનિલ્નુતપરાક્રમ હોય છે. કુરગડુમુનિ અને માસતુષ મુનિ જેવા પૂર્વે તે-તે યોગની વિરા-ધના કરેલ હોવા છતાં તેમાં તેઓ વિશેષ પ્રયત્નશીલ બન્યા. કુરગડુ તપસ્વી પ્રત્યે અસાધારણ આદર-ભક્તિવાળા બન્યા, વિશિષ્ટ રુચિવાળા થયા તેથી અગોપિતપરાક્રમવાળા બન્યા તો માસતુષમુનિ જ્ઞાન ન ચઢવા છતાં વિશેષ મહેનત કરનાર બન્યા.

સારાંશ એ કે જ્ઞાનદૃષ્ટિ-સમકિતવાળા જીવ આરાધનામાં પરા-ક્રમ છૂપાવતા નથી. નિકાચિત અવિરતિકારી કર્મ વગેરેના કારણે જે આરાધના નથી કરી શકતા ત્યાં ભાવથી અશક્તિ છે, પરંતુ રુચિ-લાગણી તીવ્ર છે. માટે કહ્યું છે ને કે **'સમકિત વિરતિને ખેંચી આણે'** તે જ રીતે સમકિત સર્વ ગુણોને અને કેવળજ્ઞાનને ખેંચી લાવે છે. માટે સમ્યગ્દૃષ્ટિને છઠ્ઠે ગુણસ્થાનકે સર્વ આરાધક અને ૪-૫ ગુણસ્થાનકે દેશ આરાધક કહ્યા છે. બહુલતાએ આરાધક બતાવ્યા છે.

પરાક્રમ એટલે ઉત્સાહપૂર્વક પ્રવૃત્તિ અને ઉત્સાહ. એનો અપ-લાપ-તિરસ્કાર-અરુચિ એકપણ આરાધનામાર્ગમાં ન હોય. સંયોગો કે ચારિત્રમોહનીયના કારણે પ્રવૃત્તિ ન્યૂનાધિક હોય કે ન પણ હોય છતાં ભાવ હોય તેથી તે-તે અંતરાયનો નાશ કરે છે. જ્ઞાનયોગવાળા વિશેષ

પાપ કર્મ બાંધતા નથી અને જૂના બાંધેલા પાપકર્મ વિશેષ ખપાવે છે. માટે કહ્યું છે કે-

**જ્ઞાની શ્વાસોચ્છ્વાસમાં કરે કર્મનો છેહ,**
**પૂર્વકોડી વરસા લગે, અજ્ઞાની કરે તેહ ।।**

જ્ઞાની શ્વાસોચ્છ્વાસમાં જે કર્મ ખપાવે છે તે અજ્ઞાની પૂર્વકોટી વર્ષથી પણ ખપાવી શકતા નથી. અહીં જ્ઞાની શબ્દથી જ્ઞાનયોગી લેવા-જાણવા.



# निक्षिप्तदण्डो

## આસ્રવથી મુકાયેલા...

દંડ શબ્દનો અર્થ આસ્રવ કરવો. તે આસ્રવ ૨ પ્રકારે છે-દ્રવ્ય અને ભાવ. આના ભેદો નવતત્વમાં તથા અન્ય ગ્રંથોમાં બતાવ્યા છે. મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય અને યોગ આ ૫ આસ્રવ બતાવ્યા છે. ઇન્દ્રિય, કષાય, અવિરતિ, જોગ અને ક્રિયારુપે પણ બતાવ્યા છે. કર્મોદયજન્ય આત્માના પરિણામોને ભાવ-આસ્રવ સમજવા અને એનાથી થતી પ્રવૃત્તિ એ ભાવયુક્ત દ્રવ્ય આસ્રવ સમજવા.

દ્રવ્ય આસ્રવ બે પ્રકારે હોય છે, ભાવથી ઉત્પન્ન થયેલા અને ભાવનું કારણ. તે સિવાય જે **દ્રવ્ય આસ્રવ વિપરીત સંયોગોના કારણે યતનાપૂર્વક કરવામાં આવે અને જે પશ્ચાત્તાપ પૂર્વક કરવામાં આવે તે ભાવ આસ્રવના કારણ થતા નથી પરંતુ ભાવ આસ્રવ ઘટાડવાનું કાર્ય કરે છે.**

પરિણતિયુક્ત જ્ઞાનદૃષ્ટિવાળા આત્માઓ પ્રાય : ભાવદંડ રહિત હોય છે એટલે નિક્ષિપ્તદંડવાળા ભાવઆસ્રવરહિત કહ્યા છે.

જ્ઞાનદૃષ્ટિ આત્માને આભિગ્રહીક અને આભિનિવેશિક મિથ્યાત્વ દંડ હોતો નથી કારણ કે તેઓ પ્રજ્ઞાપનીય હોય છે. જે પ્રજ્ઞાપનીય હોય તે જ્ઞાનદૃષ્ટિને યોગ્ય હોય છે. અને જે જ્ઞાનદૃષ્ટિવાળા હોય તે પ્રજ્ઞાપનીય જ હોય, જ્યારે આભિગ્રહિક અને અભિનિવેશવાળા અપ્રજ્ઞાપનીય (સમજાવવા છતાં અસત્ય ન છોડનાર અને સત્ય ન સ્વીકારનાર) હોય. આ બે મિથ્યાત્વો પ્રધાનરુપે મિથ્યાત્વ દંડવાળા છે જે જ્ઞાનદૃષ્ટિ આત્માને હોતા નથી.

અનાભિગ્રહીક મિથ્યાત્વવાળા પ્રજ્ઞાપનીય હોય છે છતાં જ્ઞાનદૃષ્ટિ

નથી. સત્યનો સ્પષ્ટપણે સ્વીકાર નથી તેથી મિથ્યાત્વનો મંદ ભાવદંડ છે. જ્ઞાનદષ્ટિવાળા વિશેષ વિચારક અને પ્રજ્ઞાશીલ હોવાથી પરિણતિયુક્ત હોવાથી અનાભિગ્રહિક મિથ્યાત્વ પણ તેમને નથી હોતું.

એજ રીતે સાંશયિક મિથ્યાત્વ પણ જ્ઞાનદષ્ટિવાળાને નથી હોતું કારણ કે જ્ઞાનદષ્ટિવાળાને જે ન સમજાય, ન જણાય તેમાં પણ આજ્ઞા પ્રધાન "તમેવ સચ્ચં નિશંકં જં જિણેહિં પવેઇયં" જિનેશ્વર ભગવંતોએ પ્રરૂપ્યું તે સાચું જ છે અને શંકારહિત જ છે આવી પરિણતિવાળા હોય છે. કારણ કે કેવળજ્ઞાનની અપેક્ષાએ પોતાની સમજણ-વિચારણાશક્તિ અતિઅલ્પ છે તેવું જાણે છે તેથી જે પ્રભુવચનોમાંથી સમજાય-અનુભવાય તે સમજવા-અનુભવવા પ્રયત્ન કરે બાકીમાં પ્રજ્ઞાપનીયતા અને સમર્પણથી આજ્ઞાને પ્રધાન કરે.

જ્યારે સાંશયિક મિથ્યાત્વવાળા પ્રભુના જે જે વચનો ન સમજાય કે વિપરીત અનુભવાય ત્યારે પોતાની સમજણ-અનુભવની મુખ્યતા કરી પ્રભુવચન ઉપર શંકાશીલ બને છે.

આભિગ્રહીક અને આભિનિવેશિક મિથ્યાત્વ પ્રભુવચનને ખોટા રુપે મનાવે છે જ્યારે સાંશયિક તેમાં સંદેહવાળો હોય છે. તેથી સાંશયિક મિથ્યાત્વવાળાને જ્ઞાનદૃષ્ટિ ન હોય પરંતુ સાંશયિક મિથ્યાત્વ ચરમાવર્તમાં હોવાથી મંદ છે. તેને પોતાના અનુભવજ્ઞાનમાં પણ સંદેહ હોવાથી મંદ છે, પ્રભુવચનમાં સંદેહ હોવાથી મિથ્યાત્વ છે. આ મિથ્યાત્વ મંદ હોવાના કારણે પ્રજ્ઞાપનીયતા ગુણ હોય છે. તેથી સમજાવનાર મળે ત્યારે સમજવા પ્રયત્ન કરે અને સમજીને પ્રભુના વચનને સત્ય તરીકે સ્વીકારે પણ ખરા.

અનાભિગ્રહીક-સાંશયિક બે મિથ્યાત્વ મંદ કોટિના હોય છે અને ચરમાવર્ત સિવાય આ બે મિથ્યાત્વ હોતા નથી. આભિનિવેશિક મિથ્યાત્વ પણ ફક્ત ચરમાવર્તના અર્ધભાગમાં હોય છે પરંતુ તે તીવ્ર

મિથ્યાત્વ છે.

આભિગ્રહીક મિથ્યાત્વ તીવ્ર છે અને તે અચરમાવર્તમાં પણ હોય છે, અભવ્યોને પણ હોય છે. અનાભોગિક મિથ્યાત્વ દેખીતી રીતે મંદ હોય છે પરંતુ તે પણ અસંજ્ઞીપણાના કારણે, વિશેષ જ્ઞાનાભાવના કારણે. વિશેષ સમજણ અને જ્ઞાનયુક્ત અવસ્થામાં તે આભિગ્રહિકરુપ થાય છે. જ્ઞાનદૃષ્ટિવાળાને અનાભોગ હોવા છતાં પ્રજ્ઞા પનીયતા હોવાથી મિથ્યાત્વ નથી અનાભોગ મિથ્યાત્વવાળાને પ્રજ્ઞાપનીયતાની યોગ્યતા હોય તો મંદ મિથ્યાત્વ સમજવું બાકી તીવ્રરુપતા સમજવી.

જ્ઞાનદૃષ્ટિવાળાને અઘાતી કર્મોનો અશુભ અને ઘાતી કર્મોનો ચાર સ્થાનક કે ત્રણ સ્થાનક રસબંધ નથી, રસ-ઉદય પણ નથી તેથી ઇન્દ્રિયો અને કષાયો પણ અપેક્ષાએ મંદ આશ્રવ બને છે. એજ રીતે અવિરતિપણું પહેલે ગુણસ્થાનકે જેવું હોય તેના કરતા ૪થે ગુણસ્થાનકે અનંતગુણહીન સામર્થ્યનું હોય છે કારણ કે જ્ઞાનદૃષ્ટિ છે.

બહારથી ઇન્દ્રિય-કષાય-અવિરતિ ક્યારેક અન્યથી સરખા દેખાવા છતાં જ્ઞાનપરિણતિના કારણે એ ઇન્દ્રિય આદિ શક્તિથી અનંતગુણહીન છે માટે તદ્વિષયક ભાવદંડ પણ અનંતગુણ હીન છે.

અંતરમાં ઇન્દ્રિય વગેરે આસ્રવનું સામર્થ્ય તીવ્ર નથી માટે એ ઇન્દ્રિયો વગેરેની પ્રવૃત્તિ જ્ઞાનદૃષ્ટિવાળાને ભવોભવ ટકતી નથી, નર-કાદિ દુર્ગતિ અપાવી શકતી નથી, દેવલોકમાં પણ મુંઝવણ કે આસ-ક્તિની દીર્ઘતા અને તીવ્રતા થતી નથી.

બહુધા તો જ્ઞાનદૃષ્ટિના કારણે ઇન્દ્રિયો-કષાયો વગેરે આતુ-રતા-આવેશ-ઉકળાટ વગરના ઠંડા-શાંત હોય છે માટે બાહ્યથી કે અંત-રમાં બહુ ધમપછાડા હોતા નથી.

જ્ઞાનદૃષ્ટિવાળાનો યોગ પણ શાંત અને સ્વસ્થ હોય છે જ્યારે જ્ઞાનદૃષ્ટિવાળા સિવાયનાનો યોગ પણ અસ્વસ્થ અને તીવ્ર હોય છે.

જ્ઞાનદૃષ્ટિવાળાનો પ્રમાદ પણ ઘટતો હોય છે આ ભાવ આસ્રવવાળા અપેક્ષાએ અનંતમાં ભાગના હોવાથી જ્ઞાનદૃષ્ટિવાળા ભાવદંડરહિત છે, અતિ અલ્પ દંડવાળા છે.

જ્ઞાનદૃષ્ટિવાળાના ભાવપરિણતિના આસ્રવ મિથ્યાત્વ-અજ્ઞાનપરિણત આત્માના ભાવ આસ્રવ કરતા ઘણા જ અલ્પતમ હોય છે.

બાહ્ય આસ્રવો-બાહ્ય વ્યવહાર પણ જ્ઞાનપરિણતિવાળાના આવેશ-મમત્વરહિત, અપ્રધાન અને ઔપચારિક હોય છે જેથી તે નરકાદિ દુર્ગતિ અને પાપાનુબંધ આપી શકતા નથી. જ્ઞાનદૃષ્ટિવાળાને દ્રવ્ય આસ્રવસ્થાનોમાં પણ ભાવની અપ્રધાનતા છે તેથી દ્રવ્યઆસ્રવ ગૌણ-અપ્રધાન બને છે. દ્રવ્ય આસ્રવના અભાવમાં ભાવ આસ્રવ આકાંક્ષા વગેરેથી પ્રાય: નથી હોતા, જ્ઞાનદૃષ્ટિ વિનાનાને દ્રવ્ય આસ્રવોમાં પણ ભાવઆસ્રવની તીવ્રતા હોય છે અને દ્રવ્ય આસ્રવ વગર પણ આકાંક્ષા વગેરેથી ભાવ આસ્રવની તીવ્રતા હોય છે. જ્ઞાનદૃષ્ટિવાળા આશ્રવોને છોડેલા-આસ્રવરહિત બહુધા હોય છે અને એથી વિપરીત જ્ઞાનદૃષ્ટિ વિનાના ત્રિવિધ-દ્વિવિધ કે અનુમોદના-આકાંક્ષા-માયાથી પણ પ્રધાન આસ્રવવાળા બહુધા કાયમ હોય છે. માટે જ્ઞાનદૃષ્ટિવાળાને પાપાનુબંધ નથી હોતો, પુણ્યાનુબંધ હોય છે.

જ્યારે અપુનર્બંધક સિવાયમાં જ્ઞાનદૃષ્ટિ વગરનાને પાપાનુબંધ અવશ્ય હોય છે, પુણ્યાનુબંધ નથી હોતો. આમ જ્ઞાનદૃષ્ટિથી આસ્રવરહિત થવાય છે માટે જ્ઞાનદૃષ્ટિવાળાને સર્વઆરાધક કે અલ્પ-દેશવિરાધક કહ્યા છે જ્યારે જ્ઞાનદૃષ્ટિ વિનાનાને પ્રથમ ગુણસ્થાનકે સર્વવિરાધક અને બાહ્ય આચારસંપન્નને દેશ આરાધક કહ્યા છે.

માટે આચારસંપન્ન બનવાપૂર્વક જ્ઞાનપરિણતિ કાયમી ઉભી કરવી. જ્ઞાનગર્ભિત વૈરાગ્ય એ જ્ઞાનદૃષ્ટિનું સ્વરુપ છે.

# ધ્યાનાગ્નિના દગ્ધપાપેન્ધનવ્રજઃ

પાપરુપી ઇન્ધનના સમુહને ધ્યાનરુપી અગ્નિથી
બાળી નાખ્યો છે તેવો...

તત્વદૃષ્ટિવાળા જ્ઞાનપરિણતિવાળા જીવો મોટા ભાગે શુભભાવના અને શુભધ્યાનમાં હોય છે તેથી એવા જીવને અશુભભાવના પ્રાય: હોતી નથી અને પ્રસંગવશ ક્યારેક હોય તો પણ અલ્પ પાવરની અલ્પકાલીન હોય છે. અને તે વખતે પણ નરક-તિર્યંચગતિ પ્રાયોગ્ય અશુભ કર્મ બંધાતા નથી અને એ રીતે અશુભધ્યાન પણ પ્રાય: હોતું નથી, હોય તો પણ તે મંદકોટિનું હોય છે.

જ્ઞાનદૃષ્ટિ આત્માને અશુભ અનુબંધ હોતા નથી, જ્ઞાનદૃષ્ટિથી શુભભાવના દ્વારા પ્રચંડ પ્રમાણમાં પાપ કર્મ ખપાવે છે અને એ ભાવનામાં પણ જ્યારે દૃઢતા અને એકાગ્રતા આવે ત્યારે વિશેષરૂપે પાપકર્મ ખપાવે છે.

અશુભભાવનામાં જે કાર્ય થાય તે કાર્ય અશુભધ્યાનમાં વિશેષ પ્રમાણમાં થાય છે. અશુભભાવનાની પ્રબળતાવાળાને અશુભધ્યાન પ્રબળ અને સુલભ હોય છે. અશુભ ભાવનાની મંદતાવાળાને અશુભધ્યાન પણ મંદ અને અલ્પકાલીન હોય છે.

તેવી જ રીતે શુભ ભાવનાની પ્રબળતાવાળાને શુભધ્યાનની દૃઢતા અને પ્રાબલ્ય હોય છે. અને એથી શુભભાવનામાં અને શુભધ્યાનમાં પાપકર્મો પ્રચુર પ્રમાણમાં નાશ પામે છે. શુભભાવનાની મંદતામાં શુભધ્યાન પ્રાય: આવતું નથી અને આવે તો મંદકોટિનું હોય છે. એથી પાપકર્મનો

નાશ અલ્પ થાય છે.

જ્ઞાનદૃષ્ટિ-તત્વદૃષ્ટિ એ શુભભાવનાની તીવ્રતાથી ઉત્પન્ન થયેલી છે. તેથી પ્રચંડપણે કર્મનો નાશ કરે છે, પાપ અનુબંધનો નાશ કરે છે, શુભ કર્મો અને શુભાનુબંધ પણ ઉત્પન્ન કરે છે. જ્ઞાનદૃષ્ટિ જ્ઞાનયોગવા-ળાને શુભભાવના સહજસિદ્ધ હોય તેથી શુભધ્યાન સહજપણે આવે છે અને પાપકર્મો નાશ પામે છે.

જેમ પાપના સમુહનો નાશ કરવા શુભધ્યાન અને શુભભાવના છે તેમ શુભધ્યાન અને શુભભાવનાને ઉત્પન્ન કરવા શુભજ્ઞાન અને શુભક્રિયા જરુરી છે.

**શુભજ્ઞાન એટલે સ્યાદ્વાદગર્ભિત જ્ઞાન, રાગ-દ્વેષની મંદતાના કારણે ઔચિત્યની વિચારણાથી યુક્ત જ્ઞાન, આય-વ્યય (લાભ-નુક-શાન)ની તુલનાકારક જ્ઞાન. શાસ્ત્ર અધ્યયન દ્વારા, ગુરુઓના માર્ગદ-ર્શન દ્વારા અને મોહનીયના ક્ષયોપશમથી એ જ્ઞાન ઉત્પન્ન થાય છે.**

શુભજ્ઞાન પરિણતિ ઉત્પન્ન કરી શુભક્રિયામાં આત્માને પ્રવર્તાવે છે. તેથી શુભધ્યાનના કારણભૂત શુભભાવના-શુભજ્ઞાન અને શુભક્રિયા પાપકર્મનો અને પાપકર્મના અનુબંધનો પણ નાશ કરે છે. નવા પાપાનુ-બંધ પડતા નથી, પુણ્યકર્મનો બંધ થાય, શુભાનુબંધ થાય, અને આત્મ-ગુણો તેમજ સત્ક્ષયોપશમ પણ સાનુબંધ થાય છે.

આ પાપ બે પ્રકારના છે-ઉદયરુપ અને સત્તારુપ. આમાં પ્રથમ ઉદયરુપ પાપ નાશ પામે છે. પછી ક્રમશઃ સત્તારુપ પાપ પણ નાશ પામે છે. **બંધરુપ અને અનુબંધરુપ પાપ તો તત્વદૃષ્ટિ આવતાંની સાથે જ અટકી જાય છે.**

તત્વદૃષ્ટિની જેટલી નિર્મળતા અને સશક્તતા તેટલો મોહની-યના ઉદયનો હ્રાસ થાય છે. અનુભવજ્ઞાનની જેટલી નિર્મળતા-સચોટતા

તેટલો મોહ-અજ્ઞાન-સંક્લેશનો સ્વયં હ્રાસ થાય છે. માટે જ્ઞાન મેળવવા પૂર્વક ભાવના અને ધ્યાન વડે પાપકર્મોનો નાશ કરવો જોઇએ તો આત્મા ઉંચી કક્ષાની આરાધના ઉલ્લાસપૂર્વક કરી શકે.

**સામાન્યથી ધ્યાનનું કારણ ભાવના, ભાવનાનું કારણ રુચિ અને જ્ઞાન, અને રુચિ-જ્ઞાનનું કારણ આદર અને સત્ક્રિયા છે. રુચિ અને રસ બન્ને સમાનાર્થક છે. માટે પ્રારંભિક ધ્યાન એ આદર અને સત્ક્રિયા-રૂપ છે, પછી જ્ઞાન અને રુચિરુપ, પછી પરિણતિ અને ભાવના રુપ અને છેલ્લે સ્વભાવ રુપ બને છે.** આ બધા જ ઉત્તરોત્તર વિશિષ્ટ કર્મક્ષયના તીવ્ર કારણ છે. જૈન-શાસનમાં આ બધાને યોગ કહેવાય છે. પ્રથમને ક્રિયા-યોગ કહેવાય. પછીના બધાને જ્ઞાનયોગ કહેવાય. ક્રિયાયોગ આદર વગર ન હોય અને તેમાં જો જ્ઞાનયોગ સાથે હોય તો જ્ઞાનયોગની મુખ્યતાના કારણે એને જ્ઞાનયોગ કહેવાય, ક્રિયાયોગ ન કહેવાય. **જ્ઞાન-યોગ વગર ક્રિયાયોગ હોઇ શકે છે પણ જ્ઞાનયોગ બહુધા ક્રિયાયોગની સાથે જ હોય છે.** કોઇ અડચણ-તકલીફ-અટકાયત હોય અને ક્યારેક ક્રિયાયોગ ન દેખાય તે વાત જુદી. માટે **ક્રિયા-રુચિ-આદર-પ્રયત્ન વગર જ્ઞાનયોગ હોતો નથી.** ક્રિયા જ્ઞાનને સૂચવે છે. તાત્વિકક્રિયા જ્ઞાન વગર ન હોય. વ્યવહાર ક્રિયાથી ચાલે છે તો ક્રિયાની વ્યવસ્થિતતા-સચોટતા-ગૌણ-મુખ્યતા વગેરે જ્ઞાનથી છે. આમ ક્રિયા અને જ્ઞાન પરસ્પર સંકળા-યેલા છે. જૈનશાસનના બધા જ આરાધનાના પ્રકારોને યોગ કહેવાય છે. તે બધામાં જ્ઞાન અને ક્રિયા બન્ને રહે છે. પરંતુ કેટલાક યોગોમાં જ્ઞાનની પ્રધાનતા હોય, ક્રિયા અંતર્ગત-ગૌણ હોય છે. કેટલાકમાં ક્રિયાની પ્રધા-નતા હોય અને જ્ઞાન અંતર્ગત-ગૌણ હોય છે. માટે જૈનશાસનની દરેક પ્રવૃત્તિ-આજ્ઞા-વિચારણા એ યોગરુપ છે. અને સાક્ષાત્ કે પરંપરાએ સર્વ પાપનો નાશ કરીને મોક્ષ આપે છે.

# प्रतिस्त्रोतोऽनुगत्वेन लोकोत्तरचारित्रभृत्

**સામા પુરે તરતો હોવાથી લોકોત્તર ચારિત્રને ધારણ કરનાર**

તત્વદૃષ્ટિ, જ્ઞાનયોગી પ્રતિસ્રોત=વિષયો-કષાયો વગેરેના વ્યવહારોથી વિપરીત સામા પુરે ચાલતો-વર્તતો હોવાથી તે લોકોત્તર ચારિત્રને ધારણ કરે છે. દશવૈકાલિક રજી ચૂલિકામાં કહ્યું છે કે 'अणुसोओ संसारो, पडिसोओ तस्स उत्तारो' અનુકૂળ પ્રવાહમાં ચાલવું તે જ સંસાર છે અને પ્રવાહથી વિપરીત સામા પ્રવાહે ચાલવું તે સંસારથી ઉતરવાનો માર્ગ છે.

સંસારી જીવ પ્રતિકુળ પરિસ્થિતિ સર્જાતા ગુસ્સો કરે, પ્રતિકુળ વર્તનાર પર ક્ષમા ન રાખે-માનમાં અભિમાન કરે-અપમાનમાં ગુસ્સે થાય-અનેક પ્રલોભનવશ માયા કરે-લોભથી વસ્તુ સંગ્રહે અને દરેક વસ્તુઓમાં રાગ-દ્વેષ કરે, ઇન્દ્રિયના વિષયોમાં રાગ-દ્વેષ કરે, આસક્તિ કરે-આ બધું 'અનુસ્રોત' કહેવાય.

અજ્ઞાની-મોહાન્ધ અજાણ જીવો અનાદિકાળથી જે ગારવ-શલ્ય વગેરેથી યુક્ત હોય છે અને પ્રવૃત્તિ કરે છે તે અનુસ્રોતગામીપણું છે. અજ્ઞાન અને મોહજન્ય અશુભ પ્રવૃત્તિ-ભાવના દ્વારા જીવોનું અનુસ્રોતગામીપણું છે. જીવ ગાઢ મોહ અને અજ્ઞાન સમુદ્રમાં જાય છે.

જ્યારે જ્ઞાન મળે છે, મોહ ખસે છે ત્યારે સાચી દિશા સમજાય છે. અને તેથી પ્રતિસ્રોતમાં પોતાની દિશા નક્કી થવાથી અનુસ્રોતપણામાં દુ:ખ અને નુકશાન સમજે છે તેથી તે અનુસ્રોતપણું હૃદયથી-મનથી છોડે

છે અને પછી બહારથી પણ છોડે છે. એટલે સંસારની ચીજો, વ્યક્તિઓ વ્યવહારોમાં આનંદથી પ્રવર્તતો નથી, નિષ્કારણે પ્રવર્તતો નથી, તેની ક્વોલિટીની પ્રશંસા કરતો નથી, હલકી ચીજો વગેરેમાં નિંદા, દ્વેષ, અરુચિપણું કરતો નથી. આ રીતે અનુસ્રોતપણું અટક્યા વગર પ્રતિસ્રોતપણું આવતું નથી. તત્ત્વદષ્ટિપણાથી અનુસ્રોતપણું અટકે છે પછી પ્રતિસ્રોતપણું આવે છે.

વિષય-કષાય-આશ્રવ-મોહ-ગારવ વગેરેપૂર્વકની કારણિક-નિષ્કારણિક પ્રવૃત્તિ અનુસ્રોતપણું કહેવાય. તેનું રોકાણ, તેમાં શક્ય અટકાયત, તેમાં પશ્ચાત્તાપ વગેરે પ્રતિસ્રોતપણું કહેવાય.

ભાવસાધુ આશ્રવ અને આશ્રવના કારણોને જેમ છોડે છે તેમ સંવર અને સંવરના કારણોને આચરવા વડે સંસારથી પ્રતિસ્રોત ચાલે છે. સંસારી જીવોની રહેણીકરણી, લાગણી અને. વિચારસરણીથી વિપરીત સંયમી સાધુઓની કરણી અને લાગણી હોય છે.

**તત્વદષ્ટિપણાથી સમજણ ફરે છે, પછી લાગણી ફરે છે, પછી કરણી પણ ફરે છે.** વારંવાર ધોવું-ન્હાવું-ખાવું-સુવું-બોલવું વગેરે સંસારની લાગણી છે. એ રીતે પૌદ્‌ગલિક દ્રષ્ટિએ ઉંચી-સારી ચીજ વાપરવી, હલકી ચીજ ન વાપરવી-બીજાને આપી દેવી તે સંસારની લાગણી છે.


સામાન્યથી નિયંત્રણ-પરિમિતતા-અધિકનો ત્યાગ-સહનવૃત્તિ-મમતારોધ આ બધા પ્રતિસ્રોતપણાના ચિહ્નો છે.

જેને જ્યાં જેની સાથે વ્યવહાર કરવો કે રહેવું ઇષ્ટ ન હોય તો ત્યાં તેની સાથે તેનો વ્યવહાર તુચ્છ-ઉપેક્ષા પ્રધાન-વિરોધ પ્રધાન હોય છે અને એની વૃત્તિ પણ એવી હોય છે, તેવી જ રીતે ધર્મી આત્માઓ, તત્ત્વદષ્ટિવાળા આત્માઓનો પૌદ્‌ગલિક વ્યવહાર અને સંસારી જીવો

સાથેનો વ્યવહાર ઉદાસીન-પરાણે હોય છે અને આત્મા સાથે, ધર્મ-ધર્મી અને ધર્મના વ્યવહાર-આચાર વગેરે જોડે તન્મય-લાગણીપ્રધાન-અનુકુળ વ્યવહાર હોય છે. સંસારની અપેક્ષાએ સંસારી જીવોનો વ્યવહાર અનુકુળ હોય છે, ધર્મીનો વ્યવહાર પ્રતિકુળ હોય છે.

ધર્મની અપેક્ષાએ સંસારરસિક જીવોનો વ્યવહાર પ્રતિકુળ હોય છે, ધર્મી જીવોનો વ્યવહાર અનુકુળ હોય છે.

તત્વદૃષ્ટિવાળા જીવો જ્ઞાનદૃષ્ટિવાળા હોવાથી તાત્વિક રીતે-વાસ્તવિક રીતે ધાર્મિક છે તેથી એવા જીવના વલણ અને વર્તનમાં આ લક્ષણ જણાય છે. પ્રતિસ્રોત થનારો લોકોત્તર એટલે ભાવચારિત્રને યોગ્ય બને છે અને કાળક્રમે ભાવચારિત્રમાં આગળ વધે છે. આ પરિસ્થિતિ મોટાં ભાગે દ્રવ્યચારિત્રસહિતને હોય છે કારણકે દ્રવ્યચારિત્ર એ ભાવ-ચારિત્રના ઉત્પત્તિ, પોષણ અને ટકાવમાં પ્રધાન સહાયક છે. દ્રવ્યચારિત્ર વગર છદ્મસ્થને ગૃહસ્થાદિ અવસ્થામાં પ્રાયઃ અંતર્મુહૂર્તથી વધારે ભાવ-ચારિત્ર રહેતું નથી, દ્રવ્યચારિત્રના આધાર-આલંબન ઉપર ભાવચારિત્ર દેશોન પૂર્વકોટી સુધી રહે છે. સારાંશ-પ્રતિસ્રોતગામી ભાવચારિત્ર-સંપન્ન હોય છે. ભાવચારિત્રી પ્રતિસ્રોતગામી હોય છે માટે તત્ત્વદૃષ્ટિ, જ્ઞાન-દૃષ્ટિ પ્રતિસ્રોતગામીપણું ઉત્પન્ન કરે છે. સુખશીલતા, એશઆરામી, ગારવપણું, આડંબરપ્રેમીપણું માનપાનપ્રધાનવૃત્તિ, ક્ષુદ્રતા વગેરે દોષો જે અનુસ્રોતગામીમાં હોય છે તેનાથી સહજ રીતે નિવૃત્ત કરે છે અને આત્માને મોક્ષમાર્ગે આગળ વધારે છે.



# लब्धान् कामान् बहिष्कुर्वन्

**મળેલા ઇન્દ્રિયોના વિષયોનો ત્યાગ કરતો.**

તાત્વિક જ્ઞાનની વિચારણા દ્વારા સર્વત્ર વિચાર કરનાર અને તેના સંસ્કારથી વ્યાપ્ત જ્ઞાનદૃષ્ટિવાળો જ્ઞાનયોગી મળેલા પાંચ ઇન્દ્રિયના વિષયો પ્રત્યે હૃદયમાં રુચિ-અરુચિ ધારણ કરતો નથી, વિષયોનો બહિ-ષ્કાર કરે છે એટલે એના પ્રત્યે ઉપેક્ષાભાવ-ઉદાસીનતા-ત્યાગભાવ-અપાયકારકરુપથી જુવે છે.

કામ એટલે પૌદ્ગલિક વિષયોની ઇચ્છા. આ ઇચ્છાઓને અને પુદ્ગલના ઉપાયોને, એની મમતાને, પ્રતિકુળતાવાળા પુદ્ગલોમાં તેના દ્વેષને જે ઘટાડે છે તે કામનો ત્યાગ કરે છે. બહાર કરે છે અર્થાત્ આત્માની બહાર કરે છે, તેના પ્રત્યે કોઇ પ્રકારનું વલણ રાખતા નથી.

જેઓ પ્રાપ્ત થયેલ વિષયોનો પણ ત્યાગ કરે છે, તેનો ઉપભોગ કે સંગ્રહ કરતા નથી તેમને અપ્રાપ્તની ઝંખના-ઇચ્છા અને ભૂતકાળમાં મળેલાનું સ્મરણ પણ ન થાય તે સહજ સમજી શકાય છે.

તત્વદૃષ્ટિવાળા જીવો પ્રારંભિક અવસ્થામાં ભૌતિક-ઔદયિક ભાવોના પદાર્થોનો ત્યાગ કરે છે. તે પ્રથમ વચન અને કાયા દ્વારા કરે છે જે વ્યવહારરુપ છે. અને ભાવના દ્વારા તેના પ્રત્યેની માનસિક રાગ-દ્વેષની વૃત્તિઓનો ઘટાડો થતો જાય છે. આની સાથે-સાથે ભૂત-ભવિ-ષ્યના વિષયોની રુચિ-અરુચિરુપ વિષયવાસના જે પ્રધાનતયા મનનો વિષય છે તેનો પણ ભાવના દ્વારા ત્યાગ કરે છે.

અહીં લબ્ધકામને બહાર કરે છે તેમ કહ્યું, બહાર કર્યો છે તેમ ન કહ્યું કારણ કે પ્રારંભિક અને મધ્યમ અવસ્થામાં વ્યવહારથી ત્યાગ કરવાપૂર્વક ભાવના દ્વારા મન ઘડાતું હોય છે. તેથી મનમાંથી ઇચ્છાઓને ઘટાડે છે, મન ભાવિત થયા પછી પ્રાય : ઇચ્છારહિત થયેલું મન સંપૂર્ણપણે વિષયવાસનાથી રહિત નિર્મળ બને છે.

અહીં લબ્ધકામ આમ જે બતાવ્યું એનો અર્થ છે કે મળેલાનો પણ જે ત્યાગ કરે છે તે ભૂત-ભવિષ્યના વિષયોની અનુમોદના-નિંદા-આશંસાનો પણ ત્યાગ સહેલાઇથી કરે છે, તે માટેના મલિન ભાવ સહજતાથી છૂટી જાય છે કે છુટેલા હોય છે.

પ્રાપ્ત થતા ભોગોને છોડવા, તેનો સંગ્રહ છોડવો, વપરાશ છોડવો, વપરાશ ઘટાડવો, પસંદગી-ઉંચી કવોલીટીનો આગ્રહ છોડવો, નિર્વાહ પુરતી સાદી સામગ્રી વાપરવી અને જ્યાં-જ્યારે-જેટલા અંશે બાહ્ય ત્યાગ શક્ય ન હોય ત્યાં ઉદાસીનતા-ઉપેક્ષાથી માનસિક ભોગ-વૃત્તિ-સંગ્રહવૃત્તિને છોડવી.

**બાહ્ય ત્યાગને ક્રિયાયોગ કહેવાય અને આ આંતરિક ત્યાગ અલિપ્તપણાની પૂર્વભૂમિકારુપ છે.** વિષયોમાં રાગ-દ્વેષની હાનિ અને શક્ય સાધનોના ત્યાગપૂર્વક નિંદા-પ્રશંસા-અપેક્ષાનો ત્યાગ એ તત્વદષ્ટિ યુક્ત જ્ઞાનયોગ છે.

આ જ્ઞાનયોગ વિકસિત થયા બાદ અનેક પ્રકારની ક્ષયોપશમ ભાવની લબ્ધિઓ અને ઓદયિક ભાવના પ્રકૃષ્ટ પુણ્યની શક્તિઓ-પ્રભાવો વગેરે જે છોડી શકતા નથી અને જીવની સાથે જ રહે છે તેવી શક્તિઓથી પોતાની મહત્તા અને તેનાથી હીન બીજાની પ્રત્યે તુચ્છતાની વૃત્તિ તત્વદૃષ્ટિવાળા જીવોમાં હોતી નથી.

ક્ષાયિકભાવ એ આપણું સ્વરુપ છે. ક્ષયોપશમ કે ઓદયિકભા-

વથી આપણી બીજા જીવોથી મહત્તા નથી પરંતુ ક્ષયોપશમભાવ અને ઔદયિકભાવ એ આપણા શુદ્ધ સ્વરુપની અપેક્ષાએ ન્યૂન-હીન અવસ્થા છે, આમાં આપણું ગૌરવ નથી પરંતુ નાલેશી જેવું છે માટે પ્રારંભમાં ક્ષયોપશમભાવની મહત્તા ભલે હોય પણ પછી સ્વભાવની અપેક્ષાએ તેના પ્રત્યે પણ ઉદાસીનભાવ આવે છે. માટે ઉચ્ચતમ ભૂમિકામાં ઇચ્છા માત્રનો અભાવ થાય છે.

સારાંશ એ થયો કે નીચેની ભૂમિકામાં જીવ પ્રથમ અત્યંત અપ્રશસ્ત ઇચ્છાઓ ઘટાડે-છોડે. તે પછી સામાન્ય અપ્રશસ્ત અને વારંવાર થતી આહારાદિ સંજ્ઞાજન્ય ઇચ્છાઓ ત્યાગે, તે પછી શુભકાર્યમાં સ્થિર થયેલો શુભકાર્યને સ્વભાવરુપ બનાવેલ તે શુભકાર્યની ઇચ્છા પણ છોડે એટલે કે એનાથી ઉપરના=ઉચ્ચકક્ષાના કાર્યને-ગુણને મેળવવા પ્રયત્નશીલ બને. આ રીતે દ્રષ્ટિબિંદુ વિકસે અને ઇચ્છાઓ ઘટે...

માટે અપ્રશસ્ત અને અપ્રધાન ઇચ્છાઓને અને વસ્તુઓને છોડતો જીવ તત્વદૃષ્ટિ-જ્ઞાનદૃષ્ટિ મેળવે છે અને છેલ્લે સર્વથા ઇચ્છારહિત બની વીતરાગ સ્વરુપને પ્રાપ્ત કરે છે.



# अकुर्वन् बहुरूपताम्

## માયાને નહીં કરતા...

બહુરુપતાનો અર્થ માયા થાય. માયા બે પ્રકારની હોય છે. બાહ્ય-આંતર. નટ સ્વયં જુદો હોવા છતાં બીજાને ખુશ કરવા અને અર્થોપાર્જન વગેરે સ્વાર્થ માટે અનેક રુપ કરે છે તેમ શાસ્ત્રમાં સંસક્ત નામના વેશવિડંબક સાધુ બતાવ્યા છે. તેનું સ્વરુપ નટની જેવું જ હોય છે એટલે કે એ જ્યારે જેની સાથે મળે-રહે ત્યારે તેના જેવો થાય અર્થાત્ સારા ભેગો સારો, ખરાબ સાથે ખરાબ.

એવી જ રીતે જે પાપી-અધર્મી-હિંસક વગેરે બધા ખેલ કરી શકે અને ધર્મીના પણ વેશ કરતો ફરે તે બહુરુપી કહેવાય. જે ધર્મી પાપના કાર્યો આનંદથી-પ્રસન્નતાથી-ઉત્સાહથી કરે તે બહુરુપી છે. જે ધર્મી પાપ-કાર્યો ન કરે, પરાણે-નછુટકે કરે, અલ્પ કરે, અનુમોદના-પ્રશંસા ન કરે, આનંદ-ઉત્સાહ ન લાવે તો તે એક રુપવાળો છે.

પાપી માણસ પણ પાપના અને ધર્મના બન્ને વેશ ભજવે તે બહુરુપતા છે. પાપી આત્મા ધર્મ પરાણે, ન છુટકે, ઉપલક કરે અથવાપાપી પાપકાર્યોમાં-જીવનવ્યવહારમાં પણ જે માયા-આચરણ કરે તે બહુરુપતા છે. ધર્મી પણ ખાલી દેખાવથી ધર્મ કરે, પરંતુ લાગણી-ઉલ્લાસ-વિધિ-શુદ્ધિ વગેરે ન હોય છતાં દેખાડો ભવ્ય કરે તે પણ બહુરુપતા થાય.

**સંસારી જીવ પ્રાયઃ બધે બહુરુપી જેવો જ હોય છે, એના શ્વાસમાં પણ બહારથી સારું લગાડવાની વૃત્તિ હોય છે, સાથે અંદરથી સુધરવાની વૃત્તિ નથી હોતી તેથી તે બહુરુપ કહેવાય છે.**


ભાવની અપેક્ષા વિનાનો, ભાવની પ્રધાનતા વિનાનો ક્રિયાયોગી ધર્મી આત્મા બીજાના દ્રષ્ટિકોણને પ્રધાન કરીને ધર્મ કરે છે, જાહેરમાં કરે, ખાનગીમાં નહીં આમ સર્વત્ર ધર્મભાવના ન હોવાથી બહુરુપતા છે.

જેને માન-પાન, સારુ દેખાવું, હોશિયાર દેખાવું વગેરે ભૌતિક ઉદ્દેશ હોય અને તેના કારણે જુદી જુદી જગ્યાએ જુદા-જુદા દેખાવ કરે તે બહુરુપ છે. આને માયાપ્રધાન કહેવાય.

આવી બહુરુપતા એટલે પોતાના ઉત્કર્ષ માટે, પોતાને સારા બતાવવા, પોતાના સ્વાર્થ માટે, બીજાને ઉતારી પાડવા અને સ્વભાવથી માયા-દંભશીલતા જ્ઞાનદષ્ટિ-તત્વદષ્ટિને હોતી નથી કારણ કે એ જેમ હુંશિયાર-વિચારક હોય છે તેમ સરળ પણ હોય છે. ફક્ત અનિવાર્ય સંયોગોમાં બીજાને દોષથી બચાવવા, બીજાને પાપથી બચાવવા, જીવદયા માટે, પ્રવચનહીલનાના પ્રસંગમાં રક્ષણ માટે બાહ્યથી કાંઇક વિરુદ્ધ આચરણ કરવા છતાં વૃત્તિ પરોપકારની હોય છે અને આવું તો ક્વચિત્ કોઇકને મહત્વના પ્રસંગમાં બાહ્યથી બને. અંતરમાં તો શુદ્ધતત્વરમણતા હોય છે, માટે આ દ્રવ્યમાયાને બહુરુપતા કહેવાતી નથી. **આંતરિક માયાવાળાને બાહ્યમાયા યોગ્યતારુપે અવશ્ય હોય, ફક્ત બાહ્યમાયાવાળાને તત્વદ-ષ્ટિના કારણે આંતરિકમાયા ન હોય.** ભાવમાયા તત્વદષ્ટિને પ્રાયઃ હોતી નથી અને જો આવે તો તત્વદષ્ટિપણું નાશ પામે છે. તપદ્વારા ૬ (છ) મિત્રોમાં પોતાની મોટાઇ રાખવા કરેલ માયાએ મલ્લીનાથ ભગવા-નને પણ તત્વદષ્ટિથી નીચે ઉતાર્યા..

બહુરુપતાનું કારણ-માયાના ઉગ્ર અને ભયંકર ફળનું અજ્ઞાન, માયા દ્વારા બીજાની નજરમાં-બુદ્ધિમાં પોતાનું સારાપણું-ગૌરવ ટકાવવું, સર્વથા સામર્થ્યહીન હોવાના કારણે પોતાની કોઇ જ કિંમત ન હોવા છતાં વધારવાની બુદ્ધિ, તથા માયાથી થતી આત્માની-ગુણની-પુણ્યની-ધર્મની

હાનિમાં વેદનાનો અભાવ અથવા આત્મા-ગુણ-ધર્મ-પુણ્યાદિ પ્રત્યે અનાદર અને બીજા જીવોને છેતરવાની દૃષ્ટિથી બીજા જીવો પર પણ અનાદરના કારણે માયા થઇ શકે છે. આટલા બધા દોષોથી અને તેના કારણે બંધાતા મોહનીય-જ્ઞાનાવરણીયાદિ કર્મોથી આત્મા સંસારમાં રખડે છે, દુર્ગતિના દારૂણ દુ:ખોમાં પીસાય છે અને ધર્મને ગુમાવી બેસે છે. ભવભ્રમણથી બચવા અને મોક્ષમાર્ગમાં આગળ વધવા જીવનમાં સર્વત્ર સરળતા અપનાવવી-આચરવી.



# સ્ફારીકુર્વન્ પરં ચક્ષુઃ

**આંતરચક્ષુને વિકસાવનાર-ખોલનાર.**

આંતરચક્ષુ એટલે તત્વજ્ઞાન અને વિવેક. આ બન્ને દ્વારા દરેક હકીકતને ઉંડાણથી અને વાસ્તવિકપણે તત્વદૃષ્ટિવાળા જુવે છે. તત્વદૃષ્ટિવાળા દરેક વાતને જોવા માટે તત્ત્વજ્ઞાન અને વિવેકનો ઉપયોગ કરે છે અને તેને વિકસાવે છે.

આંખથી જોવાતી-જણાતી બધી જ વાતો રુચિ અને જ્ઞાનના સહકાર વગર કોઇ વિશેષ લાભ-નુકશાન નથી કરતી. અહીં આંખ એ તો ઉપલક્ષણ છે. પાંચે ઇન્દ્રિય અને મન દ્વારા જાણેલ વસ્તુ, વ્યક્તિ કે વ્યવહારમાં અજ્ઞાની જીવ મોહ-અજ્ઞાન અને રાગ-દ્વેષરુપી અશુભ સંસ્કાર-વાસનાથી થતા વિકૃતજ્ઞાન અને અવિવેકને ભેળવે છે તેથી તે વિકૃતપણે જ સઘળું જુવે છે. આ વિકૃત દર્શનને ફેરવનાર તત્વજ્ઞાન અને વિવેક છે.

ઘેનની ગોળીથી ઉંઘતો માણસ ઉંઘણશી-આળસુ ન કહેવાય, આળસુ જેવો કહેવાય. મદિરાપાનથી બબડતો માણસ ગાંડો ન કહેવાય, ગાંડા જેવો કહેવાય. કરોડપતિને કારણવશાત્ રસ્તામાં રકમની જરુર ઉભી થાય અને રકમ લેવી પડે તો કોઇકની પાસે માંગતો હોવા છતાં માંગણીયો-ભિખારી ન કહેવાય. તેવી જ રીતે સર્વે આત્મા સર્વદા સર્વ ગુણોથી સમૃદ્ધ હોવા છતાં કર્મના ઉદયથી, મોહ-અજ્ઞાન વગેરેના પર-વશપણાથી અનેક પ્રકારની અનુચિત્ત પ્રવૃત્તિ અને વલણમાં રાચતા દેખાય તો પણ તે બધું કર્મજન્ય-ઔપાધિક છે તેવું જ્ઞાનદૃષ્ટિને દેખાય છે કારણ કે જાણેલ પરિસ્થિતિનું તત્વજ્ઞાન અને વિવેક દ્વારા ઉચિત વિભાજન કરી યોગ્ય ન્યાય અને ગણતરી કરે છે. અને તેથી જ મૈત્રી આદિ ભાવના

દ્વારા સર્વત્ર ઉચિતદૃષ્ટિ અને યોગ્યવ્યવહાર રાખી શકે છે.

આમ **આંતરચક્ષુથી જોનાર તત્વજ્ઞાની અને ઉચિત વ્યવહારી બને છે. તત્વજ્ઞાની ઉચિત વ્યવહારી હોય છે, ઉચિત વ્યવહારી તત્વ-જ્ઞાની બને** છે અને જે ઉચિત વ્યવહારી અને તત્વજ્ઞાની છે તે દરેક વાતને આંતરચક્ષુથી જુવે છે.

આંતરચક્ષુ=જ્ઞાન. જ્ઞાન ત્રણે કાળના ભાવોને જાણે છે તેથી તત્વદૃષ્ટિ-તત્વજ્ઞાની ત્રણે કાળના ભાવને જાણી-વિચારી શકે છે. ચર્મ-ચક્ષુ વર્તમાનકાલીન જુવે છે તેમ વર્તમાનકાલીન વાતોને જે ત્રણ કાળની સાથે જોડાણ કરીને તત્વજ્ઞાનની દૃષ્ટિએ જુવે છે, વિચારે છે, અનુભવે છે તે આંતરચક્ષુને વિકસિત કરે છે તેમ કહેવાય.

અથવા તત્વજ્ઞાની વિચારણા-શાસ્ત્ર અભ્યાસ-તત્વચિંતન દ્વારા આંતરચક્ષુને એટલે કે અનુભવજ્ઞાનને વિકસિત કરે છે.

આ આંતરચક્ષુના કારણે કષાયોનો હ્રાસ થાય છે. ઇન્દ્રિયો શાંત અને વિષયપરાંમુખ થાય છે. દ્રવ્ય આસ્રવ-સંવર અને ભાવ આસ્રવ-સંવરના અનેક સ્યાદ્વાદગર્ભિત સંવેધો (ભાંગાઓ-ભેદો) સમજાય છે, ગૌણ-મુખ્યભાવ સમજાય છે, નય-નિક્ષેપાનું પ્રયોજન સમજાય છે અને આ સહુના પ્રભાવે એકાંતદૃષ્ટિ વિલીન થાય છે.

જે દ્રવ્યસાપેક્ષ પર્યાયને જુવે છે-વિચારે છે તેણે ત્રૈકાલિક પર્યા-યોને જોવા-વિચારવા અનિવાર્ય છે અને પર્યાયસાપેક્ષ દ્રવ્યને વિચારે છે તે દ્રવ્યને પણ ત્રૈકાલિક જાણે છે. માટે સાપેક્ષપણાથી સાતે નય સત્ છે, નિરપેક્ષપણે સાતે નય અસત્ છે.

ઉત્સર્ગ સાપેક્ષ અપવાદ જેમ સત્ છે તેમ અપવાદ સાપેક્ષ ઉત્સર્ગ પણ સત્ છે. બન્ને એક બીજાની સાપેક્ષતા છોડી દે તો બન્ને અસત્ બને છે.

ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય ત્રણ પરસ્પર સાપેક્ષ એ સત્ છે, નિરપેક્ષ એ અસત્ છે. વ્યવહાર-નિશ્ચય મોક્ષમાર્ગ પણ પરસ્પર સાપેક્ષ હોય તો સત્ છે. અન્યથા તે પણ અસત્ છે. અનેકાંતવાદની સાચી સમજણ-વિચારણા ચિંતન-અનુભવરૂપ આંતરચક્ષુ ખુલે તો જ થાય છે, તે સિવાય નહી.

જેને આંતરચક્ષુ વિકસિત થઇ હોય તેને કોઇ કારણથી શાસ્ત્ર અભ્યાસ ન હોય તો જ્ઞાની મળે તો જ્ઞાનીના કહ્યા મુજબ ચાલે, વિચારે. વિકસિત આંતરચક્ષુ આત્મા સાહજીક રીતે કષાયના આવેશ વગરનો હોય, કષાયની વૃત્તિ અને વર્તન પર ઉદાસીન-ઉપેક્ષાયુક્ત હોય, વિષ-યોથી ઉદાસીન, અલિપ્ત અને વિમુખપ્રાય: હોય. આવા આત્મા જો ગુરુનિશ્રિત હોય, જ્ઞાનીનિશ્રિત હોય તો તે જ્ઞાનદષ્ટિવાળા કહેવાય. અને જો ગુરુનિશ્રા ન મળે, જ્ઞાનીનો યોગ ન મળે તો પણ કદાગ્રહરહિત, વિષયોથી નિર્વિકાર-વિમુખ-શાંત સ્વભાવવાળા હોય અને પ્રજ્ઞાપનીય હોય છે. તે વ્યવહારથી જ્ઞાનદષ્ટિને યોગ્ય કહેવાય. તે અંતરથી જ્ઞાનદષ્ટિ-વાળા પણ હોય અને જ્ઞાનદષ્ટિની પૂર્વભૂમિકારુપે આંશિક જ્ઞાનદષ્ટિ-વાળા પણ હોય.

આંતરચક્ષુથી જે દેખાય-જણાય-અનુભવાય-જે મળે તે જ્ઞાનીને ભાવથી સમર્પિત થનાર માષતુષ વગેરેને પણ મળે છે માટે જે ગુરુવર્ય જ્ઞાની-અનુભવયુક્તને શાસ્ત્રમાં પરિણામી-પરિણત તરીકે સંબોધ્યા છે તે વિકસિત આંતરચક્ષુવાળા છે, અથવા તેને યોગ્ય છે. જે અપરિણત કે અતિપરિણત છે તે બંધ આંતરચક્ષુવાળા છે, અથવા આંતરચક્ષુ વિકસિત થવા અયોગ્ય છે અર્થાત્ એકાંત દષ્ટિવાળાની આંતરચક્ષુ નિમિલીત=બંધ છે. જે ફક્ત ઉત્સર્ગરુચિ હોય તેને પણ આંતરચક્ષુ નિમિલીત કહ્યા છે, ફક્ત અપવાદદષ્ટિવાળા તો સુતરાં અયોગ્ય છે.

સ્વસ્થ મન-આંખવાળા અને પ્રકાશયુક્તને ક્યાંય અથડાવા-કુટાવાનું રહેતું નથી તેમ જ્ઞાની + આંતરચક્ષુના વિકાસવાળાને ક્યાંય અથડાવા-કુટાવાનું રહેતું નથી. સીધા મોક્ષમાર્ગના રસ્તે ચાલ્યા જાય છે.

શાતાવેદનીયના ઉદયવાળા અંધજન આંખ ન હોવા છતાં ક્યાંય અથડાયા-કુટાયા વિના જેમ સીધા માર્ગે ચાલ્યા જાય છે તેમ જ્ઞાન વગરના પણ વિકસિત આંતરચક્ષુવાળા જીવો સીધા મોક્ષમાર્ગના રસ્તે ચાલ્યા જાય છે. વાંકા-ચુંકા ભાવઆવેશની આંધિમાં ફસાતા નથી. જ્ઞાનવાળા હોય તે તો સુતરાં વ્યવસ્થિત આંતર પ્રગતિવાળા હોય છે. માટે તત્વદૃષ્ટિ કેળવી આંતરચક્ષુને વિકસીત કરવા પ્રયત્ન કરવો.



# अपरं च निमीलयन्

**બીજી ચક્ષુને = અજ્ઞાનચક્ષુને બંધ કરતો...**

આંતરચક્ષુનો અર્થ જ્ઞાનદૃષ્ટિ અને વિવેક કર્યો તેથી બીજી-અપર આંખનો અર્થ બાહ્યચક્ષુ કરવો અને તે કર્મ-અજ્ઞાન-અવિવેકજન્ય લેવી એટલે કે ઉપલકદૃષ્ટિ-લોકદૃષ્ટિ-મોહદૃષ્ટિ-સ્વાર્થદૃષ્ટિ-કાષાયિક-દૃષ્ટિ-વૈષયિકદૃષ્ટિ લેવી.

આ બધી દૃષ્ટિ એટલે જ્ઞાનના સાધન-કારણ. જે જ્ઞાનમાં આ વાતો ભળેલી હોય કે આ દોષો-સંસ્કારો દ્વારા જે જ્ઞાન કરવામાં આવે તે અપરચક્ષુ લેવી અને તેને બંધ કરવી એટલે તે દૃષ્ટિથી થતા જ્ઞાનને પ્રધાનતા ન આપવી, સાચું ન માનવું, લાભકારી ન સમજવું, વિકૃત-નુકશાનકારી-ભ્રામક લાગવું.

દરેક વાતોમાં ઉપલક ધોરણો ન રાખવા, મોહમિશ્રિત ગણતરીઓ ન કરવી, બાહ્ય ભૌતિક સ્વાર્થની રમતો ન રમવી, કષાયપ્રેરિત વિચારણા ન કરવી, વિષયોમાં અને વિષયોની આંધિમાં ન ખેંચાવું. આ બધું ન જોવું, ન વિચારવું, તેનાથી થતા જ્ઞાનને બંધ કરવું. જે બાબતમાં જોવું-વિચારવું બંધ થાય તે બાબતમાં બોલવાનું-કરવાનું પણ બંધ થાય.

બન્ને દૃષ્ટિ પરસ્પર વિરોધી છે. એક આંખ મીંચાય તો બીજી ખુલે, બીજી મીંચાય તો પહેલી ખુલે. **જે સંસારમાં જાગૃત છે તે આત્મદૃષ્ટિએ ઉંઘતો છે, આત્મદૃષ્ટિએ જે જાગૃત છે તે સંસારમાં ઉંઘતો છે.** જેવી રીતે સંસારરસિક આત્મા ધર્મના સર્વકાર્યોને ગૌણ કરે છે અને તેની ઉપેક્ષા કરે છે તેવી રીતે ધર્મી આત્માને સંસારની ધન વગેરે સર્વ સાંસારિક

પરિસ્થિતિઓમાં ગૌણભાવ અને ઉદાસીનભાવ હોય છે. તેથી સાંસારિક વ્યવહારો ઔચિત્ય પુરતા ભૂમિકા અનુસારે ધર્મી આત્મા કરતો હોવા છતાં રસ-આનંદપૂર્વક કરતો નથી. અડધા ઉંઘતા માણસને જોવા-સાંભળવામાં રસ-આનંદ હોતો નથી તેમ સંસારદષ્ટિએ ઉંઘતા ધર્મીને સંસારના કાર્યોમાં રસ-આનંદ હોતો નથી.

**ભરત ચક્રવર્તી ૬** ખંડ જીતીને આવ્યા બાદ ચક્ર આયુધશાળામાં ન પ્રવેશ્યું અને ૯૯ ભાઇઓએ આજ્ઞા સ્વીકારી નથી માટે ચક્ર પ્રવેશતું નથી તે ખબર પડી ત્યારે ભાઇઓને કહેણ મોકલવા તૈયાર નથી. મંત્રીઓના દબાણ-પ્રેરણાથી દૂતને મોકલવો પડ્યો છે આ પણ જ્ઞાનદષ્ટિનું કાર્ય છે. રાજ્ય કરતા ભાઇઓની સામે આવું ન કરાય-આજ્ઞા ન ચલાવાય આવી ઇચ્છા તે જ્ઞાનદષ્ટિ દેખાડે છે. અને ભાઇઓએ દીક્ષા લઇ લીધાનું જાણવાથી એમનું રાજ્ય મળ્યાનો આનંદ નથી, પણ ભાઇઓને આવું કરવું પડ્યું તેનો કલ્પાંત છે, માટે પાછા આવવા અને રાજ્ય સ્વીકારવા વિનવે છે. આ વિનંતીમાં પાછા લાવવાની પ્રધાનતા નથી પરંતુ પોતાની ભૂલનો એકરાર અને માફી માંગવાનું મુખ્ય છે, તેથી જ્ઞાન દષ્ટિને વાંધો-બાધા નથી આવતી, આ જ્ઞાનદ્રષ્ટિનો પ્રતાપ છે.

રાજસભામાં પોતાને જાગૃત કરવા जीतो भवान् वर्धते भयं मा हण मा हण...વગેરે સંભળાવવાની વ્યવસ્થા કરી તે પણ જ્ઞાનદષ્ટિની તીવ્રતા છે.

આરિસાભવનમાં વીંટી ઉતરતા ફરી ચડાવવાને બદલે દેહનું રુપ ઔપાધિક છે એ વિચાર અને બીજા આભૂષણ ઉતારવાની વૃત્તિ અને પ્રવૃત્તિ એ જ્ઞાનદષ્ટિ છે.

જ્ઞાનદષ્ટિ એ પરભાવની દષ્ટિ-પૌદ્ગલિક દષ્ટિરુપ આંખને બંધ કરે છે, પરભાવદષ્ટિ-પૌદ્ગલિકદષ્ટિ એ જ્ઞાનદષ્ટિની આંખો બંધ

કરે છે. દર્શનમોહનીયની થતી મંદતા કે ક્ષયોપશમની તીવ્રતામાં જ્ઞાન-દૃષ્ટિ નિર્મલ થાય છે, વિકસિત થાય છે અને જીવ ચારિત્રમોહનીયના ક્ષયોપશમ તરફ આગળ વધે છે એટલે કે ચારિત્ર મોહનીયનો ક્ષયોપશમ કરે છે, વધારે છે. પૌદ્‌ગલિકદૃષ્ટિ-પરભાવપ્રધાનદૃષ્ટિ દર્શનમોહની-યના ઉદયની તીવ્રતા અને ક્ષયોપશમની મંદતા-હ્રાસ-નાશને કરે છે, ચારિત્ર મોહનીયના ઉદયને તીવ્ર કરે છે અને જીવને ગુણભ્રષ્ટ કરે છે.

જે બાહ્યમાં સારામાં રસ રાખે છે તે અંતરના સારથી રહિત હોય છે. જે બાહ્યના સારામાં રસ વગરના છે તે આંતરના સારામાં રસવાળા અને અંતરમાં સારવાળા છે. जे तयक्खाया ते सारक्खाया, जे सारक्खाया ते तयक्खाया એ ઉપરના અર્થમાં છે.

માટે ધર્મની રુચિવાળા આત્મા, ધર્મમાં આગળ વધનાર આત્મા પરભાવને-પૌદ્‌ગલિક ભાવને ઘટાડતા જાય છે. જે બાહ્ય આંખને બંધ કરવારુપ છે. ટૂંકમાં સંસાર પ્રત્યે આંખમિંચામણા કરે છે.

ત્યાગ-તપ-જ્ઞાન-ધ્યાન-વિનય-ભક્તિ વગેરે બાહ્ય પ્રવૃત્તિ અને આંતરિક ગુણોને જ પ્રધાનતા આપે છે, ગુણોની કાળજી કરે છે, એમાં આગળ વધે છે તે આંતરચક્ષુના વિકાસરુપ છે...

માટે સતત પૌદ્‌ગલિક પદાર્થોના રાગને ઘટાડતા રહી ગુણોનું ઉપાર્જન કરતા રહીએ તો અંતરની જ્ઞાનંદૃષ્ટિ ખુલે છે અને જીવ મોક્ષ-માર્ગ તરફ આગળ વધતો રહે છે.



**पश्यन्नंतर्गतान् भावान् पूर्णभावमुपागतः ।
भुञ्जानोऽध्यात्मसाम्राज्यमवशिष्टं न पश्यति ।।**

**અંતર્ગતભાવોને જોતો પૂર્ણભાવને પામેલો અધ્યાત્મના સંપૂર્ણ સામ્રાજ્યને અનુભવે છે.**

સંસારી આત્મા પરભાવથી મિશ્રિત છે અને સામાન્યથી પર-પૌદ્ગલિક ભાવોને જ જુવે છે. જાતને પણ જાણવા-ઓળખવા જીવ પોતાના પરભાવનો આધાર લે છે. અંતર્ગત પણ પરભાવો જ ઓળખાય છે. **જ્યાં સુધી જીવ પોતાના ગુણોને જોઇ શકતો નથી ત્યાં સુધી પૂર્ણતાને પામી શકતો નથી. પોતાના ગુણોને-પોતાના સ્વરુપને જોવા-જાણવા માટે અંતરમાં ઉતરવું પડે છે. અંતરમાં ઉતરતા પ્રથમ પરભાવો દેખાય છે, પછી મિશ્રભાવો દેખાય છે. અને છેલ્લે શુદ્ધ ભાવો દેખાય છે.**

આ પરભાવો એટલે ઔદયિકભાવો, કર્મના ઉદયથી થતા ભાવો. સુખ-દુ:ખ, હર્ષ-શોક, આનંદ-ઉદ્વેગ, ક્રોધાદિ ભાવો દેખાય તે અંતર્ગત પરભાવો છે. તે પછી ક્ષાયોપશમિક અને ઔપશમિક ભાવો આવે. આમાં ઔપશમિકભાવો અલ્પકાલીન હોવાથી કાયમ દેખાતા નથી તેથી તેને ગણ્યા નથી. જ્ઞાનાદિ ક્ષાયોપશમિક ભાવો મિશ્ર છે. ત્યાં પોતાના ગુણો આંશિક અનુભવાય છે પણ મિશ્રિત રુપે.

આ રીતે આત્માની અંદર ચિંતનની દૃષ્ટિ કરતા અને શાંતચિત્તથી અંદરથી ઉઠતી લાગણી વગેરે જોતા-જોતા પરભાવો-કર્મના ઉદયો ઘટતા જાય છે અને આત્મા નિર્મલ થાય છે. અને આત્મભાવોનો અનુભવમાં વિકાસ થાય છે ત્યારે શુદ્ધભાવ પ્રગટે છે.

આ રીતે છદ્મસ્થ આત્મા અંતર્મુખ અને આત્મલક્ષી બનવાથી પૌદ્ગલિક ભાવોને ઔપાધિક અને પરરુપે જોતો, આત્માના સ્વભાવોને આત્મ-અંતર્ગત તરીકે જોતો અપૂર્ણ હોવા છતાં પૂર્ણ જેવો આનંદ અનુ-ભવે છે. આ ૬-૭ મી દૃષ્ટિની અવસ્થા છે અને આગળ વધતા કૈવલ્ય પ્રાપ્ત કરીને પૂર્ણ ભાવોને પામેલ અંતર્ગત બધા ભાવોને જુવે છે. કેવલી પૂર્ણભાવ પામ્યા છે માટે અંતર્ગત બધા ભાવો જુવે છે.

છદ્મસ્થ જીવ અંતર્ગત ભાવોને-આત્મભાવોને જોતો પૂર્ણભાવ પામે છે. આ પૂર્ણભાવ એટલે આ જ મારી પૂર્ણતા છે, પૌદ્ગલિક પૂર્ણતા અધુરી-વિનશ્વર છે, એ અપૂર્ણ જ છે. પુદ્ગલના સહારે ઉત્પન્ન થતું જ્ઞાન અને શક્તિ પણ અપૂર્ણ છે. અનંત જ્ઞાન-દર્શન-દાનાદિલ-બ્ધિઓ પુદ્ગલના સહારા વગરની આત્માની પૂર્ણ શક્તિ છે. **આત્માની શક્તિ આગળ પુદ્ગલની શક્તિ અનંતમાં ભાગની છે.** આ પૂર્ણભાવનો આંશિક અનુભવ અંતર્ગત ભાવોને જોનાર કરે છે અને એ માર્ગે આગળ વધતો પૂર્ણભાવને પામે છે. માટે તત્વદૃષ્ટિ-જ્ઞાનદૃષ્ટિવાળો જેને અધ્યા-ત્મની પરાકાષ્ઠા નિકટમાં છે તે અંતર્ગતભાવોને જોતો પૂર્ણ બને છે.

અધ્યાત્મભાવના પ્રારંભ વગર અંતર્ગત ભાવોને જીવ જોતો નથી, જોવાની ઇચ્છા પણ થતી નથી. અધ્યાત્મભાવની શરૂઆતથી જીવ અંતર્ગત ભાવોને જોતો થાય છે અને જેમ-જેમ જોતો થાય તેમ-તેમ પૂર્ણભાવની નિકટ જાય છે. અધ્યાત્મભાવનો વિકાસ અંતર્ભાવોના જોવાથી, તેના સતત પ્રયત્ન-પ્રવૃત્તિથી થાય છે. અધ્યાત્મભાવની પરાકાષ્ટા પૂર્ણભાવ પામવાથી કૈવલ્ય અવસ્થામાં છે.

આત્માના ઉદ્દેશથી, આત્માની શુદ્ધિના લક્ષથી-કાળજીથી, વિચાર-ચિંતન-પ્રયત્નથી અંતરમાં અધ્યાત્મનું સામ્રાજ્ય આવે છે, વિકસે છે. અધ્યાત્મભાવનો પ્રારંભ અપુનર્બંધકપણાથી થાય છે. ત્યારથી જીવ અંત-

ર્ગત ભાવો જુવે છે પણ એ અલ્પાંશે, પછી વધતા જાય છે.

આ અંતર્ગતભાવ એટલે ઔદયિક ભાવથી પર ક્ષયોપશમભાવો અને ક્ષાયિક ભાવો.

ટૂંકમાં આત્મગુણોને વિચારતો-આચરતો-અનુભવતો આત્મા ઔદયિક-કાષાયિક-વૈષયિક પરભાવ-પ્રમાદ-ગારવ-દેહમમત્વ-કુટુંબમમત્વ-કર્મમમત્વ વગેરેને વિચારણાથી છોડતો, તેનાથી રહિત આત્માના સ્વરુપનું ચિંતન કરતો, અધ્યાત્મસામ્રાજયને અનુભવતો બાકીનાને જોતો નથી. એટલે કે રાગ-દ્વેષ-મોહ-મમતાને નથી અનુભવતો. **જેટલા અંશે અધ્યાત્મ સામ્રાજ્ય અનુભવાય તેટલા અંશે બાહ્ય ભાવો સારા અને મારા રુપે ન દેખાય.**

સંપૂર્ણ અધ્યાત્મને અનુભવનારા બીજા બધાને જોતા-જાણતા હોવા છતાં રાગ-દ્વેષથી જોતા નથી. પૌદ્ગલિક સારા-નરસાને મહત્તા ન આપવાથી આ અવસ્થાએ પહોંચી શકાય. આ અવસ્થાને આત્માનો જ્ઞાનયોગ કહેવાય છે.

આ જ્ઞાનયોગ આત્મ ઉપયોગપ્રધાન છે. અવિપરીત અને અસંમોહબોધયુક્ત છે અને એથી શીઘ્ર મોક્ષ પ્રાપ્ત થાય છે.

આવા જ્ઞાનયોગમાં આત્માની પરમાત્મામાં એકતા વ્યક્ત થાય છે જે પરમાત્માની અભેદ ઉપાસના છે અને તેનાથી જીવ શુદ્ધસ્વરૂપને-પરમાત્મપદને મેળવે છે તેથી આ જ્ઞાનયોગ શ્રેષ્ઠ છે.



पूज्यपाद ગચ્છાધિપતિ આચાર્યદેવ
શ્રીમદ્વિજય જયઘોષસૂરીશ્વરજી મહારાજાનો

# સાહિત્ય વૈભવ

| | | |
|---|---|---|
| ૧. | ભાવનાનું ઉદ્યાન (ત્રીજી આવૃત્તિ) | ૨૫.૦૦ |
| ૨. | ચલો શાંતિ કે ઉપવન મેં (હિંદી) | ૧૦.૦૦ |
| ૩. | ચિત્ત સૌંદર્ય (બીજી આવૃત્તિ) | ૮.૦૦ |
| ૪. | દર્શન સુધા (બીજી આવૃત્તિ) | ૨૮.૦૦ |
| ૫. | કર્મકલંકકુ દૂર નિવારો | ૧૧.૦૦ |
| ૬. | પંચસૂત્ર સ્વાધ્યાય | ૧૦.૦૦ |
| ૭. | ચિંતન ચંદરવો (બીજી આવૃત્તિ) | ૧૬.૦૦ |
| ૮. | વહે મીઠી વાણી (ત્રીજી આવૃત્તિ) | ૧૬.૦૦ |
| ૯. | હીરો એક પાસા અનેક | ૩૦.૦૦ |
| ૧૦. | ગુરૂવંદન પચ્ચક્ખાણ ભાષ્યના રહસ્યો (બીજી આવૃત્તિ) | ૨૫.૦૦ |
| ૧૧. | એક ઉડ્ડયન મુક્તિ ભણી (બીજી આવૃત્તિ) | ૧૬.૦૦ |
| ૧૨. | પાને પાને વસંત | ૨૦.૦૦ |
| ૧૩. | અમૃતવાણી લો પીછાણી | ૧૬.૦૦ |
| ૧૪. | સાધનાથી સિદ્ધિ ભણી | ૨૫.૦૦ |
| ૧૫. | શ્રાવક જન તો તેને કહીએ | ૧૨.૦૦ |
| ૧૬. | વાચના વહેણ | ૨૫.૦૦ |
| ૧૭. | આગમ દરિયો રત્ન ભરિયો | ૪૦.૦૦ |
| ૧૮. | ગીતાર્થની વાણી અનુભવની ખાણી | ૧૬.૦૦ |
| ૧૯. | ચિંતનયાત્રાથી ચેતનયાત્રા | ૩૦.૦૦ |
| ૨૦. | ભીના હૈયાનો લીલો વૈભવ | ૨૮.૦૦ |
| ૨૧. | સફર: માનવથી મહામાનવની | ૩૦.૦૦ |
| ૨૨. | આતમ રૂપાળા ખેલ નિરાળા | ૨૫.૦૦ |

RAJUL Tel. : 514 9863, 511 0056